
# પરિમલ




## - યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-book

| | |
|---|---|
| Title | : Parimal |
| Language | : Gujarati |
| Version | : 3.0 |
| Pages | : 108 |
| Created | : May 21, 2010. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

**શ્રી યોગેશ્વરજી**

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



**"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."**



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ દઈએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ દઈએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બીજાને જ્યોતિ દઈએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બની બીજાને યાત્રા કરાવીએ

| યોગેશ્વરના આશિષ

## પ્રસ્તાવના

દુનિયાની દશા એવી જ કરુણ છે. એ દશા કરુણ તો છે જ, પરંતુ વિસ્ફોટક પણ છે. એમાં રહેનારા માનવના મનમાં ભય છે, ભેદ છે, અને અશાંતિ છે. એની સુખ તથા શાંતિથી સંપન્ન સૃષ્ટિમાં શ્વાસ લેવાની અભિલાષા આજે પણ અધુરી જ રહી છે. એ અભિલાષા સફળ કરવા કેટલાંક બળો પરિશ્રમ કરી રહ્યાં છે, તો બીજા કેટલાંક એની વિરુદ્ધ વર્તી રહ્યાં છે. એ રીતે શુભ ને અશુભ, અમંગલ ને મંગલ, બળો સંસારમાં કામ કરી રહ્યાં છે ત્યારે લેખક કે કવિનો ધર્મ શુભ ને મંગલ બળો કે તત્વોનો સાથ અથવા સહકાર દેવાનો જ હોઈ શકે, એ દેખીતું છે.

કવિતા સાહિત્ય એ રીતે માનવના મંગલનું મહામૂલ્યવાન સાધન થઈ શકે. એ સાધન કોઈ સાધારણ સાધન નથી, પરંતુ હજારોને પ્રેરણા પાનારું તથા પ્રકાશ પહોંચાડનારું અત્યંત અગત્યનું અને આશીર્વાદરૂપ સાધન છે, એ વાત સમજી લેવામાં આવે, તો કવિ અથવા સાહિત્યકાર જે લખે છે તે વિવેકયુક્ત થઇને લખે, ને તેની જાહેર રીતની રજુઆત પણ વિવેકયુક્ત રહીને જ કરે, અને એ રીતે સમાજના પરમ મંગલમાં તે પોતાનો નમ્ર છતાં અગત્યનો ફાળો આપી શકે. એ વિચારધારાને વફાદાર રહીને, મારા આ એક વિશેષ સંગ્રહને સાહિત્યરસિક જનતા સમક્ષ રજૂ કરી રહ્યો છું. આશા રાખું કે મારા અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂકેલા આવા બીજા સંગ્રહોની જેમ, આ સંગ્રહ પણ સૌને ગમી જશે.

અનંતસૂર તથા તે પછીના બીજા સંગ્રહો સામાન્ય સાહિત્યપ્રિય પ્રજાને જ નહિ, પરંતુ પ્રાધ્યાપકો, વિદ્વાનો તથા સાહિત્યકારોને પણ સંતોષ અને આનંદ આપી શક્યા છે, એ જાણીને મને આનંદ થયો છે. એ રીતે આ સંગ્રહ પણ લોકપ્રિય બનશે તો મારો લેખનશ્રમ સફળ થશે.

સુપ્રસિદ્ધ વિવેચક ને સાક્ષર શ્રી વિજયરાયભાઈનો આભાર માનવાની તક પણ અહીં પ્રસંગોપાત ઝડપી લઉં છું. એમણે આ સંગ્રહને પુરોવચનથી સુશોભિત કર્યો છે એને માટે એમને જેટલા પણ ધન્યવાદ આપું એટલા ઓછા છે.

**- યોગેશ્વર**

મુંબઈ.

## પુરોવચન

તેને સદભાગી કહીએ જેને મનુષ્ય જન્મ મળ્યો છે, જેનામાં મુમુક્ષત્વ છે અને જેને મહાપુરુષનો સમાગમ થયો છે. આમ પ્રાચીન કાળથી કહેવાતું આવ્યું છે, આમ સાધકો માનતા હોય છે, સર્વે સાચા સાધકોને એવો અનુભવ આ કલિકાળમાં પણ હોય છે. એવો અનુભવ આ લખનારને ૨૦૧૯ની વસંતપંચમીના અરસામાં થયો.

શ્રી યોગેશ્વરનું નાનું સરખું પુસ્તક 'અનંત સૂર' તો ત્યાર પહેલાં જોયું હતું. એમાંથી દેશભક્તિપ્રેરિત ગદ્યખંડ 'માનસી'ની ભાવનગર કોંગ્રેસ સ્મરણિકામાં વાંચેલો કોઇ કોઇ વાચકને યાદ હશે. એ પુસ્તકમાં એવી બીજી ૧૦૪ આત્માનુભવપ્રેરિત નાની નાની કવિત્વમય રચનાઓ છે; પ્રાર્થના; કવિની કામના; એકાંતવાસી યોગીને; સિદ્ધિ ને ભક્તિ; દેવીનું દર્શન; ધન્યતાનો માર્ગ; સમર્પણનું રહસ્ય; ફૂલની અવસ્થા ઈત્યાદિ. એમાંની થોડી વાનગી જોઇએ.

‘આ ખુલ્લા મેદાનમાં, પવનની પાંખ પર બેસીને, તું પ્રસરી રહ્યો છે, ને ઉદ્યાનના ફૂલોમાં બિંદુ બનીને બેઠો છે. આકાશની ઉષામાં તારું હૈયું ખોલીને તું રમી રહ્યો છે; ત્યારે મને પુસ્તક બાજુએ મૂકવા દે; હજારો ગ્રંથ તેં મારે માટે ઉઘાડા મૂક્યા છે.’ (પૃ. ૫૮)

એ ઉદગારોમાં જેમ, પંડિતાઈથી નહિ પણ પ્રકૃતિ દ્વારા ભક્ત ને ભગવાનનું મિલન થાય છે, તેમ, આ સરળ સચોટ વાક્યમાં એ બંનેની ભગવાન તથા ભક્તની તન્મયતા જોઈએ છીએ : ‘ને સૌથી વધારે ધન્યતા તો એ છે કે મેં તો તને મારું અંતર આપી દીધું છે, પણ તેંય મને તારા સર્વસ્વનું સમર્પણ કર્યું છે !’ (પૃ. ૭૪)

જેનું આત્મદર્શન ખરું છે અને જીવનદૃષ્ટિ વિશદ છે, જે આવું ઉચ્ચ જીવનપ્રેરક સાહિત્ય સરજી શકે છે, તે પુરુષનો જન્મ શ્રાવણ સુદ બારસના દિને, સોમવારે (તા. ૧૫મી ઓગષ્ટે) ખેતી-વ્યવસાયી બ્રાહ્મણ કુળમાં સરોડા (જિ. અમદાવાદ) નામે નાના સરખા ગામમાં થયો હતો. પોતે માતાપિતાનું એકમાત્ર પુત્રસંતાન. તેમનું વય આઠ જ વર્ષનું, ત્યારે પિતાજી મણિલાલ ભટ્ટનો સ્વર્ગવાસ થયો. પછી મુંબઇ ગયા અને છાત્રાવાસમાં રહીને વિદ્યાભ્યાસ આગળ ચલાવ્યો. કિશોરાવસ્થાથી જ તેમને આધ્યાત્મિક વાચનની અને અધ્યાત્મજીવનની તીવ્ર એષણા હતી. એ વધી, સાધના વધી તેમ તેમ. હવે પોતે માત્ર સુલેખક નહિ, માત્ર સ્નેહાળ સજ્જન નહિ, પણ જીવનમુક્ત મહાત્મા છે. આ છે અનુભવ વાક્ય, તેઓશ્રીને પિછાની શકેલા એકાદ સામાન્ય સાધકનું નહિ પણ સિદ્ધ પુરુષોનું.

વધુમાં એટલું કે હમણાં જ પ્રકાશિત આત્મકથાત્મક (એ કથા આખી તો છે આનાથીયે વધુ રસભરી, ૧૫૦ પ્રકરણની) 'શ્રેય અને સાધના'માં પોતાને અનાયાસે જ બુદ્ધ ભગવાનનાં, દેવદેવીઓનાં તથા જુદા જુદા સદેહ ને વિદેહ સંતો અને મહાત્માઓનાં દર્શન થયાનું લખ્યું છે, એવી અન્ય ઘટનાઓ વિષે લખ્યું છે તેમજ બીજું ઘણું ચમત્કારી અનુભવકથન સ્પષ્ટ તથા નિરાડંબર શૈલીમાં કર્યું છે. તે પરથી પ્રતીતિ થાય છે કે શ્રી યોગેશ્વર આજને દહાડે જગતના વિરલ પુરુષવિશેષોમાંના એક છે. અથવા એટલું જ શા માટે ? હવે આલ્મોડાનિવાસી, જન્મે યુરોપીઅન અને પૂર્વે લખનૌમાં પ્રાધ્યાપક હતા એ સિદ્ધ પુરુષ શ્રીકૃષ્ણપ્રેમને

દિલીપકુમાર રાયે એક વિસ્તૃત નિબંધમાં 'જગત પોતાનાં સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી તેવાઓમાંના એક' કહ્યા છે. એમ જ મારે શ્રી યોગેશ્વર સંબંધી પણ કહેવું છે, કહું છું.

આ બાળબ્રહ્મચારીએ મહાશાળાના અભ્યાસકાળ દરમ્યાન જ, સને ૧૯૪૧માં હિમાલય પ્રતિ પ્રસ્થાન કર્યું હતું. ત્યાં દેવપ્રયાગ નજીકની ટેકરી ઉપરની કુટિરમાં તથા દશરથાચલ પહાડ પર સતત સાત વર્ષ લગી - એમાંના પાંચ વર્ષ તો મૌનપૂર્વક, તપશ્ચર્યા તથા સાધના કરી હતી. સાધના નિમિત્તે ઉત્તરકાશી, ટીહરી આદિ હિમાલય પ્રદેશોમાં પણ ઠીકઠીક સમય સુધી રહ્યા હતા. સાધના દરમ્યાન અમુક અમુક સમયે, આત્મવિકાસની એકમેવ દ્રષ્ટિથી માત્ર પાણી પર રહીને ત્રીસ દિવસના તથા નવરાત્રિના પુણ્ય પ્રસંગોએ પણ, ઉપવાસ કર્યા હતા. એ પ્રયોગોનું સુપરિણામ પ્રાણબળની વૃદ્ધિ, ધટ્ટતા ને દ્રઢતા અને બાહ્યાન્તર જીવનની સવિશેષ ફલપ્રદ કાર્યશક્તિ, કાર્યપ્રણવતા તથા કાર્યસિદ્ધિરૂપે આવતું હોય છે તેમ આ પ્રભુના પ્રિય ભક્તના જીવનમાં પણ આવ્યું હતું.

પોતે ગયાં કેટલાંક વર્ષથી વર્ષનો મોટો ભાગ મસુરી ઋષિકેશ આદિ સ્થળોએ, ઋતુ ગમે તે હોય ત્યારે પણ, વાસો કરે છે અને ત્યાં સાધના તેમ સાહિત્યસાધના પણ અખંડ પ્રવાહે કર્યે જાય છે.

ભગવતી સરસ્વતીનો કૃપાપ્રસાદ પામેલા શ્રી યોગેશ્વરની લેખન પ્રવૃત્તિ શરૂ થઇ હતી વહેલી પણ એમનાં પ્રકાશનો ૧૯૬૦ થી થવા માંડ્યા છે. ઉપર આપણે જોયું તે 'અનંત સૂર' એમાંનું પહેલું છે. એનો પ્રકાશન સમારંભ જાણીતા પત્રકાર શ્રી રવિશંકર મહેતાના પ્રમુખપદે એ વર્ષમાં થયો હતો. એ પ્રસંગે અતિથિવિશેષ તરીકે પ્રસિદ્ધ નેતા, નિવૃત્ત રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસા બિરાજ્યા હતા.

ત્યાર પછી જે મુખ્ય ગદ્યપદ્ય કૃતિઓ અર્થસાધનની અનુકૂળતા અનુસાર પ્રકાશમાં આવી છે તે આટલી છે : શ્રીમદ્ ભગવદગીતાનું સમશ્લોકી ભાષાંતર, ચોપાઈમાં એ જ ગ્રંથનો પદ્યાનુવાદ; રોળાવૃતમાં વિષ્ણુસહસ્ત્રનામ; 'ફૂલવાડી'માં 'અનંતસૂર' જેવાં જ સુંદર ગદ્ય મુક્તકો છે. ૧૯૬૧ના એક જ વર્ષમાં તેમની તરફથી આટલું રસિક ને ચિંતનાત્મક વાડમય સાંપડ્યું છે : બાળગીતોનો સંગ્રહ 'રશ્મિ', શ્રી સાંઈબાબા વિષયક કાવ્યો 'સાંઈ સંગીત' અધ્યાત્મલક્ષી ગદ્યકાવ્યોનું પુસ્તક 'સનાતન સંગીત'; અને ઊંચી ભૂમિકાઓથી કરેલું, સુપાત્ર વાચકવર્ગને આત્મબલપોષક નીવડે તેવું, ગીતાવિવરણ નામે 'જીવન વિકાસના સોપાન' ભાગ પહેલો તથા બીજો.

ત્યાર પછી ૧૯૬૨માં દેશપ્રેમનાં ગીતોનો પ્રેરણાદાયક સંગ્રહ 'હિમાલય અમારો' કવિની એ નગાધિરાજ પ્રદેશની આત્મસાધનાના ફલરૂપ, તેમ જ દુર્દૈવયોગે એ સ્થળે દેશ પર આવેલ વિપત્તિના કારણે સવિશેષ પ્રસંગોચિત, પ્રકટ થયો છે.

આ સાલનાં હમણાં સુધીના ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્જનો આ ત્રણ છે : નવલકથાઓ 'યોગાનુયોગ' તથા 'પરભવની પ્રીત'; અને 'શ્રેય અને સાધના'. પોતાની ૧૫૦ પ્રકરણો પર પથરાયેલી, આત્મકથા સાહિત્યમાં મહત્વનું સ્થાન પામશે તેવી અપ્રકટ આત્મકથા 'પ્રકાશને પંથે'માંથી વીણેલા પ્રકરણોની વાનગી જેમાં અપાઈ છે તે, કર્તાના અન્ય બધાં પુસ્તકોની જેમ રમણીય અન્તરંગ તેવા જ રમણીય રૂપરંગયુક્ત છે 'શ્રેય અને સાધના'. આના જેવા આધ્યાત્મિક અનુભવો તથા મહાત્માઓનાં દર્શનો ને પ્રસંગોના સત્યૈકલક્ષી સહજભાવી વિરલ ગ્રન્થ સમકાલીન ભારતી વાડમયમાં વિરલ છે.

હવે વારો આવે છે, સહજ અનુભૂતિમાંથી ઉદભવેલી તેમજ વિશદ અભિવ્યક્તિવાળી રચનાઓના સમ્યક ચયનરૂપ આ 'પરિમલ'નો. એ વારો છે મારી કસોટીનો. ખરું કહું છું કે આ રસે ભર્યા, સૌરભવન્તાં આત્મરંગી પુષ્પોનો રસાસ્વાદ જેમ વધુ લઉં છું તેમ તેમ એના સત્વસારના મીઠા ઘેનમાં જ રહું છું, રહ્યા કરવાનું મન થાય છે. અને રવીન્દ્રનાથની કવિતાની વારંવાર યાદ આપતાં તથાપિ સર્વાંશે મૌલિક વાણીપુષ્પોનું રસવિવેચન યથોચિત રીતે કરવાની મારી શક્તિ નથી, હોય તો પણ ઓછી અધૂરી છે એમ અનુભવું છું.

ત્યારે વાચક ! ‘કર કંકણને આરસીની શી જરૂર ?’ એટલું જ કહીને આ ઝરણીમાંથી શાહીને વધુ ઝરતી અટકાવું ? .... તું એટલેથી છોડે તો પણ આ કૃતિના કર્તા મને ક્યાં છોડે તેમ છે ? તો ચાલ, વાચકમિત્ર ! તેમની જ સહાયતાથી આગળ વધીએ - જાણે ‘તેરા ધરમ તેરે દુવાર’ કરીને, કરતાં કરતાં.

‘મારા જરી જેટલા જીવનમાં’ એ શીર્ષકની ત્યાસીમી રચના આખા સંગ્રહની અમુક અંશે ચાવીરૂપ લાગે છે. કવિ-આત્મના હૃદયપુષ્પનો પરિમલ એમાંથી લાક્ષણિક નમ્રતાથી તો પણ સ્પષ્ટતયા પ્રભુને વીનવે છે કે પોતાની જીવનમાં બીજું બધું હશે પણ તમે નહિ હો, તો તે મારા જીવનને જ્યોતિમય કરનાર, જીવન બનાવનાર ભાગ્યે જ થશે. કવિ વાંછે છે કે પ્રભુનું મંગલ દર્શન થશે, સ્વર્ગસુખને ક્ષુલ્લક બનાવનારું તેનું સરસ સ્મિત હશે અને તેનો મળશે સુધાસ્વાદને નિસ્સાર કરનાર સ્પર્શ; વળી પમાશે ‘પેલો પ્રબળ, પરમ પ્રબળ, પતિતપાવન પ્રેમ, તો મારું શરીરધારણ સફળ થશે, જીવન ઉજ્જવલ બનશે ને બધી ખોટ ભરપાઈ થશે.’ અન્તે ખરો ભક્તકવિ જ સહજ ગૌરવથી પ્રાર્થી શકે તેવી પ્રગલ્ભ વાણીમાં કહે છે કે તમારા રૂપદર્શને, પારાવાર પ્રેમ વડે અને સુંદરતાના સ્વાદે ‘મારા અંતરને એવું તો સંતૃપ્ત ને સુખી કરો, કે તમારા હૃદયને પણ મારા પ્રેમને પ્રમાણવા બદલ શાંતિ થશે!’

એ સરસ કાવ્યના જેવી અને વાચનની ક્ષણે ક્ષણે નવતાંના, ભાવાર્દ્રતાના અને રમણીયતાનાં - આલ્હાદક વિવિધતાનાં સંવેદન અન્ય રચનાઓમાં કરવા પ્રિય વાંચનાર ! હવે સહૃદયતાથી, ઉત્સાહપૂર્વક વગર વિલંબે વધ, આગળ ને આગળ વધ. એ ‘યાત્રા હજો શુભમુખી તવ ઉર્ધ્વગામી.’

**- વિજયરાય ક. વૈદ્ય**

ઋષિકેશ.

<u>**અનુક્રમ**</u>



૧. સંગ્રહનું સમર્પણ
૨. પ્રેમની કલ્પના
૩. તો પણ શું ?
૪. કવિએ ગાયું
૫. ભ્રમર ફૂલ
૬. ધરતીની ગાદી
૭. કમળ ને કવિ
૮. ખબર નથી એટલું
૯. સફરનું સાર્થક્ય
૧૦. પુનિત પ્રાર્થના
૧૧. તમારી સંનિધિમાં
૧૨. અપરિવર્તનશીલ અનુરાગ
૧૩. જ્યોતિષી ને ફિલસુફ
૧૪. અભિપ્સા
૧૫. જીવનમાં સર્વસ્વ
૧૬. આશ્ચર્ય
૧૭. દરિયા જેવું દિલ
૧૮. કયી ધન્ય ઘડીએ
૧૯. કેમ ચાલશે ?
૨૦. ગંગાનું ગુમાન
૨૧. શબરીની સ્મૃતિ
૨૨. અનંતકાળના કવિને
૨૩. ભૂલનો સંભવ
૨૪. મારું ઉડ્ડયન
૨૫. સનાતન સ્નેહ
૨૬. ઈશ્વરની સૃષ્ટિ
૨૭. અંતરને
૨૮. પ્રવાસીને
૨૯. દીપકનો પ્રકાશ
૩૦. દીપ બૂઝાશે તો નહીંને ?
૩૧. શાને વિલંબ ને શેની ચિંતા
૩૨. શરીરની સહાયથી જ
૩૩. આકાંક્ષા
૩૪. પુષ્પોને પેખીને
૩૫. પ્રવાસી માનવને
૩૬. વરસાદી વાતાવરણ
૩૭. માનવને
૩૮. મંદિરમાં જ શ્વાસ લઉં છું
૩૯. મારી પસંદગી
૪૦. સન્માનની સુમનાંજલિ
૪૧. અંત નથી આવવાનો
૪૨. જેવાં છો તેવાં
૪૩. એક જ હાથનું છેટું
૪૪. બે દૃશ્યો
૪૫. સંસારનું સ્વરૂપ
૪૬. ભૂલવા અસમર્થ
૪૭. જીવન ને મરણ
૪૮. કવિતાની કમનીયતા
૪૯. રક્ષા કરો
૫૦. માટે જ મેં માગ્યું છે
૫૧. અખંડ આરાધના
૫૨. સંસ્મરણની સામગ્રી
૫૩. મધુમયી મહીની કલ્પના
૫૪. યુદ્ધના આરે ઊભેલાને
૫૫. અભિલાષા
૫૬. તમારી સ્મૃતિ
૫૭. કયી વાતની કમી
૫૮. અમાસની અંધારી રાતે
૫૯. સંગીતબિંદુ
૬૦. કવિને

૬૧. કહીશ કે કોણ છે ?
૬૨. મારી કલાત્મક કવિતા
૬૩. આકાંક્ષાની અભિવ્યક્તિ
૬૪. સ્નેહનાં સ્વરૂપ
૬૫. મહાગીતનો ગાયક કવિ
૬૬. કવિનું ગીત
૬૭. મહોત્સવનો આનંદ
૬૮. વરસો પહેલાં વાગેલી વાંસળી
૬૯. કવિસમ્રાટની કવિતા
૭૦. કૃપાની કામના
૭૧. પ્રીત ને પ્રસન્નતાની કથા
૭૨. હું તો સદાને સારુ
૭૩. મહાયજ્ઞનું મંડાણ
૭૪. સાધકને
૭૫. અરુણોદય માટેની પ્રાર્થના
૭૬. સફરનો સંદેશો
૭૭. અંતર્યામીને અરજ
૭૮. પૂર્ણતાના પંથનો પ્રવાસ
૭૯. આશાની વાણી
૮૦. કવિની યુક્તિ
૮૧. પ્રેમ
૮૨. આપણો અનુરાગ
૮૩. મારા જરી જેટલા જીવનમાં
૮૪. સ્નેહનું સુમન
૮૫. તો પણ ઘણું છે
૮૬. પ્રશ્નોની પરંપરા
૮૭. ભ્રમર ને ફૂલ
૮૮. ગંગાસ્નાનની ભાવના
૮૯. પુનિત પળની પ્રતિક્ષા
૯૦. સાગર ને જીવન
૯૧. કરુણા ને પ્રેમની પ્રસાદી
૯૨. કવિતાની રચના
૯૩. સર્વોત્તમ શ્રાદ્ધ
૯૪. એકતા
૯૫. દેવોના પરમપ્રિય દેશ
૯૬. છેલ્લો સંદેશો



* * * * *

## ૧. સંગ્રહનું સમર્પણ

સૃષ્ટિના આ સુંદર સમારંભમાં તમે મને તમારા પ્રેમી થવાનું, ગીત ગાવાનું, ને તમારા મંગલમય મહિમાને પ્રસારિત કરવાનું મહાકાર્ય સોંપ્યું છે, ને તે કાર્ય હું મારી સમગ્ર શક્તિથી તથા પર્યાપ્ત પ્રામાણિકતાથી કરી રહ્યો છું.

મારા કાર્યમાં પરિપૂર્ણતા છે એમ નથી કહેતો. ના, એવો દાવો મેં કદીપણ નથી કર્યો. એની અંદર ત્રુટિ રહી હશે, ને રહી જાય એ સ્વાભાવિક છે. પરંતુ જે ફરજ મારે ફાળે આવી છે, તેને મેં મારી સમગ્ર શક્તિ, સંપૂર્ણ સમજ ને સર્વોત્તમ સ્નેહવૃત્તિથી બને તેટલી પરિપૂર્ણ રીતે પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે, એ નિર્વિવાદ છે.

મારા કાર્યની સફળતાનો યશ તમને ઘટે છે; કેમ કે તમારી જ પ્રેરણાથી તેનો પ્રારંભ થયો છે; તમારી જ શક્તિથી તેનું પોષણ થયું છે; ને તમારા સર્વશ્રેષ્ઠ સ્વરૂપમાં સમાવિષ્ટ થવામાં જ તેની પૂર્ણાહુતિ છે. તે તમારું તથા તમારે જ માટે છે. ને મારી પાસે એવું શું છે જે તમારે માટે ના હોય ? મારું સમસ્ત જીવન જ શું તમારે માટે નથી ?

એ જીવનના પડછંદા જેવા, અથવા પરિમલ સરખા આ પદ્યસંગ્રહને તમારી સેવામાં સમર્પિત કરી રહ્યો છું : ઉષા જેવી રીતે પોતાનું સર્વસ્વ પેલા સૂર્યના શ્રીચરણે સમર્પિત કરે છે તેમ.

* * * * *

## ૨. પ્રેમની કલ્પના

મારા પ્રાણમાં પડેલા તમારા પ્રેમપારાવારની કલ્પના પણ કરી શકો છો ? એને શાની સાથે સરખાવું એની સંપૂર્ણ સમજ મને નથી પડતી.

પૃથ્વીના પોણાભાગમાં દરિયો છે; પરંતુ તે તો ખારો છે; જ્યારે મારો પ્રેમ તો મારા અણુ ને પરમાણુમાં, જીવનના પ્રત્યેક પાસામાં પ્રસરી ચૂક્યો છે, તથા મધુથી પણ મીઠો છે. એમાં ભરતી ભલે આવ્યા કરે, પણ ઓટ એને નથી અડતી.

સરિતાનું સલીલ છે તો સ્વાદુ, પરંતુ સીમિત છે. એને મારા અસીમ એવા અનુરાગની સાથે કેવી રીતે સરખાવી શકું ? સરિતા તો વરસાદને લીધે જ મદોન્મત્ત બને છે : જ્યારે મારો અનુરાગ તો આઠે પહોર, એકધારો ચાલ્યા કરે છે.

પરિમલ પાવન પુષ્પો પણ કાયમને કાજે આવાં ને આવાં પ્રફુલ્લ ક્યાં રહી શકે છે ? કુદરતને ખોળે ખેલનારાં વિહંગ પણ કાયમનો કિલ્લોલ ક્યાં કરી શકે છે? ને સ્વયં કુદરત પણ એકસરખી સુંદર, સુખમય ને સ્વર્ગીય ક્યાં રહી શકે છે ? પુષ્પો પ્રકટી કે ખીલીને કરમાય છે, વિહંગના કિલકિલાટ પણ શાંત થાય છે, ને પરિવર્તનશીલ પ્રકૃતિ પોતે પણ પળેપળે પલટાય છે. મારા સ્નેહને એમની સાથે પણ શી રીતે સરખાવી શકું?

સાચે કહું તો એનું કોઈ સામ્ય જ નથી. એ અનેરો છે, અનન્ય છે, અને અનન્ય રહે એમાં જ એની વિશેષતા છે. હા, એમ કહી શકું કે એ તમારે કે તમારે માટેનો છે. એ ભલે ઉપમારહિત રહે, કવિની ક્રાંતદર્શી દૃષ્ટિથી દૂર કે કલ્પનાતીત રહે; એમાં જ એની અધિકતા અથવા અલૌકિકતા છે.

* * * * *

## ૩. તો પણ શું ?

તને મળવા ના આવે તો પણ શું ?

તારે નિરાશ થવાનું કારણ નથી. સમય આવશે ને એ જ તને મળવા માટે મનોરથ કરશે, તલપાપડ બનશે.

તારી સામે ના જુએ તો પણ શું ?

તારે ઓછું લાવવાનું કોઈ કારણ નથી. સમય આવતાં એ જ તારા દર્શન માટે ને તને આંખ ભરીભરીને જોવા માટે તત્પર થશે; એમાં પોતાનું સૌભાગ્ય સમજશે.

એ તારી નિંદા કરે ને તિરસ્કારે તો પણ શું ?

સમય આવશે ને એ જ તારી સ્તુતિ કરશે, ને તને સન્માવવા આગળ આવશે; એને પોતાના જીવનનો આનંદ માનશે.

એ તારી વાત ના સાંભળે, ને તારી સામે ધૂળ ઉડાડે, તો પણ શું ?

સમય આવતાં એ તારા પથપ્રદર્શન માટે પડાપડી કરશે; તારા ચરણને પાવન ગણશે.

અને એમાંનું કશુંયે ના થાય તો પણ શું ?

* * * * *

## ૪. કવિએ ગાયું

પ્રભાતના પ્રથમ પ્રહરમાં, પર્વતની પંક્તિ પાછળથી પ્રકટેલા પ્રભાકરને પેખીને, પ્રવાસીનો પ્રાણ પ્રફુલ્લી ઊઠ્યો. ફૂલવાડીના ફોરમવંતાં ફૂલ ફોરમને ફેલવતાં ખીલી ઊઠ્યાં. સરિતાનાં સલિલ સુધાસભર થઈને સરવા લાગ્યાં.

ત્યારે કવિએ કવિતા કરતાં ગાયું, હે પ્રભાકરનાયે પ્રભાકર ! અવનીનાં આત્માને આલોકિત કરીને અવનવો આહ્લાદ આપવાનો અસાધારણ લહાવો મને લેવા દે ! એ માટે મારા જીવનની ફૂલવાડીમાં ફોરમવંતા ફૂલની સૃષ્ટિ કરી દે અને આત્માને અમૃતના આસ્વાદનો એવો આનંદ દે કે એ તો કૃતાર્થ થાય જ, પરંતુ બીજા અનેકને પણ કૃતાર્થતાનું દાન દે.

પ્રભાતના પ્રથમ પ્રહરમાં, પર્વતની પંક્તિ પાછળથી પ્રકટેલા પ્રભાકરને પેખીને, પ્રવાસીનો પ્રાણ પ્રફુલ્લી ઊઠ્યો, ત્યારે કવિએ કવિતા કરતાં ગાયું.

* * * * *

## ૫. ભ્રમર ને ફૂલ

ફૂલવાડીમાં ફોરમનો સ્વાદ લેતાં એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઊડી રહેલા ભ્રમરને એક સુંદર ને સુવાસિત ફૂલે કહ્યું, તું તો ચંચળ છે. એક ઠેકાણે સ્થિર જ નથી રહેતો. કોઈની તો માયા કર; કોઈના કાળજામાં તો કેદ થા; કે કોઈની પાછળ તો પાગલ બન. ખરેખર તું ચંચળ છે !

ભ્રમરે કહ્યું : જગત આખું ચંચળ છે, પરિવર્તનશીલ છે. એમાં કોની માયા ને કોની સાથે મમતા ? એ જ્ઞાન લાધ્યું છે ત્યારથી હું એક ઠેકાણે ઠરીને નથી બેસતો, કે ક્યાંય કેદ નથી બનતો. મને ના સમજનારા મને ચંચળ કહે છે. પણ રસિકતા લઈને ફરવું ને કેદ ના થવું, એમાં કાંઈ ઓછા મનોબળની જરૂર નથી પડતી.

ફૂલનો ભાવ એ ભ્રમર માટે વધી પડ્યો. એની દૃષ્ટિ જ બદલાઈ ગઈ.

* * * * *

## ૬. ધરતીની ગાદી

કવિઓએ ધરતીનો મહિમા ગાયો, ને પ્રશંસકોએ એની પૂજા કરી, એ જોઇને આકાશમંડળના એક તારાને થયું કે હું પણ ધરતી થઊં તો કેવું સારું ! મારો તો કોઈ ભાવ જ પૂછતું નથી !

પોતાની ભાવના એણે બ્રહ્માની આગળ રજૂ કરી; ને બ્રહ્માએ તેને થોડા વખત માટે ધરતીની ગાદી પ્રદાન કરી.

પરંતુ સ્વલ્પ સમયમાં જ તેની મૂંઝવણ તથા પીડાનો પાર ના રહ્યો. તેણે જોયું કે આ ગાદી કાંઈ સુખશાંતિની નથી. પ્રચંડ પર્વતોનો ભાર તેણે સહન કરવાનો હતો, વિશાળ સમુદ્રોને સંયમમાં રાખવાના હતા, ટાઢ, તાપ, ધરતીકંપ, વરસાદ ને વાવાઝોડાં સહેવાનાં હતાં, અનેક જીવોને ધારણ કરવાના હતા, ને પ્રહાર, પાપ તથા ગંદકીની વચ્ચે પણ મૂંગે મોઢે શ્વાસ લેવાનો હતો. પૂજા ને પ્રશંસા કરનારા તો થોડા જ હતા.

અશાંતિમાં શાંતિ રાખનારી એ સંયમી ધરતી માટે ત્યારે એનો આદરભાવ વધી ગયો, અને એનું અભિવાદન કરીને તથા એની ગાદી સુપ્રત કરીને પોતે બ્રહ્માની રજા લઈને પોતાના મૂળ સ્થાને પાછો ફર્યો.

* * * * *



## ૭. કમળ ને કવિ

શરદની એક સોનેરી સવારે, એ એકાંત ઉપવનની મેં મુલાકાત લીધી. ઉપવનને એક છેડે સુંદર સરોવર હતું, ને એમાં એક અત્યંત આકર્ષક કમળ ખીલી ઊઠેલું.

એની શ્રી ને સરસતાથી મારું હૈયું હિલોળે ચઢ્યું. થોડીવાર પછી મેં એને કહ્યું, પ્યારા કમળ ! આટલું બધું સુંદર હોવા છતાં આ એકાંત ઉપવનમાં કેમ પડી રહ્યું છે ? તારું સ્થાન તો કોઈક રમણીય રાજપ્રાસાદમાં કે દૈવી દેવમંદિરમાં જ હોય.

કમળે કહ્યું, કવિ ! તારી વાત બરાબર હશે; પણ એકલ-દોકલ અને અનાથને આનંદ આપનાર પણ કોઈક જોઈએ ને ? જીવનનો સાચો સંતોષ મને એમાં જ લાગે છે - એ સેવામાં, વળી તારા જેવા કોમળ કાળજાના કો'ક કવિ આ કેડી પર કોઇકવાર આવી ચઢે છે, ને મને જોઇને કવિતા કરે છે. એથી મને અપાર, અલૌકિક, અવર્ણનીય, આનંદ મળે છે.

* * * * *

## ૮. ખબર નથી એટલું જ

નિરાશા શા માટે થાય છે ? તને જે નિરાશા લાગે છે, તેમાં જ આશાનું અવનવું બીજ રહેલું છે. તને તેની ખબર નથી એટલું જ. નિરાશ શા માટે થાય છે ?

ચિંતાતુર શા માટે બને છે ? તને જે ચિંતાનું કારણ લાગે છે, તેમાં જ તારા જીવનની નિશ્ચિંતતાનું સામ્રાજ્ય સમાયેલું છે. તને તેની ખબર નથી એટલું જ. ચિંતાતુર શા માટે બને છે ?

આંસુ શા માટે સારે છે ? તને જે આંસુનું સ્થાન લાગે છે, તેમાં જ તારા આનંદનું અલૌકિક ઉદભવસ્થાન રહેલું છે. તને તેની ખબર નથી એટલું જ. આંસુ શા માટે સારે છે ?

પરાજયની પીડામાં શા માટે પડે છે ? તને જે પરાજય લાગે છે, તેમાં જ તારા વિજયની નિશાની રહેલી છે. તને તેની ખબર નથી એટલું જ. પરાજયની પીડામાં શા માટે પડે છે ?

* * * * *

## ૯. સફરનું સાર્થક્ય

પૃથ્વીના આ પુણ્યપ્રવાસે નીકળ્યો છું ત્યારે, પથ પર પગલાં પાડતાંની સાથે જ, અનેક અવનવી વસ્તુનું મેં દર્શન કર્યું. ને જેમ જેમ પ્રવાસ આગળ વધતો ગયો, ને પંથ કપાતો ગયો તેમ તેમ, આનંદદાયક, અલૌકિક અને આશ્ચર્યમાં નાંખી દેનારી, બીજી કેટલીક વ્યક્તિ તથા વસ્તુનો મને સુખદ સમાગમ થયો.

એ બધાને લીધે મહીમંડળની મારી મહાયાત્રા મધુમય બની ને સફળ થઈ છે. જીવન મારે માટે રસાળ ને અનેરું બન્યું છે, ને જીવવા જેવું થયું છે.

પરંતુ જે એક વસ્તુથી એ કૃતાર્થ થઈ શક્યું છે ને સુધાસમું બન્યું છે, ને જેના વિના એની કીમત કોડીની પણ ના હોત, તે તો તમે છો. તમારો પ્રેમ ને મેળાપ મારા જીવનમાં સુવર્ણાક્ષરે ને સદાને સારું અંકિત થઈ ચુક્યો છે, ને અનેકવાર કહ્યું છે તેમ આજે પણ કહેવા દો કે એને લીધે, ને એક એને જ લીધે; મારું જીવન જીવવા જેવું થયું છે - મારી સફરનું સાર્થક્ય થયું છે.

* * * * *

## ૧૦. પુનિત પ્રાર્થના

મારા જીવનમાં બીજું બધું જ જતું રહ્યું છે, પણ તમારો આટલો સ્નેહસંબંધ ચાલુ રાખજો, સનાતન રાખજો એવી મારી પ્રાર્થના છે. આજના પુનિત પ્રભાતે એટલી પ્રાર્થના છે.

સૂના હૈયાને એથી હૂંફ મળશે, શાંતિ સાંપડશે, ને એકલવાયું જીવન મધુમય તથા આનંદી બનશે.

કરમાવા માંડેલી વનરાજિ સલિલના સુધામય સીંચનથી ખીલી ઉઠે છે ને જીવન લભે છે, તેમ મારું સર્વકાંઈ તમારા સ્નેહસીંચનથી ખીલી ઉઠશે અને અવનવું બનશે.

મારા જીવનમાં બીજું બધું જ જતું રહ્યું છે, પણ તમારું અમૃતમય, અલૌકિક આસન અમર રાખજો, તમારો અનુરાગ અમર રાખજો, એવી મારી પ્રાર્થના છે. આજના પુનિત પ્રભાતે એટલી પ્રાર્થના છે.

* * * * *

## ૧૧. તમારી સંનિધિમાં

તમારી સંનિધિમાં મારી દશા કેવી થઈ જાય છે તેની તમને ખબર છે ? ચંદ્રને જોઈને જેમ આ શાંત છતાં સ્નેહછલેલાં અબ્ધિનું અણુએ અણુ ઉછાળા મારે છે, અને એની મંત્રમુગ્ધતાનો પાર નથી રહેતો, તેમ મારું સર્વકાંઈ તમને નિહાળીને હાલી ઉઠે છે, ને ઉછળવા માંડે છે.

નિર્વાત મંદિરમાં જલી રહેલી દીપકની જ્યોતની જેમ, મારા પ્રાણની પ્રેમળ જ્યોત અખંડ રીતે જલ્યા કરે છે. તે તમારું જ ધ્યાન ધરે છે, ને તમારા વિશ્વમોહન રૂપને જોયા કરે છે. મારી બધી જ ચંચળતા ચાલી જાય છે, અસ્થિરતાનો અંત આવે છે, અને અશાંતિ દૂર થાય છે.

એવો છે તમારા પ્રેમનો - તમારી પ્રત્યક્ષતાનો પ્રભાવ. સ્વર્ગ કે વૈકુંઠ ને મુક્તિ મને ત્યારે દૂર નથી લાગતાં કે કલ્પનામય નથી જણાતાં. મારે માટે એ આ જ સંસારમાં સાકાર થાય છે. અથવા કહો કે એથી પણ અલૌકિક, અનેરા, અનિર્વચનીય, અમૃતમય, લોકનું નિર્માણ થાય છે !

* * * * *

## ૧૨. અપરિવર્તનશીલ અનુરાગ

આ પરિવર્તનશીલ પૃથ્વીમાં, પળેપળે ને પદેપદે, પરિવર્તન થઈ રહ્યું છે. જે આજે દેખાય છે તે કાલે એની એ અવસ્થામાં નથી રહેતું, ને જે કાલે હતું તે આજે એવા રૂપમાં નથી દેખાતું. ઉષા, સંધ્યા, સૂર્ય, ચંદ્ર ને તારા તથા અવિકારી જેવા આકાશમાં પણ પરિવર્તન થયા કરે છે.

આ પરિવર્તનશીલ પૃથ્વીમાં, પળેપળે ને પદેપદે, પરિવર્તન થઈ રહ્યું છે. સરોવરમાં આ સોળે કળાએ ખીલી ઉઠેલાં કમળ સંધ્યા સમયે આવાં ને આવાં કળામય ક્યાં રહી શકવાનાં છે ? ને આ ફોરમવંતા ફૂલો પણ આખરે તો કરમાઈ જશે. જતી રહેતી જુવાનીની જેમ આ વસંત પણ વિલય પામશે, ને પાનખરનો પ્રારંભ થશે. મદોન્મત્ત બનીને સિંધુની દિશામાં અભિસરણ કરનારી સરિતા પણ છેવટે વિરહની વેદનામાં વ્યથિત થઈને સુકાઈ જશે.

પણ આપણા સ્નેહના સંબંધમાં એ નિયમ લાગુ નહિ પડે. એ તો આવો જ રહેશે, સદાને સારુ આવો જ અખંડ રહેશે, ને સનાતન રહીને સ્મિત કરશે.

આ પરિવર્તનશીલ પૃથ્વીમાં, પળેપળે ને પદેપદે, પરિવર્તન થઈ રહ્યું છે, વિનાશનું તાંડવ ખેલાઈ રહ્યું છે. પણ આપણા અમૃતમય અનુરાગનું એવું નહિ બને : એમાં ઓટ નહિ આવે, એ કદી પણ, કોઈયે કારણે મૃતઃપ્રાય નહિ બને.

* * * * *

## ૧૩. જ્યોતિષી અને ફિલસૂફ

સાગરના વિશાળ તટ પરના મહેલ જેવા મકાનમાં એક ફિલસૂફ રહેતો હતો. ભૂત ને ભાવિને પરિપૂર્ણપણે જાણવાનો દાવો કરનારા એક જ્યોતિષીએ એની મુલાકાત લીધી, ને એને કહ્યું, 'તમારી ઈચ્છા હોય તો હું તમારા વહી ગયેલા ને હવે પછી પ્રકટ થનારા જીવનનો નક્શો દોરી શકું તેમ છું, તમારા ભૂત ને ભાવિ પ્રસંગોનો ચિતાર આપી શકું છું.'

ફિલસૂફે કહ્યું, 'તમારી આ જ પદ્ધતિ મને પસંદ નથી પડતી. તમે ભૂત ને ભાવિની આસપાસ ભમ્યા કરો છો, અને આશા ને ચિંતા, હર્ષ ને શોકની સૃષ્ટિ કરો છો, જ્યારે હું વર્તમાનનો લૂંટાય તેટલો રસ લૂંટ્યા કરું છું, અને એમાં જ સંતુષ્ટ રહું છું. એટલે જ કોઈ જ્યોતિષીની મુલાકાત મેં આજ લગી નથી લીધી.'

જ્યોતિષીને માટે એ ખુલાસો તદ્દન નવા પ્રકારનો થઈ પડ્યો, અને એ ફિલસૂફને વંદન કરીને શાંતિથી વિદાય થયો.

* * * * *

## ૧૪. અભિપ્સા

જે કાંઈ થાય છે તે તમારી ઈચ્છા કે યોજના પ્રમાણે થયા કરે છે. જે કાંઈ થવાનું છે તે પણ તે પ્રમાણે જ થયા કરશે, એટલે એની ચિંતા કરવાનું મેં મૂકી દીધું છે. તમે જે કરો છો કે કરશો તે મારા મંગલને માટે જ છે ને હશે, એવો મારો વિશ્વાસ છે.

જડ જીવ તમારી ઈચ્છા કે યોજનાને નથી જાણી શકતો. પણ તમારી કૃપા ને અપાર કૃપા છે કે તમે મને તે વિશે પહેલેથી જણાવી દો છો. ભૂત, વર્તમાન ને ભાવિના પ્રસંગોના પડદા તમે મારી આગળ ખુલ્લા કરો છો, ને તમારી યોજનાને પહેલેથી જ સમજાવી દો છો.

એટલે મારી બધી જ ભ્રમણા ભાગી ગઈ છે, ને ચિંતા કે ભીતિ પણ ટળી ગઈ છે. તમે જે ધાર્યું છે તે થવાનું જ છે, ને તે જ થવાનું છે, એમાં મને લવલેશ શંકા નથી. એટલે હું તમારા વિધાનમાં રાજી રહું છું, ને તમે જે કરો ને ઘાટ ઘડો છો તેને તટસ્થ રીતે જોયા કરું છું.

તમારી ઈચ્છાનો મારા જીવનમાં વિજય થયો છે; ને સદાયે વિજય હો, એ જ મારી અભિપ્સા છે. તમારી ઈચ્છા જ સર્વોપરિ, સત્ય ને યશસ્વી હો !

* * * * *

## ૧૫. જીવનનાં સર્વસ્વ

તમે મારા જીવનનાં ધ્રુવપદ બનીને બેસી ગયા છો. મારું કવન જ નહિ, જીવન પણ તમારી આસપાસ ફર્યા કરે છે, તમારા આધારે ટક્યા કરે છે, ને તમારી અંદરથી અંનત અથવા અસીમ શક્તિ ને પ્રેરણાની પ્રાપ્તિ કર્યા કરે છે.

એવો અતૂટ, અખૂટ, અનેરો અથવા અવર્ણનીય છે આપણો અનુરાગ. સંસારમાં એની સરખામણી બીજા કશાની સાથે થઈ શકે તેમ નથી.

સાગરનું સંગીત જેમ કેમે કરી કે કોઈએ કાળે શમતું નથી, તેમ મારા સ્નેહનું સંગીત પણ સનાતન છે. એમાં ભરતી જ ભરતી આવ્યા કરે છે, અને ઓટ સ્વપ્ને પણ નથી આવતી.

તમે મારા જીવનમાં સર્વસ્વ બનીને બેસી ગયાં છો. મારા સ્વર ને તાલ, ભાવ, અર્થ ને અલંકાર એક તમે જ છો. મારું કવન જ નહિ, જીવન પણ તમારી આસપાસ ફર્યા કરે છે, તમારા આધારે ટક્યા કરે છે, ને તમારી અંદરથી અનંત અથવા અસીમ શક્તિ ને પ્રેરણાની પ્રાપ્તિ કરે છે.

* * * * *

## ૧૬. આશ્ચર્ય

જેને તારે માટે આટલો બધો પ્રેમ છે, અપાર અનુરાગ છે, તેનાથી જ તું દૂર રહે છે, એના જેવું આશ્ચર્ય બીજું કયું હોઈ શકે ?

જે તને મળવા માટે મનોરથ કરે છે, ને તારી સાથે સદાને સારુ શ્વાસ લેવાનાં સ્વપ્નાં સેવે છે : જે તારી પરિપૂર્ણ પ્રસન્નતાને પામવાના ઘાટ ઘડે છે, ને તારા અમીમય આલિંગનમાં એક થવા માટે અશ્રુ સારીને ઝંખે છે, તેની સંભાળ ને સંપૂર્ણ સંભાળ તારાથી નથી લઈ શકાતી, એ કેટલું બધું આશ્ચર્ય છે ?

જે તારી પાછળ પાગલ છે; ને જેનું દિવાનું દિલ દિલરુબા બનીને તારા દૈવી ધ્વનિથી દ્રવી ઉઠે છે : જેના હૃદયમાં ને રોમેરોમમાં એક તારા જ રાગની રસછોળ ઉડ્યા કરે છે, પ્રાણના પાવન પ્રદેશમાંથી તારો જ પ્રેમપ્રવાહ છૂટ્યા કરે છે, ને જેને તારા વિના શ્રેય કે પ્રેય બીજું કોઈ જ નથી : એને માટે તારો પ્રાણ નથી પીગળતો એ એક આશ્ચર્ય, અરે આશ્ચર્યોનું પણ આશ્ચર્ય છે.

ઊઠ, મારા પ્રાણધાર, તું બીજા કશાથી ના પલળ કે ના પીગળ, પણ પ્રેમથી તો પલળ ! એ વિના તારું મહત્વ શું રહેશે, ને તને સ્નેહ ને સહાનુભૂતિનો સિંધુ પણ કોણ કહેશે ?

* * * * *

## ૧૭. દરિયા જેવું દિલ

નાનું દિલ, પણ છે દરિયા જેવું. એનામાં ઊંડાણ ઘણું છે, અને છે પણ અત્યંત વિશાળ.

ભાવની ભરતી એની અંદર આવ્યા કરે છે, અહોનિશ આવ્યા કરે છે; ને શાંત છતાં સુમધુર, સનાતન, સુખદાયક સંગીતસ્વરમાં, પોતાના પ્રાણને એ ઠાલવ્યા કરે છે.

ઉપર ઉપરથી નજર નાખનારને એમાં સલિલ સિવાય બીજું કાંઈ જ નહિ દેખાય. પણ એની અંદર ન જાણે કેટકેટલાં મોતી ભર્યાં છે; પ્રેરણાના અમર અમૃતદાને એણે ન જાણે કેટલાને જીવન ધર્યાં છે !

નાનું દિલ, પણ છે દરિયા જેવું : અસીમ, અમાપ, અગાધ, દૈવી દરિયા જેવું.

* * * * *

## ૧૮. કયી ધન્ય ઘડીએ

કયી ધન્ય ઘડીએ, કયી પાવન પળે, મારા દિલને તમે તૈયાર કર્યું છે, તેની મને ખબર નથી. કયી ધન્ય ઘડીએ ને કયી પુણ્યવાન પળે !

જગતમાં જેનો જોટો ના જડે એવું અનેરું ને અનુપમ છે એ દિલ. એનો અનુરાગ અને એની આકાંક્ષા, એની નિર્મળતા ને એની નિષ્ઠા, બધું જ અજોડ છે. અને એ બધા કરતાં પણ એની અંદર અંકિત થયેલી તમારી મંગલમય, મનહર, મન્મથને મહાત કરનારી તમારી મૂર્તિ ! એથી એની આભા અનેકગણી વધી ગઈ છે.

બીજાં દિલ અનેક હશે, ને છે. પરંતુ આની અસાધારણતા એમાં છે કે એ પોતાનું મટી ગયું છે, તથા તમારું થયું છે. તમારી જ સંપત્તિ, તમારું જ મહિમામંડિત, મધુમય મંદિર, ને તમારું જ આશ્રયસ્થાન બન્યું છે.

કયી ધન્ય ઘડીએ, કયી પળે, મારા દિલને તમે તૈયાર કર્યું છે, તેની મને ખબર નથી. કયી ધન્ય ઘડીએ ને કયી પુણ્યવાન પળે !

* * * * *

## ૧૯. કેમ ચાલશે ?

દુઃખ ને દર્દના દાવાનળથી ડગી ને ડરી જઇશ તો કેમ ચાલશે ? દુઃખ ને દર્દ તો આ માર્ગે આવવાનાં જ.

પીડા, પરિતાપ, પોકાર ને પ્રતીક્ષાથી હિંમત હારી જઈશ તો કેમ ચાલશે ? એ સૌની હયાતી તો આ માર્ગમાં રહેવાની જ.

અશ્રુ, આહ, આપત્તિ, અપમાન ને ઉજાગરાથી બેચેન બની જઈશ, ને માર્ગ મૂકી દઈશ, તો કેમ ચાલશે ? એમના વિના તો આ માર્ગમાં આગળ જ નહિ વધાવાનું.

નિરાશાથી નાસીપાસ ને ચિંતાથી ચંચળ, ચિંતાતુર કે ચલિતચિત્ત થઈશ તો કેમ ચાલશે ? નિશ્ચિંતતા અને આશાનું અલૌકિક શાંતિસંપન્ન શિખર આ વિના સર નહિ જ થવાનું.

* * * * *

## ૨૦. ગંગાનું ગુમાન

ગંગાના ગહન પાણીમાં એક દેવદારનું લાકડું તરી રહ્યું હતું. પર્વતીય લોકોએ એને તોડી ને નવો આકાર આપીને એમાં વહેતું મુક્યું હતું. એને જોવા માટે કિનારાના ગામના લોકો ટોળે વળતા હતા.

અનેક અવરોધો અને આફતને અંતે એક ધન્ય દિવસે ને ધન્ય ક્ષણે એ લાકડું કિનારે આવી પહોંચ્યું. એનો પરિશ્રમ પૂરો થયો. એ જોઈને ગંગા આનંદમાં આવી ગઈ ને કહેવા લાગી, ‘મારા વિના તારો ઉદ્ધાર આ ભીષણ પીડાયુક્ત પ્રદેશમાંથી ભાગ્યે જ કોઈ કરી શકત. માઈલોના પ્રવાસ પછી મેં તને મુક્તિનો મહાનંદ પૂરો પાડ્યો. એને માટે તારે મારો અનેકવાર અને અંતઃકરણપૂર્વક આભાર માનવો જોઈએ.’

લાકડાએ સ્મિત સાથે ઉત્તર આપ્યો, ‘માતા ! તારી સહૃદયતા તેમજ સહાયતા સારુ તારો અવશ્ય આભાર માનું છું. પરંતુ મેં તને ઉદ્ધાર કરવાનો અવસર આપ્યો એ શું ઓછું છે ? એના વિના આનંદની આવી અભિવ્યક્તિ તારાથી ભાગ્યે જ થઈ શકી હોત.’

ત્યારે ગંગાનું ગુમાન ઓગળી ગયું.



* * * * *

# ૨૧. શબરીની સ્મૃતિ

પોતાના પ્રાણપ્યારા, હૃદયાભિરામ શ્રીરામના સત્કાર સારુ શબરી રોજ સવારે વનનાં બોર વીણી લાવતી, તથા તેમને ચાખીને, તેમાંથી અત્યંત મીઠા બોરનો સંગ્રહ કરતી.

સંગ્રહની એ સ્નેહસભર સાધના દિવસ, બે દિવસ, ચાર દિવસ કે દસ દિવસ નહિ, પરંતુ દિવસોના દિવસો ચાલ્યા કરી. પરંતુ પવિત્ર પ્રેમથી પ્રેરાઈને કરેલી કોઈયે ક્રિયા નિષ્ફળ જાય છે ખરી ? શબરીની સાધના પણ એક અનેરા, દૈવી દિવસે ફળીભૂત થઈ. શ્રીરામ એના અતિથિ થયા, ને સસ્નેહ સંગ્રહાયેલાં બોરના આસ્વાદથી આનંદવિભોર બન્યા.

શબરીના એ સ્નેહ કરતાં પણ વધારે ઉત્કટ સ્નેહ, લાગણી ને ભાવથી, દિવસો, મહિના ને વરસોથી સંગ્રહાયેલાં મારાં ગીત, તમારો સ્નેહભીનો સત્કાર પામીને પ્રસન્ન થવાની પ્રતીક્ષા કરી રહ્યાં છે. એમના અમૃતમય, આરામ આપનારા આસ્વાદથી તમે તો પુલકિત થશો જ, પરંતુ પોતાનાં પ્રેમાસ્પદ એવાં તમને પામીને એ પણ આનંદ પામશે કે કૃતાર્થ થશે એ નક્કી છે.



* * * * *

## ૨૨. અનંતકાળના કવિને

અનંતકાળથી, અવિરામ રીતે, અવનીને અમૃતમય અથવા ઓતપ્રોત કરતી ચાલી આવતી તારી કવિતાની મનહર માળામાં મારી કવિતાની એક સુમધુર સુમનમાળા સમર્પિત કરું છું, ઓ મારા અનંતકાળના મહાકવિ, અમૃતના અક્ષય આગારસમી અવનીના એકાકી અથવા અનાદિ કવિ ! મારી કવિતાની એક બીજી સુમધુર સુમનમાળા તારા શ્રીચરણે સમર્પિત કરું છું !

અનંતકાળથી ચાલી આવતી તારી અનેકવિધ કવિતાકળાની સાથે મારી કવિતાની સરખામણી કરવાની મારી ઈચ્છા નથી. તારી કવિતામાં પ્રેરણાનો પારાવાર પડેલો છે, ને સુખ તથા શાંતિ સમાયેલી છે. તારી કવિતાથી જેમ હું, તેમ મારી કવિતાથી તું આનંદ પામે છે ને શાંતિ મેળવે છે. એટલી ધન્યતા કાંઈ મારે માટે ઓછી નથી, ઓ મારા મહાકવિ ! કવિતાની એટલી કૃતકૃત્યતા મારે માટે ઓછી નથી.

તારી કવિતાની જેમ મારી કવિતા પણ અમર રહેશે, ને અંનતકાળ લગી, અનંતકાળના અનેકાનેક પ્રવાસીઓને પ્રેરણા પાશે. આ અવનીમાં કેટલાય કવિસમ્રાટ થઈ ગયા, ને કેટલાય થયા કરશે. અનંતકાળના એ કવિમાંથી કોઈ એક કૃતાર્થ કવિસમ્રાટ તારી કવિતાકાળના પ્રતિક જેવી આ અવનીને અમીમય ને અનેરી જોઈને આશ્ચર્ય પામશે; તારા તથા કેટકેટલા કવિના સુખ સ્વપ્નાં તેને સાર્થક થયાં લાગશે. સાર્થકતાની એ અલૌકિક સૃષ્ટિમાં મારી કવિતાની આહુતિ પણ ઓછી અગત્યની નહિ હોય. અનંતકાળના ઓ મહાકવિ ! આજે નહિ પણ ત્યારે, મારી કવિતા વધારે અનેરી અથવા આશીર્વાદરૂપ લાગશે !

* * * * *

## ૨૩. ભૂલનો સંભવ

મારું મુલ્યાંકન કરવામાં તમે ભૂલથાપ ખાઈ જાવ એવો સંપૂર્ણ સંભવ છે. કેમ કે મારી પાસે તમે ચાહો છો તેવો પૂજાનો કોઈ જ બાહ્યાડંબર નથી. નથી આરતિ, આરાધના માટેની મૂર્તિ, અગરબત્તી, પ્રસાદ, સુમધુર સુમન કે સુવાસિત સુમનમાળા. નૃત્યાંગનાનાં નર્તન ને સ્નેહથી છલકતા લાગતાં સંકીર્તન, વાજિત્રોનાં વાદન ને અંબરના અલૌકિક આચ્છાદન; મારા આરામપ્રદાયક, અનેરા, અમૃતયમય આવાસમાં એમાંનું કશું જ નથી. તમે ચાહો છો, ને જેથી અનુરાગના અમિત મહિમાનું મુલ્યાંકન કરો છો, તેવું મારી પાસે કશું જ નથી.

મારી પાસે તો છે કેવળ શાંતિ : અસીમ, અવર્ણનીય, સનાતન શાંતિ, ને અદભુત અને અનંત આહ્લાદ. સ્વર્ગીય સુખની વીણા મારા અંતરના અંતરતમમાં વાગી રહી છે, ને સ્નેહની સુધાસભર સુરાવલિ જાગી રહી છે. મારા અંગેઅંગ અને અણુમાં એના જ અક્ષય આલાપનો આવિર્ભાવ થઈ રહ્યો છે, અને આત્માના આસન પર એનો જ અભિષેક થયો છે. અંતરમાં જે શાંત સંગીત છે તેને કોઈક જ સમજી કે સાંભળી શકે છે. એટલે મોટા ભાગના મુસાફરો તો નિરાશ થઈને કે મ્લાન મુખે પાછા જ વળી જાય છે.

મારું મુલ્યાંકન કરવામાં તમે ભૂલથાપ ખાઈ જાવ એવો સંપૂર્ણ સંભવ છે. મારું બાહ્ય સ્વરૂપ એવું અનેરું છે. છતાં સમસ્ત સૃષ્ટિ ભૂલથાપ ખાઈ જાય તો પણ, જેને માટે મારી પૂજા, આકાંક્ષા, આરાધના ને મારું જીવન છે તે ભૂલથાપ નહિ ખાય, ને કદિયે નહિ ખાય, તેની મને ખાતરી છે. એની આંખ મારા અંતરના અંતરતમમાં અથવા અણુએ અણુમાં ઉતરી જશે, તેની મને ખાતરી છે.

* * * * *

## ૨૪. મારું ઉડ્ડયન

અનંત એવા અવકાશમાં ઉડીને કહે છે કે કોઈક માનવે વિમાનમાં બેસીને પૃથ્વીની પરિકમ્મા પૂરી કરી. ઉડ્ડયનના એવા અનેક આશ્ચર્યકારક પ્રયોગો થઈ રહ્યા છે, જેને પરિણામે માનવ ચંદ્રમાં જશે, મંગળમાં મુસાફરી કરશે, ને બીજા ગ્રહ-નક્ષત્રોનો અતિથિ બનશે.

માનવજાતની વિકાસફૂચના એ સમાચાર સાંભળીને, અથવા કહો કે આધુનિક વિજ્ઞાનના એ અલૌકિક અથવા આશ્ચર્યજનક અન્વેષણની માહિતી મેળવીને, કોઈ કોઈ પ્રવાસી પૂછે છે કે, તમે પણ આમ ઉડ્ડયન નથી કરવાના કે વિશ્વના વિહારે નથી ચઢવાના ?

એમને હું ઉત્તર આપું છું કે ભાઈઓ, મારું ઉડ્ડયન તો ચાલુ જ છે; ને અનંતકાળથી મારું અન્વેષણ પણ આરંભાયેલું જ છે. કલ્પનાના કદી ના કરમાનારા કુસુમની માળા કરીને તથા કાળાતીત કવિ બનીને, ચદ્ર, મંગળ ને અવનીની આજુબાજુ હું ઊડતો નથી, પરંતુ મારા ઉરના ઊંડાણમાં, આત્માના અંતસ્તલમાં, ડૂબકી મારું છું, ને જે મેળવું છું તે સંસારની સામે રજૂ કરું છું.

બહારના ઉડ્ડયનની જેમ જ અંદરનું ઉડ્ડયન પણ માનવ ને માનવજાતિની સમસ્ત સૃષ્ટિ સારુ આવશ્યક અને આશીર્વાદરૂપ છે - બલ્કે એથીયે વધારે શ્રેયસ્કર છે, એ વાત કોણ નથી કહેતું, ને એનો સ્વીકારેય કોણ નથી કરતું ?

* * * * *

## ૨૫. સનાતન સ્નેહ

સુખ, સાહ્યબી ને સંપત્તિના સોનેરી સમયમાં તો હું તમને પ્રેમ કરું છું, ને વળગી રહું છું જ, પરંતુ દુઃખ, દીનતા ને દુર્દિન દશા દરમ્યાન પણ મારા અનુરાગની આરાધના ને આરતિ એવી જ અક્ષય અને અનવરત રહે છે, આથી અનેકને અચરજ થાય છે.

પ્રકાશ તથા પ્રજ્ઞાની પાવન પળોમાં હું તમને પ્રેમ કરું ને વળગી રહું છું જ, પરંતુ અંધકાર અથવા અજ્ઞાનથી આવૃત થયો હોઉં ત્યારે પણ તમારાં શ્રીચરણોમાં મારી સ્નેહસુધાની અંજલિ આપ્યા કરું છું; અને અનવરત આપ્યા કરું છું, એથી અનેકને અચરજ થાય છે.

પરંતુ એમાં અચરજ પામવા જેવું કશું જ નથી. જે સાગર સુધાકરનો સંસ્પર્શ પામીને પૂર્ણિમાના પરમ દિવસે પુલકિત થઈને હાલી ને નાચી ઊઠે છે, એ અમાસની અંધારી રાતે પણ એનું સ્નેહસંગીત મૂક રીતે ગાયા કરે છે. મારા જીવનમાં પણ મેં તમારી આરાધનાનો આરંભ પ્રતિકૂળતાની પળો દરમ્યાન જ કર્યો હતો. અને એથી જ પ્રતિકૂળતા મને મારી નિષ્ઠામાંથી ચલાયમાન નથી કરી શકતી. સર્વે સ્થળે ને સઘળે સમયે મારો સ્નેહ એવો જ અનેરો અને અખંડ રહે છે, અથવા અવનવા આલાપમાં આવિર્ભાવ પામ્યા કરે છે.

* * * * *

## ૨૬. ઈશ્વરની સૃષ્ટિ

ઈશ્વરે આ સૃષ્ટિને આટલી બધી અમૃતમય, આટલી બધી અલૌકિક, અનેરી અને આટઆટલી આશીર્વાદરૂપ બનાવી છે; તો પછી તેને તેં અમૃતમય, અલૌકિક, અને આશીર્વાદરૂપ કેમ નથી રાખી, હે માનવ, તેં તેને અમૃતમય કેમ નથી રાખી ?

ઈશ્વરના સનાતન, સુંદર સર્જનને તું દોષ દે છે : પરંતુ તારા પોતાના સર્જનનો તો વિચાર કરી જો ! તારે પોતાને હાથે તેં દુઃખ, દીનતા, દરિદ્રતા ને દ્વેષની જે દુનિયા ઊભી કરી છે તેનો વિચાર કરી જો ! તું ધારે તો તેમાં પરિવર્તનનો નવો પ્રવાહ પેદા કરી શકે છે, તથા સુખ, સમૃદ્ધિ, શાંતિ, સ્નેહ ને સંવાદની નવી સૃષ્ટિ રચી શકે છે. તેને બદલે તું એવી વિકરાળ ને વિપરીત રીતે વર્તે છે કે દુનિયાના દુ:ખમાં વધારો થતો જાય છે, ને દુનિયાનો દેખાવ પણ કંગાળ તથા ક્લેશકારક બનતો જાય છે.

હું તને પૂછું છું કે આ સૃષ્ટિને તું છે તેથી વધારે સુંદર ને સુખમય બનાવી શકે તેમ નથી ? સ્નેહ, સહકાર, સેવા ને શાંતિના સલિલસીંચનથી તેને સુધામય કરવામાં તું સફળ થઈ શકે તેમ નથી ? તે માટે તું પ્રયાસ પણ નથી કરી શકે તેમ ? તો પછી તું કેમ બેસી રહ્યો છે, ને એથીયે આગળ વધીને, ઈશ્વરને દોષ દઈ રહ્યો છે ?

ઈશ્વરે આ અવનીને આટલી બધી અમૃતમય, આટલી બધી અલૌકિક, અનેરી અને આટઆટલી આશીર્વાદરૂપ બનાવી છે; તો પછી તેં એને અમૃતમય, અલૌકિક, અનેરી અને આશીર્વાદરૂપ કેમ નથી રાખી, હે માનવ, તેં એને આશીર્વાદરૂપ કેમ નથી રાખી ?

* * * * *

## ૨૭. અંતરને

જીવનના રૂપમાં ઉપલબ્ધ થયેલા આ અમુલખ, અવર્ણનીય અવસરનો આસ્વાદ લઈ લે, ઓ મારા અમીમય અંતર ! આ અનેરા, અનન્ય અવસરનો આસ્વાદ લઈ લે ! શાંતિ, સુખ ને અલૌકિક આનંદના અનુભવ માટેનો આ અસાધારણ અવસર આવી મળ્યો છે તો એનો અનુભવ કરી લે, આસ્વાદ લઈ લે ને દઈ દે, ઓ મારા અમીમય  અંતર ! આસ્વાદ લઈ લે ને દઈ દે !

શરદ ને વસંત વહી ગઈ, તથા ચોમાસાની હેલી ચાલુ થઈ. શુષ્કસમી સરિતા અભિનવ સલિલે સંપન્ન થઈને, હિલોળે ચઢીને ફરી વહેતી થઈ, તારા પ્રત્યેક પરમાણુને એ રીતે અવનવા શૃંગારે સજી દઈ, રસની રેલમછેલ કરતાં તું પણ વહી લે, ઓ મારા અમીમય અંતર ! મહીની મરુભૂમિને મધુતાથી મઢી દે !

સંગીતના સમારોહમાં શામેલ થયેલા આ સંગીતસમ્રાટની જેમ સંવાદ સાધીને, સંગીતના સ્વર્ગીય સ્વરના અનુસંધાનથી અવનીના અણુપરમાણુને ભરી દે, ઓ મારા અમીમય અંતર ! એ સનાતન સંગીતસમ્રાટની સેવામાં તારું સર્વ કાંઈ ધરી દે !

* * * * *



## ૨૮. પ્રવાસીને

પ્રવાસીનો મોટા ભાગનો પંથ કપાઈ ગયો છે, ને હવે સ્વલ્પ સમય જ શેષ રહ્યો છે. પ્યારા પ્રવાસી, હવે સ્વલ્પ સમય જ શેષ રહ્યો છે.

આ સુંદર સંસારની સફર શરૂ કરી ત્યારે સંસારમાં જે સુંદરતા, સરસતા ને સુમધુરતા હતી તે હજી કાયમ છે. એની એ ધરતી ને એનું એ આકાશ; એ જ ગ્રહ ને એ નક્ષત્રો. એના એ ઋતુનાં પરિવર્તન, એ સાંજ સવાર, અને એ સરિતા તથા સાગર; ન જાણે કેટકેટલા કાળથી એમનો પ્રવાસ ચાલી રહ્યો છે. પરંતુ તારો પ્રવાસ તો હવે સ્વલ્પ જ શેષ રહ્યો છે. પ્રવાસનો મોટા ભાગનો પંથ કપાઈ ગયો છે, ને હવે સ્વલ્પ સમય શેષ રહ્યો છે, પ્યારા પ્રવાસી, હવે સ્વલ્પ સમય જ શેષ રહ્યો છે.

સ્વજન, સ્નેહી, સુહૃદ ને સંબંધીમાંના કેટલાંક પોતપોતાના પ્રવાસ પરિપૂર્ણ થયે વિદાય થયાં છે, ને બીજાં કેટલાંક નવાં એમાં ભરતી થઈને ગોઠવાઈ ગયાં છે. આ અનાદિ ઉપવનની દરેક દિશાએ પાર વિનાનાં પુષ્પો તથા વૃક્ષો પોતાનું પ્રાણધન રેલી ગયાં છે, ને બીજાં અનેકાનેક રેલી રહ્યાં છે. જેનો પાઠ પૂરો થાય છે તે પોતાના વાદ્ય ને સંગીતના સૂર સાથે વિદાય થાય છે, અને એના સ્થાને બીજા નવા ઉસ્તાદ આવી જાય છે. પ્રવાહનું પાણી જેમ ખૂટતું નથી, તેમ સર્જન, વિસર્જન અને અભિસરણની આ પ્રક્રિયા પુરાતન કાળથી ચાલ્યા જ કરે છે.

પ્રવાસની આ પૂર્ણાહુતિ પ્રસંગે મારે તને એક જ વાત પૂછવાની છે, પ્યારા પ્રવાસી, કે જેને માટે આ પ્રવાસનો પ્રારંભ કરેલો, ને જેની સિદ્ધિ થતાં સફરની સફળ પૂર્ણાહુતિ થઈ જાય, એ અમુલખ વસ્તુ તેં મેળવી કે નહિ ? તારા લક્ષ્યસ્થાનનું સ્મરણ તને રહ્યું ? તથા તેને પહોંચવા તારાથી થાય તેટલું કર્મ તેં કર્યું ? નહિ તો તારી સફરનો સમય નિરર્થક રીતે, વ્યર્થ જ ગયો માની લેજે, પ્રવાસી !

પ્રવાસનો મોટા ભાગનો પંથ કપાઈ ગયો છે, ને હવે સ્વલ્પ જ સમય રહ્યો છે, પ્યારા પ્રવાસી, હવે સ્વલ્પ સમય શેષ રહ્યો છે.

* * * * *

## ૨૯. દીપકનો પ્રકાશ

શરદની સમી સાંજે મેં એ મહાપુરુષની મુલાકાત લીધી. સરિતાના સુંદર તટ પર એમની પર્ણકુટી હતી. તેમાંથી અગરબત્તીની સુવાસ આવતી હતી.

એમની આગળ, અનુરાગની અંજલિ આપતાં મેં ચાર પાંચ પુષ્પો મૂક્યાં, ને પ્રણામ કરીને એમને પૂછ્યું : બહાર બધે અંધારું થવાની તૈયારી છે તો પણ, તમે દીપક કેમ નથી કર્યો ? બહાર તો બધે જ અંધારું થવા આવ્યું છે.

એ મહાપુરુષે પ્રેમપૂર્વક પ્રત્યુત્તર આપ્યો : પ્યારા પ્રવાસી, હું આશા રાખતો'તો કે તમે મારી ભાવનાને સમજી શકશો; પરંતુ હવે મારે જ ખુલાસો કરવો જોઈએ. વાત એમ છે કે બહારના કોઈ પ્રકાશ માટે નહિ, પરંતુ અંદરના પ્રકાશને માટે જ સાધના, આરાધના અને મારું એકાંતસેવન છે. એ વાતની સ્મૃતિને સાચવી રાખવા, દીપક ના કરવાનો મેં વરસોથી નિયમ કર્યો છે. અથવા તો એમ કહો કે એ ક્રમ મારે માટે સ્વાભાવિક થયો છે.

એ અસાધારણ મહાપુરુષની અસાધારણ વાતથી મને સંતોષ થયો.

* * * * *

## ૩૦. દીપ બૂઝાશે તો નહી ને ?

'દીપ બૂઝાશે તો નહી ને ? અમર જ રહેશે ને ?'
એ પ્રશ્ન જ નથી.

બહારના બધા જ દીપ બૂઝાય છે; દિવાળીની દીપમાળા અને મહોત્સવની રોશની પણ છેવટે તો શાંત થાય છે; અરે, સૂર્ય, ચંદ્ર ને તારાનો પ્રકાશ પણ અખંડ નથી રહેતો. એ પણ પ્રકટે છે ને વિદાય થાય છે, પણ પ્રેમનો પાવન પ્રકાશ એવો જ અચળ રહે છે.

'દીપ બૂઝાશે કે નહી ?'
એ પ્રશ્ન જ નથી. એ તો અમર જ રહેશે.

* * * * *

## ૩૧. શાનો વિલંબ ને શેની ચિંતા

સત્યના પાવન પ્રકાશને ઝીલવા જેટલી મારી બુદ્ધિ ઉત્તમ ના હોય એ સમજી શકાય એમ છે. પરંતુ એટલી વાસ્તવિકતાથી હું વિહ્વળ થઊં કે નિરાશ બનું તેમ નથી. તમારી શક્તિ તો સત્યના પાવન પ્રકાશનું પ્રાકટ્ય મારા તન, મન ને અંતરમાં, પ્રાણના પ્રત્યેક પરમાણુમાં, કરી શકે તેમ છે. પછી મારે શાનો ભય છે ?

પ્રેમના પાવન પ્રવાહને પ્રકટાવવા જેટલો મારો પ્રાણ પુનિત ના હોય એ સમજી શકાય એમ છે. પરંતુ એટલી વાસ્તવિકતાથી હું વિહ્વળ થઊં કે નિરાશ બનું તેમ નથી. તમારા પ્રેમના પ્રતાપથી, પ્રેમના પરમ પુનિત પ્રવાહનું પ્રકટીકરણ મારા તન, મન ને અંતરમાં, પ્રાણના પ્રત્યેક પરમાણુમાં, થઈ શકે તેમ છે. પછી મારે શેની ચિંતા છે ?

જ્ઞાન ને સૌન્દર્યનો સાક્ષાત્કાર કરવા જેટલું મારું અંતર અણીશુદ્ધ અને અમૃતમય ના હોય એ સમજી શકાય એમ છે. પરંતુ એટલી વાસ્તવિકતાથી હું વિહ્વળ થઊં કે નિરાશ બનું તેમ નથી. તમારી કૃપાપ્રસાદીના પરિણામે જ્ઞાન ને સૌન્દર્યનો સાંગોપાંગ સાક્ષાત્કાર કરી શકાય તેમ છે. પછી મને શાનો ભય છે ?

ઓ મારા પ્રેમમય, સત્યમય, સુંદર ને સુધામય ! મારામાં અલ્પતા છે માટે તો મેં તારી મહાનતાની મદદ માગી છે. તે મહાનતા મારી અલ્પતાનો અંત આણવા પર્યાપ્ત છે. પછી તને શાનો વિલંબ ને મને શેની ચિંતા છે ?

* * * * *

## ૩૨. શરીરની સહાયથી જ

કેટલાક લોકો એવા છે જેમને આજીવન ઝંખવું જ સારું લાગે છે. તે માને છે કે તમારો મેળાપ આ શરીરે ના થઈ શકે, તથા તમારા દર્શનને માટે આ શરીર શાંત થાય તેની પ્રતીક્ષા કરવી જોઈએ. તે દિનરાત રડે છે, પ્રાર્થે છે, ને ઉન્મત્ત બનીને બેચેનની જેમ ફર્યા કરે છે.

પરંતુ મારું હૃદય તમે જુદું જ બનાવ્યું છે. મેં તો આ શરીરમાં રહીને જ તમારો સ્નેહ, સાક્ષાત્કાર ને સનાતન સહ્‌વાસ મેળવી લીધો છે, ને પરમશાંતિ તથા પરમાનંદનો પરિચય કર્યો છે.

શરીરની સહાયથી જ મેં તમને સ્નેહ કર્યો છે, તમારો સંપર્ક સાધ્યો છે, ને શરીરના માધ્યમ દ્વારા જ આપણા અખંડ, મધુમય મહામિલનની સ્વર્ગીય, સુધામય, સરિતાના સંગમમાં સ્નાન કરવાનો આનંદ અનુભવ્યો છે.

* * * * *

## ૩૩. આકાંક્ષા

સૂર્યના સોનેરી, કલાત્મક કિરણ આ કમનીય કમળ પર પડે છે ત્યારે, કૃતાર્થતાની કવિતા કહેતું હોય તેમ કમળ હાલી, ખીલી, ને કિલ્લોલ કરી ઊઠે છે. અને સરિતા સ્નેહની સમગ્ર સંપત્તિથી સંપન્ન થઈને, સાગરમાં સમાવા જાય છે ત્યારે, સ્નેહના નશામાં નાચી ઊઠીને, સાગર પણ એનો સત્કાર કરે છે.

પુષ્પોના ઉપવનમાં ઉડનારા આ અલિમંડળને પુષ્પો પોતાની પ્રેમભરી પાંખડી હલાવી હલાવીને આમંત્રણ આપે છે. ને હજુ તો વરસાદની પધરામણી પણ નથી થઈ તે પહેલાં જ, મેઘમંડળનું નિરીક્ષણ કરતાંવેંત, કલાપી કેકા કરે છે, કે કૂદે છે.

આ બધી વાસ્તવિકતાનું દિગ્દર્શન કરાવીને હું તમારી પાસે એ જ આશા રાખું છું કે પ્રેમ જ્યારે પારસ્પરિક હોય છે ત્યારે જ ઉત્તમ લાગે છે, અને અવર્ણનીય આનંદ આપે છે. એની તમને પ્રતીતિ થાય, ને તમારું અંતર મારે માટે તલપાપડ થાય કે વારી જાય.

કવિતાનાં કમનીય કુસુમોમાં, કવિ બનીને હું તો તમારી અનવરત આરાધના કરી જ રહ્યો છું : પરંતુ પ્રેમથી પરિપ્લાવિત થઈને, તમે પણ એ આરાધનાને તમારા સ્વર્ગીય સંગીતસ્વરથી સભર કરીને આશીર્વાદરૂપ કરી દો. મારી એ આકાંક્ષાની તમને ખાતરી થાય.

* * * * *

## ૩૪. પુષ્પોને પેખીને

પર્વતની કરાળ કંદરામાં કેડી કાઢીને પ્રવાસ કરતાં કરતાં મેં એક પુષ્પોનું ઉપવન જોયું. પર્વત પર નાનાં મોટાં રંગબેરંગી પુષ્પો અનેકની સંખ્યામાં શોભી રહ્યાં હતાં. મને જોઈને હલીહલીને તેમણે મારું સ્વાગત કર્યું.

એ પુષ્પોને પર્વતના એ એકાંત પ્રદેશમાં કોણે પેદા કર્યાં ? કયા કુશળ માળીની માવજતથી એ મોટાં થયાં, ને કોના સલિલસીંચનથી સુધાસભર કે સુવાસિત બન્યાં ? સુવ્યવસ્થિત તથા સુરક્ષિત ઉદ્યાનમાં ખીલી ઊઠવાને બદલે, મધુરતાથી મઢેલાં એ પ્રસન્ન પુષ્પો, પર્વતના એ એકાંત પ્રદેશમાં ક્યાંથી પ્રકટ થયાં?

એ પરિમલપાવન પુષ્પોને પેખીને મને ખાતરી થઈ કે માનવની માવજતથીયે વધારે મૂલ્યવાન તમારી માવજત જેને મળી જાય છે, તેના વિકાસની બધી જ ચિંતા ટળી જાય છે. તેને કોઈ ભય નથી, શોક નથી, સંતાપ નથી, ને કોઈ પ્રકારની કમી પણ નથી રહેતી. એ પરિમલપાવન પુષ્પોને પેખીને કોઈ પર્વતીય પ્રવાસીને એ પાઠ મળશે, તો પણ ઘણું છે. એમ માનીને મેં એમને કવિતાની લહાણી ધરી.

* * * * *



## ૩૫. પ્રવાસી માનવને

પ્રકૃતિને કોઈ સીમા નથી, તો તેં તારી સીમાબંધી કેમ કરી છે, પ્યારા માનવ ? સંકુચિતતાની દિવાલોને દૂર કર ને વિશાળ વિશ્વના નાગરિકરૂપે શ્વાસ લે.

ઉપર આકાશ ને નીચે ધરતી : એમાં ઓતપ્રોત થઈને રહેનારૂં સઘળું સર્જન સરખું છે. સૌની અંદર એક જ પરમ પ્રકાશ, ને એ જ પરમ પ્રકાશરૂપી ચેતનાનાં સૌ પ્રકટીકરણ છે. તો પણ, એ વિવેકને વેગળો મૂકીને, તેં મારાં તથા તારાં, પોતાનાં તથા પરાયાંની રાગદ્વેષ ને ભેદભાવરૂપી દિવાલો કેમ રચી છે, પ્યારા માનવ ? શાંતિમાં અશાંતિની, તેજમાં તિમિરની, તથા અમૃતની અંદર સોમલની સૃષ્ટિ કેમ કરી છે ?

નિસર્ગે તને વિશ્વનો વિહારી, અનંતકાળનો પ્રવાસી કર્યો છે; ને સૃષ્ટિની સમસ્ત સંપત્તિ તારે ચરણે ધરી છે. છતાં પણ તારી દુનિયાને તારે પોતાને જ હાથે તેં ટૂંકી કરી ને ક્ષુલ્લક કેમ ગણી છે, પ્યારા પ્રવાસી ? સૃષ્ટિના સંવાદી વાતાવરણમાં વિસંવાદની ક્રીડા કેમ કરી છે ?

પૃથ્વીના પ્રેમનો અને આખીયે અવનીની એકતાનો અગ્રદૂત બનીને જીવનનો ઉત્સવ કરી લે, તથા બીજાને પણ એ અમૃતમય ઉત્સવનું દાન દે, પ્યારા માનવ ! સ્વાર્થ, સીતમ ને શોષણને છોડી દે, તેમજ મહીને વધારે ને વધારે મધુમય કરવામાં જાતને જોડી દે !


* * * * *

## ૩૬. વરસાદી વાતાવરણ

ધોધમાર વરસતા વરસાદ વખતે રામગિરિ આશ્રમના પેલા યક્ષની મને યાદ આવે છે. વિરહની વેદનાથી વ્યાકુળ થયેલા એ યક્ષે, વરસાદી વાદળને વિલોકીને, અલકાપુરીના અલૌકિક આવાસમાં વસનારી પોતાની પ્રિયતમાને સ્નેહનો સંદેશો મોકલ્યો'તો. કવિએ એની કવિતા કરી છે.

મારી અવસ્થા પણ શું એવી નથી ? તમારો છતાં તમારાથી વિખૂટો પડેલો હું, તમારા પ્રેમના પરમ પાવન, પ્રબળ પ્રવાહથી પ્રાણને પરિપ્લાવિત કરીને સંસારમાં શ્વાસ લઉં છું, ને ક્ષણેક્ષણે તમને મારા સુધામય સ્નેહસંદેશ સંભળાવ્યા કરું છું. વરસાદી વાદળ કે વરસાદને વિલોકીને જ એ સંદેશની શરૂઆત નથી થતી : એ તો આઠે પહોર ચાલુ જ હોય છે. દેશ, કાળ કે વાતાવરણનાં બંધન એને નથી નડી શકતાં.

વરસાદી વાતાવરણમાં મારી વ્યાકુળતા વધી રહી છે ત્યારે, હું તમને પ્રાર્થના કરું છું કે વહાલની વર્ષા બનીને હવે પ્રકટ થાવ, તો દૂરના વ્યોમમાં વિલસી રહેલા પેલા ઇન્દ્રચાપની જેમ, મારા તન, મન ને અંતરમાં ધન્યતાનું મેઘધનુ ખીલી ઊઠે, જીવનમાં સંપૂર્ણતાનું સ્વર્ગીય, શાંતિમય, સંગીત છૂટે, ને પ્રાણના પ્રત્યેક પરમાણુમાં ફોરમના ફુવારા ફૂટે !



* * * * *

## ૩૭. માનવને

અમૃતના અપાર એવા અર્ણવમાં અમૃત વિના બીજું શું હોય, માનવ ? છતાં તું વિષ-વરાળની વેદના બોલી બતાવે છે, ને વિષનું વમન કરે છે, એ આશ્ચર્યકારક છે !

સુધાના સનાતન, સીમાહીન સાગરમાં સુધા સિવાય બીજું શું હોય, માનવ ? છતાં તું સોમલના સ્વાદનો સંતાપ બોલી બતાવે છે, ને સોમલથી છલેલા શબ્દોચ્ચાર કરે છે, એ આશ્ચર્યકારક છે !

આ તો પરિમલથી પરિપ્લાવિત પ્રફુલ્લ પુષ્પોનું ઉપવન છે. એમાં પરિમલની પ્રતીક્ષા કરવાની ને પરિમલને માટે પીડિત થવાનું ના હોય, માનવ ! છતાં એમાં શ્વાસ લઇને તું પરિમલ માટે પ્રાર્થે છે ને પોકાર પાડે છે, એ આશ્ચર્યકારક છે !

વસંતના વિલાસમાં પાનખરનો પ્રવેશ નથી, ને બીજી ઋતુનું પણ નામનિશાન નથી. એના સામ્રાજ્યમાં તો સઘળે સુખ જ સુખ, સર્વત્ર શાંતિ જ શાંતિ, ને આજુબાજુ આનંદ જ આનંદ છે, માનવ ! છતાં એનો પ્રજાજન બનીને તું શાંતિ, સુખ અને આનંદ માટે તલસે છે, એ આશ્ચર્યકારક છે !

તારી દૃષ્ટિ ને વૃત્તિને ફેરવી દે; તો આજે જે અભિશાપરૂપ લાગે છે, તે જ કાલે આશીર્વાદરૂપ થઈ પડશે, માનવંતા માનવ ! આજે જે મૃત્યુમય તે જ કાલે નવજીવન થઈ પડશે.

* * * * *

## ૩૮. મંદિરમાં શ્વાસ લઉં છું

મંદિરની મુલાકાત હું કોઈ જ વાર લઉં છું એથી આશ્ચર્યચકિત થઈને એક પ્રતીમાપ્રેમીએ મારી મુલાકાત લીધી, ને મને તે વિશે પ્રશ્ન પૂછ્યો; તો મેં તેને કહ્યું, પ્રેમી ! મંદિર માટે મને માન છે, પરંતુ મારું મંદિર ઘણું વિશાળ છે.

સર્જન સારુંયે સુંદર મંદિર છે, ને એમાં જે કાંઈ છે તે બધું જ પ્રતિમામય. સૌની અંદર હું એ વિરાટ ચેતનાનું દર્શન કરું છું, ને સૌનેય મનોમન વંદન કરું છું.

મંદિરની મુલાકાત હું કોઈક જ વાર લઉં છું એ સાચું છે, પરંતુ આટલા પરથી સમજી શકશો, ને સહેલાઈથી સમજી શકશો, કે હું મંદિરમાં જ શ્વાસ લઉં છું.

એની આંખ પરથી હું સમજી શક્યો કે મારા ઉત્તરથી એને આનંદ થયો.

* * * * *

## ૩૯. મારી પસંદગી

અજ્ઞાન અને અહંકારોત્પાદક, અસત્યનો આનંદ આપનારું આડંબરપૂર્ણ જ્ઞાન - બેમાંથી કશું પણ ઈચ્છવા જેવું નથી. છતાં પણ એમાંથી કોઈ એકની પસંદગી કરવી જ પડે તેમ હોય, તો હું અજ્ઞાનની જ કરીશ : અહંકારોત્પાદક, આડંબરપૂર્ણ જ્ઞાનની નહિ.

ગરીબી અને આંખ અને અંતરને અંધ કરનારી અમીરી - આમાંથી કશું પણ ઈચ્છવા જેવું નથી. છતાં પણ એમાંથી કોઈ એકનો સ્વીકાર કરવો જ પડે તેમ હોય, તો હું ગરીબીનો જ કરીશ : આંખ અને અંતરને અંધ કરનારી અમીરીનો નહિ.

નિર્બળતા અને નિર્બળને રંજાડી સત્તાની સ્પર્ધા કરનારું અવિવેકી, આતંકકારી બળ - બેમાંથી કશુંપણ ઈચ્છવા જેવું નથી. છતાં પણ એમાંથી કોઈ એકને અપનાવવું પડે તેમજ હોય, તો હું નિર્બળતાને જ અપનાવીશ; અવિવેકી અને આતંકકારી બળને નહિ.

અશક્તિ અને અનેકનો અંત આણવામાં કામ લાગનારી તથા અવરનાં સર્વનાશનાં સાધન શોધનારી શક્તિ કે સિદ્ધિ - એ બેમાંથી કશું પણ ઈચ્છવા જેવું નથી. છતાં પણ એમાંથી કોઈ એકનું સ્વાગત કરવું જ પડે તેમ હોય, તો હું અશક્તિનું જ કરીશ; અવરનાં સર્વનાશની સામગ્રી બનવા માગનારી કે બનનારી શક્તિ કે સિદ્ધિનું નહિ.

સંસ્કારહીનતા અને બીજાને ફસાવવા, દબાવવા કે છેતરવામાં પટુતાવાળી, ચતુરાઈભરી, ચાલાક કહેવાતી, શ્રેષ્ઠતાના ગુમાનવાળી, સ્વચ્છંદી સંસ્કારીતા - બેમાંથી કશું પણ ઈચ્છવા જેવું નથી. છતાં પણ એમાંથી કોઈ એકનો સત્કાર કરવો જ પડે તેમ હોય, તો હું સંસ્કારહીનતાનો જ કરીશ; ચતુરાઈભરી, ચાલાક કહેવાતી, સ્વચ્છંદી સંસ્કારીતાનો નહિ.

* * * * *

## ૪૦. સન્માનની સુમનાંજલિ

પૃથ્વીના પેટાળમાં પ્રવેશ કર્યો, ને અનેક અવનવીન અને અલૌકિક એવા રહસ્યોની શોધ કરવા અનંત અથવા અસીમ આકાશમાં ઊડ્ડયન કર્યું. પૃથ્વીની પરિકમ્મા પૂરી કરીને, ચંદ્ર ને બીજા ગ્રહ-નક્ષત્રમાં મુકામ કરવાની તૈયારી કરી. સંહારનાં સર્વોત્તમ સાધનની શોધ કરી, ને વિસ્મયકારક વિજ્ઞાનના પ્રયોગો પણ કરી બતાવ્યા.

એ રીતે અભૂતપૂર્વ ને અજાયબીમાં નાખી દે એવું તે કેટલુંય કર્યું, ને એવું બીજું કેટલુંય તું કરી રહ્યો છે, પ્યારા માનવ ! પરંતુ તારી અંદરની દુનિયા પર કાબુ ના કર્યો, ને તારી આજુબાજુની દુનિયાને મદદરૂપ ના બન્યો તો શું કામનું ? એ બધું, કહે તો ખરો કે, શું કામનું ?

તારા જ્ઞાનવિજ્ઞાન ને તારા બુદ્ધિબળના વૈભવને લઈને, માનવતાના મંગલ માટેના મહાયજ્ઞમાં શામેલ થા, ને સંસારને છે તેનાથી વધારે સુખી, શાંત ને સહકારમય કરવાની કોશીશ કર. માનવતાને તારો ઉપાસ્યદેવતા કર, ને સૃષ્ટિના સર્વમંગલને તારો એકમાત્ર આદર્શ. આથી અનુપ્રાણિત થઈને આગળ વધ કે પુરુષાર્થ કર. તો તારો પોતાનો વૈભવ તો ધન્ય થશે જ, પરંતુ સાથે સાથે સંસારનું શ્રેય પણ સાધી શકશે.

પ્રગતિના પાવનકારી - પોતાના ને પારકાના અભ્યુદયના પરમ મંત્રને પ્રાણમાં પ્રસ્થાપીને આગેકૂચ કર ! મારી સન્માનની સ્નેહસભર, સુધામયી સુમનાંજલિ તને અવશ્ય મળી રહેશે.

* * * * *

## ૪૧. અંત નથી આવવાનો

સુખનો સનાતન વરસાદ વરસાવો કે દુ:ખના દાવાનલનું દાન દો; તમારે માટેના મારા અનુરાગનો, આદર ને વિશ્વાસનો, અંત કદી પણ નથી આવવાનો.

આનંદના અમીમય અર્ણવમાં અવગાહનનો અલૌકિક અવસર આપો કે શોકની સૂકી સરિતામાં સદાને સારુ સ્નાન કરવો; તમારે માટેના મારા અનુરાગનો, આદર ને વિશ્વાસનો, અંત કદી પણ નથી આવવાનો.

શાંતિના સુમધુર, સુવાસિત સુમનની મનહર માળા પહેરાવો કે અશાંતિના અંચલથી અંતરને અધિકાધિક આવૃત્ત કરો; તમારા માટેના મારા અનુરાગનો, આદર ને વિશ્વાસનો, અંત કદી પણ નથી આવવાનો.

માનના માદક મધુનું પાન કરાવો કે અપમાનની અનંત એવી અંજલી આપો; સફળતાના સ્વયંવરમાં સફળતા સાથે શામેલ કરો કે નિષ્ફળતાના નિરાશાજનક નાટકનો નટ થવાનો ઉપહાર ધરો; સંપત્તિના સ્વર્ગીય સુરાપાનનું સુખ દો કે વિપત્તિના વેદનામય વડવાનલ વ્યાકુલ કરો; તમારે માટેના મારા અનુરાગનો, આદર ને વિશ્વાસનો, અંત કદી પણ નથી આવવાનો.

કેમ કે એમાં બદલાની આશા નથી, ગણતરીની અભિલાષા નથી, ને વ્યવસાયની અભીપ્સા નથી. એની આગળ અને પાછળ એક જ પ્રેરણાત્મક મંત્ર છે, પ્રેમ, અથવા બીજી ભાષામાં કહેવું હોય તો કહો કે કર્તવ્ય.

એટલે જ કહું છું કે ગમે તે સ્થળ, સ્થિતિ કે સમયમાં પણ, તમારે માટેના મારા અનુરાગનો, આદર ને વિશ્વાસનો, અંત કદી પણ નથી આવવાનો.

* * * * *

## ૪૨. જેવાં છે તેવાં

તમે સુંદર છો કે અસુંદર, સુરૂપ કે કુરૂપ તેનો વિચાર મેં કદીયે નથી કર્યો. જેવાં છો તેવા મને ગમી ગયાં છો. મારી આંખ ને મારા અનુરાગથી આપ્લાવિત અંતરમાં વસી ગયાં છો ને હું તમને સુરૂપ ને સુંદર સમજું છું. જેવાં છો તેવાં તમને ચાહું છું ને મારાં માનું છું.

તમે સર્વગુણ સંપન્ન છો કે ગુણાતીત, સગુણ, નિર્ગુણ અથવા અલ્પ ગુણવાળાં, તેની ચિંતા મેં નથી કરી. જેવા છો તેવાં મને ગમી ગયા છો. મારી આંખ ને મારા અનુરાગથી આપ્લાવિત અંતરમાં વસી ગયા છો; ને હું તમને સર્વ ગુણ તથા શીલના સમુચ્ચયરૂપ ને સર્વ કાંઈ સમજું છું. જેવાં છો તેવાં તમને ચાહું છું ને મારા માનું છું.

તમે જ્ઞાન તથા શક્તિની સીમારૂપ છો કે અશક્તિમાન અને અલ્પજ્ઞ, એની આશંકા મને નથી થઈ. જેવા છો તેવાં મને ગમી ગયાં છો. મારી આંખ ને મારા અનુરાગથી આપ્લાવિત અંતરમાં વસી ગયાં છો; ને હું તમને સંપૂર્ણ શક્તિ ને સર્વોતમ જ્ઞાનના સારરૂપ સમજું છું. જેવાં છો તેવાં તમને ચાહું છું ને મારાં માનું છું.

તમારામાં જે કાંઈ છે ને હશે તે સઘળા સાથે હું તમને પ્રેમ કરું છું, ને કરીશ; વળગી રહ્યો છું ને વળગી રહીશ; ભજું છું ને ભજીશ; અથવા જપું છું ને જપીશ. તમારા સર્વવિધ સ્વરૂપમાં તમે મારાં છો, ને મારાં જ રહેવાના છો. જેવાં છો તેવાં તમને ચાહું છું ને મારા માનું છું.

* * * * *

## ૪૩. એક જ હાથનું છેટું

એક અપરિચિત એવાં આવાસમાં હજાર હાથ ઊંડે સુવર્ણ ને મોતીની માળાઓ ને સોનામહોર દાટેલી હતી. બે મિત્રોને એની ખબર પડી. એ એમને કાઢવા તૈયાર થયા. હથિયાર ને બીજી સામગ્રીથી સજ્જ થઈને તેઓ અંધારિયા એકાકી આવાસમાં આવી પહોચ્યા.

એક મિત્રે એ સ્થળમાં ખોદવા માંડ્યું. પ્રખર પરિશ્રમ પછી એણે નવસો ને નવ્વાણું હાથ સુધી ખોદી કાઢ્યું; પરંતુ કાંઈ જ ના મળતા એ હતાશ થયો. ભગ્નહૃદયે એણે પોતાના હથિયાર મુકી દીધા.

બીજા મિત્રે કહ્યું : હતાશ શા માટે થાય છે ? તારે ને નસીબને, સંભવ છે કે, એક જ હાથનું છેટું હશે. પરંતુ એનું મન આગળના પુરુષાર્થ માટે ના માન્યું

બીજા મિત્રે તે પછી એક જ હાથ વધારે ખોદ્યું, ને દાટેલો ભંડાર હાથ કર્યો.

* * * * *

## ૪૪. બે દ્રશ્યો

અંધકારના આવરણને આજુબાજુ બધેથી ભેદીને સૂર્યના પાવન પ્રકાશનું પ્રાકટ્ય થયું. પંખી પ્રસન્નતામાં પોકારી ઊઠ્યાં, દ્રુમ ડોલી ઊઠ્યાં, ને પત્રો તથા પુષ્પો પર બેઠેલાં તુષારબિંદુ એના આહ્‌લાદથી આપ્લાવિત થઇને ખરી પડ્યાં. એનું અવલોકન કરીને કોઇક કવિનું હૃદયબીન બોલી ઊઠ્યું : અંધકારથી ડરવાનું શું કારણ છે ? અંધકાર વિના અજવાળું છે જ ક્યાં ? પ્રકાશના પાવન પ્રકટીકરણ માટે અંધકાર અનિવાર્ય છે.

*

તાપે તપેલી ધરતી આકુળવ્યાકુળ થઈને અંતરના અંતરતમમાંથી પોકારી ઊઠી, ત્યારે વાદળ એની વહારે આવ્યાં, ને વરસાદની અમીધારાનો આરંભ થયો. વ્યાકુળતાને વિસારીને પૃથ્વીનો પ્રાણ થોડી વારમાં પાછો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયો. આની ઝાંખી કરીને કોઈક કલાકારના કોમળ કાળજામાંથી શબ્દાવલિ છૂટી : વ્યથાથી વિહ્‌વળ થવાનું શું કારણ છે ? તાપ વિના છાયા છે જ ક્યાં ? જે સહે છે તે જ શાંતિ મેળવે છે, ને વિપત્તિને વેદનાની વિષ વરાળ વેઠે છે, તે જ સુધામાં સ્નાન કરે છે. તાપ તેમજ વેદના છાયા તેમજ શાંતિ માટે અત્યંત અનિવાર્ય છે.

*

નિરાશ થયેલા ને જીવનના ઝંઝાવાતથી ને ઝેરથી તપીને આકુળવ્યાકુળ બનેલા માનવે એ બે દ્રશ્યો જોયાં ત્યારથી એ આશાથી અલંકૃત થયો, એનો શોક શાંત થયો ને જીવન પ્રત્યેનો એનો પ્રેમ તથા વિશ્વાસ વધી ગયો.

* * * * *

## ૪૫. સંસારનું સ્વરૂપ

અનેક રૂપ ને રંગથી સંપન્ન, માધુર્યથી મંડિત, આ સંસારનું નિરીક્ષણ કરીને વિદ્વાનો પણ વિમાસણમાં પડે છે. એને કોની સાથે સરખાવવો એની સમજ  સાક્ષરોને પણ નથી પડતી. પંડિતો પણ પોતાની પ્રખર પ્રજ્ઞાથી એનો પાર નથી પામી શકતા.

એવા જ એક પ્રખર છતાં પરિમિત પ્રજ્ઞાવાળા પંડિત પુરુષે મારી મુલાકાત માગીને, મને સંસારના સ્વરૂપ સંબંધી સવાલ પૂછ્યો; તો મેં તેમને નમ્રતાપૂર્વક પ્રત્યુત્તર આપ્યો : પંડિત પ્રવર, હું કોઈ પંડિત કે સાક્ષર નથી, પંરતુ કવિ છું. ને કવિતાની શૈલીમાં જ એનો ઉત્તર આપું છું. પંડિતના પાંડિત્યને બદલે કવિની કોમળ કલ્પના લઈને, કવિના રસમય હૃદયથી સંસારને સમજો, તો તેનું સ્વરૂપ કંઈક અંશે પણ સમજી શકાશે.

સંસાર એક સંગીતના સુંદર સમારોહ સરખો છે. એમાં વિવિધ વાજિંત્રો ને અનેક પ્રકારના તાલ તેમજ સ્વરનાં વાદ્યો છે. સઘળાં પોતપોતાના પ્રાકૃતિક, સ્વાભાવિક સંગીતસ્વર છોડ્યા કરે છે.

અથવા તો એમ પણ કહી શકો કે સંસાર બહુરૂપી ને વિવિધરંગી ફૂલના વિશાળ વન જેવો છે. જુદી જુદી ડાળી પર પ્રકટેલાં પુષ્પો એક જ માળીની માવજતથી મોટાં થયાં છે, મહેંકવાળાં બન્યાં છે, ને બહારથી ભિન્ન ભાસવા છતાં, એક જ કામ કરી રહ્યાં છે.

કોઈક વાર એમ થાય છે કે આ એક મહામેળો છે. અનંતકાળથી આરંભાયેલો આ મહામેળો હજુ પૂરો નથી થયો, અને અનિશ્ચિત કાળ લગી ચાલુ રહેવા સર્જાયો હોય એમ લાગ્યા કરે છે.

વ્યોમની પેઠે આ વિશાળ સંસારમાં અનેકાઅનેક નક્ષત્રો ને ગ્રહો, વીજળી ને વાદળ, તથા સૂર્ય ને ચંદ્રનો સંસાર થઈ રહ્યો છે.

અથવા તો સંસાર જુદી જુદી, નાની મોટી, સરિતાઓના સમુચ્ચસમો છે. પોતપોતાના સ્વતંત્ર સંગીતમાં મસ્તી માણતી સઘળી સરિતા સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરો તો, સાગરમાં સમાવા સારુ જ સરી રહી છે. કલેવર જુદાં; પણ અંતર એમનાં એક જ આલાપમાં ઓતપ્રોત બનીને આગેકૂચ કરી રહ્યાં છે.

બાકી તો આની સંપૂર્ણ સરખામણી શાની સાથે ને કેવી રીતે કરી શકાય ? અનેક રૂપ ને રંગથી સંપન્ન, માધુર્યથી મંડિત, આ સંસારનું નિરીક્ષણ કરીને વિદ્વાનો પણ વિમાસણમાં પડે છે. એને કોની સાથે સરખાવવો તેની સમજ સાક્ષરોને પણ નથી પડતી. પંડિતો પણ પોતાની પ્રખર પ્રજ્ઞાથી એનો પાર નથી પામી શકતા. તો હું તો કેવળ કવિ છું. એનો પૂરો પાર કેવી રીતે પામી શકું ?

* * * * *

## ૪૬. ભૂલવા અસમર્થ છું

તમારા અપાર, પ્રબળમાં પ્રબળ, પ્રેમને ભૂલવા હું એકદમ અસમર્થ છું.

સંસારમાં શ્વાસ લીધો ત્યારથી જ, માતાના મધુમય રૂપમાં તમે મારી માવજત કરી છે, ને તે પછી પણ, વિવિધ વેશ ધારણ કરીને, મને તમારા સ્નેહનો સુધામય પ્યાલો પાયા કર્યો છે.

એવી કોઈ ક્ષણ નથી જ્યારે તમે મારી ઉપેક્ષા સેવી હોય, ને એવું કોઈ સ્થળ નથી જ્યાં તમે તમારા સનાતન, સ્વર્ગીય સ્મિત સાથે મારું સ્વાગત ના કર્યું હોય. તમારી સ્નેહ સિતારના સુખદાયક, શાંતિપ્રદાયક સરોદના શ્રવણ માટે મેં કદાચ ઉદાસીનતા બતાવી હશે, પરંતુ તમારું સંગીત તો સાંજ સવાર ચાલુ જ રહ્યું છે. આ અવનીમાં મેં આંખ ખોલી ત્યારથી તે આજ સુધી તે ચાલુ જ રહ્યું છે.

પ્રેમની પરિમલ પ્રફુલ્લ માળા લઈને તમે મારું સદાયે સ્વાગત કર્યું છે, ને પ્રતિકુળ પ્રસંગે કે સંકટમય સંજોગોમાં પણ, તમારો સાથ એવો જ અક્ષય રાખ્યો છે.

એ અનુરાગને અધકચરી અથવા અત્યંત અલ્પ અંજલિ આપી શકું, અને એવી અંજલિ અનેકવાર આપી છે પણ ખરી : પરંતુ એનો બદલો મારાથી કેમે કરી નથી વાળી શકાય તેમ. વરસતો વરસાદ જ્યારે પોતાની પૃથ્વીના પ્રેમ ને આભારની અભિવ્યક્તિ કરી રહ્યો છે ત્યારે કૃતજ્ઞતાની કવિતા કરતાં, સ્નેહના સાર સમી એક જ પંક્તિ કહી શકું છું, કે તમારા અપાર, પ્રબળમાં પ્રબળ, પ્રેમને ભૂલવા હું એકદમ અસમર્થ છું.

* * * * *

## ૪૭. જીવન ને મરણ

જીવન ને મરણ ... ! લોકો એમાંથી એકનો ઉત્સવ કરે છે ને બીજાનો શોક. એકને માટે આનંદની અભિવ્યક્તિ ને બીજાને માટે આક્રંદ. પણ એમના રહસ્યને ભાગ્યે જ કોઈ જાણે છે. ને જે જાણે છે તે હર્ષ ને શોક, ઉલ્લાસ ને આક્રંદ, ઉભયથી, અતીત થઈ જાય છે.

નાટકના રંગમંચ પર એક અભિનયપટુ અભિનેતા આવે ને પાઠનો પ્રારંભ કરે તે જીવન, ને વિશ્રામની કક્ષામાં પ્રવેશ કરવા રંગમંચ પરથી વિદાય થાય તે મરણ.

અથવા એમ કહો કે ઉસ્તાદના હાથમાં સુશોભિત, સુંદર સિતારનો સૂર છૂટે તે જીવન, ને સિતારમાંથી કામચલાઉ સમય સારું સૂર છૂટે નહિ ને શાંત થાય તે મરણ.

અથવા તો પ્રભાતના પ્રથમ પ્રહરમાં, પંખી પોતપોતાના માળા મૂકીને, વિહાર માટે નીકળી પડે તે જીવન, ને સમીસાંજે, સંધ્યાની સુરખિ શરૂ થતાં કે સમાપ્તિ પર પહોંચતા, પોતાના માળામાં પાછા પ્રવેશ કરે તે મરણ.

અથવા તો પીયૂષના એક પ્યાલાને અધર પર અડાડી પીયૂષનું પાન કરવામાં આવે તે જીવન, ને એ પ્યાલાને અલગ કરીને બીજા પીયૂષ પ્યાલાનું પ્રદાન કરવામાં આવે તે મરણ.

જીવન ને મરણ ... ! લોકો એમાંથી એકને સુહ્રદ સમજે છે, ને બીજાને શત્રુ. એકને આદરથી અવલોકે છે, ને બીજાને અનાદરથી. એકથી નિર્ભય બને છે, ને બીજાથી ભયભીત. પરંતુ એમના મર્મને કોઈક, ને કવચિત જ જાણે છે. જે જાણે છે તે હર્ષ ને શોક, આદર ને અનાદર, નિર્ભયતા ને ભય, સૌથી પર બની જાય છે. તેને માટે જીવન જ જીવન રહી જાય છે, એકમાત્ર અમર જીવન રહી જાય છે, ને મરણ મરી જાય છે.

* * * * *

## ૪૮. કવિતાની કમનીયતા

કલ્પનાના કોટિકોટિ કુસુમોથી કમનીય બનેલા, કવિના કાવ્યસંગ્રહને નિરખીને, એક અક્કડ, અભિમાની એવા ભાષાવિદે ભાખ્યું : આમાં કાંઈ જ નથી. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ સંગ્રહ સાવ સાધારણ છે. આમાં કશી જ નોંધપાત્ર વિશેષતા નથી.

શાસ્ત્રનો સાર સમજી ચૂકેલા એક સાક્ષરવર્યે, પોતાનો અપેક્ષિત અભિપ્રાય આપતાં કહેવા માંડ્યું : આટલી અલ્પ અવસ્થાએ શબ્દો તેમજ ભાવો પરનો આ અધિકાર એકદમ અસાધારણ કહેવાય. અંતરની અક્ષરદેહની અભિવ્યક્તિ એકદમ અલૌકિક અથવા અનેરી કહેવાય. એને માટે મારાં અનેકાનેક આત્મિક અભિનંદન !

કુસુમને કેશમાં કલાત્મક રીતે ગૂંથીને કિલ્લોલ કરતી કોઈક કુમારિકાએ કવિ પરના કાવ્યાત્મક કાગળમાં કહ્યું : કવિ, કુસુમની મનહર માળા જેવી કાવ્યની કૃતિ માટે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરું છું. મારા જેવી કેટકેટલી કામણગારી, કોડીલી, કન્યાઓના કાળજાને તેં કામણ કર્યું છે, તે કેમ કરીને કહી બતાવું ? એ સૌની હું પ્રતિનિધિ છું. તારી કાવ્યકૃતિથી મુગ્ધ થઈને મારું સર્વસમર્પણ કરવા કે તારી થવા તત્પર છું.

પ્રકાશકે કહ્યું : મહાશય, સંગ્રહ હતો તો સારો, પણ નવા કવિનો, એટલે મને થયું કે નહિ ચાલે, ને મેં છાપવાની ના પાડી. પણ આ તો ભારે સફળ થયો, અને અસાધારણ અસર ઉપજાવી ગયો. હવે બીજી આવૃત્તિ મને જ સોંપજો.

કવિના કોમળ કાળજાએ કહ્યું : મારી કથા કોઈ જ નથી કહેતું. મારાં કેટકેટલાં ક્રંદન આ કાવ્યોમાં ઠલવાયાં છે, કરુણાની કેટકેટલી કથા આની કડીએ કડીમાં કહેવાય છે, કેટકેટલા આનંદની અનુભૂતિ, ને પીડા તથા પ્રાર્થનાનું પ્રકટીકરણ ... ! મારી કથા તો કોઈ જ નથી કહેતું.

આત્માએ અવાજ આપ્યો : અરે અભાગી ! આજે પણ તું શાંત નથી રહેતું ને પ્રસન્ન નથી થતું ? રસની અખંડ, અલૌકિક અનુભૂતિમાં પોતાની સહજ વિસ્મૃતિ, એ તો સાચી કવિતાની કલાત્મકતા કે કમનીયતા છે. આજે પણ તું શાંત નથી રહેતું ?

* * * * *

## ૪૯. રક્ષા કરો

વિજ્ઞાનની વિશાળ શક્તિ વિઘાતક બનીને સૃષ્ટિની સુખ શાંતિ ને સમૃદ્ધિને બદલે સૃષ્ટિના સંહારનું સાધન થઈ રહી છે. એટમ, હાઈડ્રોજન કે કોબાલ્ટ જેવા કૃતાંતના દૂતસમા બોમ્બનો સંગ્રહ કરીને, અહંકારી, મદોન્મત્ત માનવ, સંસારના સર્વનાશના સાગરતટ પર આસન વાળીને જાણે કે બેસી રહ્યો છે.

વાતો વહાલની પણ વૃત્તિ વેરની, શબ્દો શાંતિ ને સહકારના પરંતુ સાધના અશાંતિ અને અસહકારની. એવા માનવનેતા પોતપોતાના પક્ષ ને બળની અભિવૃદ્ધિ કરવાની જાણે કે સ્પર્ધામાં પડ્યા છે, ને એને સારુ શક્ય એવાં અને એટલાં સઘળાં સાધનનો આશ્રય લઈ રહ્યા છે.

અંગાર અનેક છે, ને આજુબાજુ બધે જ કોલસા છે. એના પર પવન નાખવામાં આવે એવી અવસ્થા છે. એમાંથી ક્યારે જવાળા ફાટી નીકળે ને સર્વભક્ષી બને એ એકદમ અચોક્કસ છે. પરંતુ વિધ્વંસ ને વિપ્લવનાં વાદળ ચારેબાજુ ઘેરાયેલાં છે, અને આતંકની આશંકા છે, એટલું તો ચોક્સ છે.

કવિ તરીકે જ નહિ, પરંતુ તમારા એક પરમ પ્રામાણિક, પુરાણા, પ્રેમી તરીકે પણ, મારી તમને પ્રાર્થના છે કે માનવના મનની મલિનતાનું માર્જન કરો, માનવને સાચા અર્થમાં માનવ કરો, ને માનવની બુદ્ધિ તથા વિજ્ઞાનની શક્તિનો, સંસારની સુખાકારી ને સમૃદ્ધિ સારુ, સમન્વય કે સદ્ઉપયોગ કરો. એ રીતે સંસ્કૃતિની તો ઠીક, પરંતુ એનું સર્જન કરનારા મહામહિમાવંતા, મહામૂલ્યવાન, માનવ મનની રક્ષા કરો !

* * * * *

## ૫૦. માટે જ મેં માગ્યું છે

અનંતકાળ સુધીનું જીવન મળે, અંખડ યૌવનની પ્રાપ્તિ થાય, ને વૃદ્ધાવસ્થા તથા વ્યાધિરહિત અવસ્થાયે આવી જાય. અખૂટ ઐશ્વર્ય, આદર ને સુખસાધનાથી જીવન સંપન્ન થાય તેમજ પ્રજ્ઞાના પ્રકાશે પ્રકાશિત: ને ઉપનિષદકાળના પેલા ઋષિએ કહ્યું છે તેમ, સો સો શરદ સુધી શરીરની સ્વસ્થતા સાચવીને, શ્રવણથી સારું સાંભળી શકાય, આંખથી સારી રીતે અવલોકાય, ને મનથી મનન થાય.

તો પણ, તમારા વિનાનું એ જીવન નીરસ ને ભારરૂપ જ થઈ પડશે. તમારા દર્શન, સ્પર્શન ને તમારી સેવા સિવાયનું જીવન ભાગ્યે જ કોઈ વિશેષ કામનું થઈ શકશે.

માટે જ મેં માગ્યું છે કે બીજું તો જે મળવાનું હોય તે મળે, કિન્તુ તમારું મધુમય, મૂલ્યવાન મહામિલન તો મને કાયમને માટે મળે ને મારા અલ્પ અથવા અનંતકાલીન જીવનને જીવનથી ભરે, કૃતાર્થ કરે !

* * * * *

## ૫૧. અખંડ આરાધના

મારું સમસ્ત જીવન તમારી અલૌકિક, ઉચ્ચોચ્ચ ઉપાસનાના નમૂનારૂપ બની ગયું છે, અથવા કહો કે તમારી પ્રેમપૂર્ણ પૂજાના પ્રતીકરૂપ.

સૂઈ જાઉં છું ત્યારે તમારા જ સુંદર, સુધામય શરીરનો સંસ્પર્શ પામીને આરામનો આસ્વાદ પામું છું, ને જાગ્રત થયે તમારી જ ઝાંખી કરું છું.

ભોજન કરતાં તમારો જ મહાપ્રસાદ તમને અર્પણ કરું છું, ને પાન કરતાં તમારી જ પ્રસન્નતાનું પીયૂષ તમને સમર્પિત કરીને કૃતાર્થ થઉં છું.

પૃથ્વીનો પ્રવાસ કરતાં તમારી જ પ્રદક્ષિણા કરું છું, ને આરામ કરતી વખતે તમારા મંગલ મહિમામાં મળી રહું કે એકરૂપ થાઉં છું.

એ રીતે તમારી આરાધના મારા પ્રાણના પ્રત્યેક પાસામાં ને જીવનના એકેક અંગમાં ફરી વળી છે. તમારી આરાધનાને માટે મારે એકાંતમાં આસન વાળીને આંખ મીચવાની, ને એના પરિણામે પ્રાપ્ત થનારા પીયુષપાનને માટે જીભને કાપીને તાલુસ્થાને લગાડવાની, આવશ્યક્તા પણ હવે નથી રહી. મારી આરાધના એવી અનેરી, અમોઘ અને અખંડ થઈ છે !

* * * * *

## ૫૨. સંસ્મરણની સામગ્રી

વિશ્વના વિવિધ વાતાવરણમાં વસીને, સનાતન શાંતિ તથા સંપૂર્ણ સુખથી સંપન્ન તે જ બની શકે, જે પોતાની અંદર, અંતરના અંતરતમમાં લીન થાય, અથવા આત્મામાં ઓતપ્રોત બની જાય. સાંસારિક સુખ ને આનંદની આશાથી રાતદિન રડનાર ને ફેરા ફરનારને તેની પ્રાપ્તિ કદાપિ ના થઈ શકે. એટલા માટે, કહેવાતા ઈન્દ્રજન્ય આનંદની આકાંક્ષા તેમજ શોધને છોડી દે, ને સર્વશક્તિમાનના ક્ષીરસાગરમાં ડૂબકી મારી લે !

વિશ્વના વિવિધ વાતાવરણમાં વસીને, સનાતન શાંતિ તથા સંપૂર્ણ સુખથી સમૃદ્ધ તે જ બની શકે, જે સંસક્તિનાં બધાં જ બંધનને નિર્દયતાપૂર્વક તોડી નાખે, ને પોતાના જ્ઞાનની સમસ્ત સંપત્તિ પોતાની ને પારકાની પ્રસન્નતા સારું સુરક્ષિત રાખે કે વાપરી નાખે. એટલા માટે કહેવાતા ઈન્દ્રિયજન્ય આનંદની આકાંક્ષા તેમજ શોધને છોડી દે, ને સર્વશક્તિમાનના ક્ષીરસાગરમાં ડૂબકી મારી લે !

વિશ્વના વિવિધ વાતાવરણમાં શ્વાસ લઈને, સનાતન શાંતિ તથા સંપૂર્ણ સુખથી સુશોભિત તે જ બની શકે, જે સાંસારિક પદાર્થોના માલિકીપણાનો ત્યાગ કરી દે, ને પોતાનું મુખત્યારનામું ઈશ્વરના હાથમાં અર્પણ કરીને શાંતિનો શ્વાસ લે. એટલા માટે, કહેવાતા ઈન્દ્રિયજન્ય આનંદની આકાંક્ષા તેમજ શોધને છોડી દે, ને સર્વશક્તિમાનના ક્ષીરસાગરમાં ડૂબકી મારી લે !

આવાગમનનો અંત એ પછી જ આવી શકે, અને આત્મા પણ ત્યારે જ મુક્તિના મહારસને માણી શકે. શોધ સફળ બને તથા તૃષાને તૃપ્તિ મળે. સંતપુરૂષના આ સ્વર્ગીય સંગીતને સાંભળી લે, ને સંસ્મરણની સામગ્રી કરી દે !

* * * * *

## ૫૩. મધુમય મહીની કલ્પના

વિજ્ઞાનની મદદથી માનવે હવે પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી કરી છે, ને ચંદ્રમાં મુસાફરી કરવાના સ્વપ્ના શરૂ કર્યા છે. એની અભિલાષા સફળ થવાની સંપૂર્ણ શક્યતા છે.

સંસ્કૃતિની વાતો કરનારો માનવ સૌને રોટી ને રોજી પૂરી પાડવાની પ્રવૃત્તિ કરે છે, ને સૌને આશ્રયસ્થાન અને વિદ્યાની પ્રાપ્તિ થાય એવી યોજના ઘડે છે. કારખાનાં ને નહેરો તથા બંધોનું નિર્માણ કરીને ઉત્પાદનને વધારવાની ને જીવનધોરણ સુધારવાની એ કોશીશ કરે છે. એની યોજના કે કોશીશ સફળ થવાની સંપૂર્ણ શક્યતા છે.

એ બધુ જોઈને મારો પ્રાણ પ્રસન્ન થાય છે. પરંતુ માનવના પ્રાણને જો કેદ કરી દેવામાં અને અનેક પ્રકારની ધાકધમકી, યંત્રણા ને ગુલામીથી ગૂંગળાવી નાખવામાં આવશે, તો સંસ્કૃતિની એ સાધના સર્વોત્તમ નહિ કહેવાય. એવી સાધના ને સંસ્કૃતિ મારા અલૌકિક, અસાધારણ, આત્માની આરાધનાના આધારરૂપ નહિ બની શકે, જેમાં બીજું બધું જ હશે, ને સર્વોત્તમ સ્વરૂપમાં હશે, પરંતુ માનવ નહિ હોય, માનવની મુક્તિની માવજત તથા મહેફિલ નહિ હોય ને માનવને નામે દાનવનું વર્ચસ્વ ફેલાયું હશે.

ના, ના, એવી સાધના ને એવી સંસ્કૃતિને ઉપાસીને કે સ્વીકારીને હું શું કરીશ ? મારો આ દેવદુર્લભ, દેવપ્રિય, દેવદૂત દેશ પણ શું કરશે ? દુનિયા પણ શું કરશે, ને એનો આરાધક સમાજ પણ શું કરશે ? દેશને જ નહિ, દુનિયાને પણ એ દાવાનળમાં ધકેલી દેશે. માટે જ મારી અરજ છે કે એ સંસ્કૃતિ ને સાધનનો સમન્વય કરો; પૂર્વ ને પશ્ચિમનો સંગમ કરો. તમારું વિજ્ઞાન ને અમારું માનવ-સુધાર તથા સમુન્નતિ ને માનવ-સ્વતંત્રતાનું શાસ્ત્ર ભલે એક કરો અને એવી એકતાને પરિણામે, માનવના અંતરને આલોકિત કરો ને સદાને સારુ ઊર્ધ્વગામી કરીને, માનવ ને માનવસંસ્કૃતિની સુરક્ષા કરો; એમના સાચા સંરક્ષક ઠરો.

કવિની જુગજૂની, મધુમયી મહીની કલ્પના એ રીતે સાકાર કરો !

* * * * *

## ૫૪. યુદ્ધના આરે ઊભેલાને

ભાઈઓ, આ આનંદમય, અમૃતસભર, અનેરી અવનીમાં આવીને, અમૃતનો આસ્વાદ લેવાને બદલે, શા સારૂ વિષની વિકરાળ વરાળને વીંટળાઈ વળો છો ? તમે તો પીયૂષના પુત્રો છો, ને પીયૂષને પાવા તથા પીવડાવવા માટે જ તમારો આવિર્ભાવ છે. છતાં પણ, આ આજના અલૌકિક અવસર પર, રસથી રક્ત બનીને ધરતીને રસવંતી કરવાને બદલે, રસનો હ્રાસ શા માટે કરી રહ્યા છો ?

તમારા શસ્ત્રોના ઢગલાથી ધરિત્રીનું હૈયું હાલી ઊઠ્યું છે, ને રડી રહ્યું છે. તમારા બોમ્બ ને તમારી વિસ્ફોટક, વિનાશક શસ્ત્રસામગ્રીથી તેનું તેજસ્વી મુખમંડળ જરા મ્લાન થયું છે, ને મન મૂંઝવણમાં પડ્યું છે. તમને પરસ્પર લડી મરતા ને લડવાની તૈયારી કરતા નિહાળીને તેનો પ્રાણ પોકારી ઊઠ્યો છે, ને એનો આનંદપૂર્ણ આત્મા આક્રંદ કરી રહ્યો છે. માતાની મીઠી નજરે એ તમને નિહાળે છે, તથા તમારી માવજત કરે છે. છતાં તમે એક જ માતાનાં સંતાન થઈને, આજે જ્વાલામુખીના મુખને ખોલવાની, ને એના અંતરસ્તલને બાળવાની કોશીશ કરી રહ્યા છો. એ અવલોકીને એનું કાળજુ કપાઈ ગયું છે, એની ઊંઘ ઊડી ગઈ છે, ને એની સૂધબૂધ જતી રહી છે.

ભાઈઓ, આ બધી અરેરાટી ઉપજાવતી તૈયારી શા માટે ? ધરતી તમારી સૌની છે, ને તમે તેના છો. છતાં એના જ અંક પર આસીન થઈને, સર્વનાશની આ સનાતન સાધના શા માટે ? આ ટીકા ને વેરભાવ, તથા શા માટે આ સર્વ સંહારની આરાધનાનો આરંભ ? એક જ મંગલ મહોત્સવમાં મહેમાન થઈને, શા માટે આ અમંગલ ઉજાણી ? એક જ ઉત્તમ ઉપવનમાં એકત્રિત થઈને, શા માટે કુવાસની આ કારમી લહાણી ?

આવો, અમૃતસરોવરમાં સ્નાન કરીએ, શસ્ત્રો ને બોમ્બને ફોડવાને બદલે સાગરમાં છોડી દઈએ; ને માળાનાં પંખીની પેઠે એક અવનીનાં સુખી, દૈવી નિવાસી થઈએ. અનેકને માટે એ રીતે આશીર્વાદરૂપ બની જઈએ ! આ આનંદમય, અમૃતસભર, અનેરી અવનીને આનંદમય, અમૃતસભર કરી દઈએ !

* * * * *

## ૫૫. અભિલાષા

અનંતકાળથી સંસારનું સનાતન, ચંચળ ચક્ર ચાલ્યા જ કરે છે એનો પ્રારંભ કોણે કર્યો કે ક્યારે થયો, અને એની પૂર્ણાહુતિ ક્યારે ને કોને હાથે થવાની છે, તે તો કોણ જાણે, પરંતુ અનવરત રીતે એ ચક્ર ચાલ્યા જ કરે છે. અંનતકાળથી સંસારનું સનાતન, ચંચળ ચક્ર ચાલ્યા જ કરે છે.

એમાં પરિવર્તન કરનારા ને પ્રાણ પૂરનારા પ્રાણવાન પુરુષો પણ પેદા થાય છે, તથા એને માટે અભિશાપરૂપ થનારા અને એના નાશની નૃશંસલીલા કરનારા નરાધમો પણ એમાં આવી જાય છે.

એક બાજુ એને સુખમય, શાંતિમય ને સમૃદ્ધ કરવાના પ્રયાસ થાય છે, તો બીજી બાજુ એ પ્રયાસનો પ્રતિકાર થતાં, માનવની સઘળી શુભ સાધના નિષ્ફળ જાય છે. એક બાજુ વૃષ્ટિની શરૂઆતથી સઘળું સુધાસભર થયેલું લાગે છે, તો બીજી બાજુ તીખા તાપથી ધરતીના રહ્યાસહ્યા રસકસમાં પણ, વેદનાની વીણા વાગે છે. એક તરફ માળી બીજની સૃષ્ટિ કરે છે, ત્યાં જ બીજી તરફ કરાળ કાળ જેવા કોઈક માનવને હાથે તે માટીમાં મળે છે.

એવી વિરોધી રમત ન જાણે કેટલા કાળથી ચાલ્યા જ કરે છે. ધરતીનું વિષ ને મહાપુરુષો, અવતારી પુરુષોનું અમૃત ખૂટતું જ નથી. એમની વચ્ચે અનાદિકાળથી, સનાતન સમયથી, સ્પર્ધા ચાલ્યા જ કરે છે. હવે અમૃતનો વિજય થાય, સુધાસીંચનની સાધના સફળ થાય, સર્વત્ર ને સર્વે સમય સફળ થાય, એ જ ઈચ્છા છે, અભિલાષા છે !

* * * * *

## ૫૬. તમારી સ્મૃતિ

આજે આ ખુલ્લા સ્મિત કરનારા આકાશને અવલોકીને, મને તમારા અંતરની અલૌકિકતાની સ્મૃતિ થયા વિના નથી રહેતી. એ અંતર આવું જ સુમધુર, સુખદ ને શાંતિમય છે. એમાં અશુદ્ધિનો અંશ પણ નથી દેખાતો. તમારા એ અમૃતઆલોકિત અંતરની સ્મૃતિ પણ કેટલી બધી સુખદાયક ને શાંતિકારક છે !

આજે આ ખુલ્લા વાદળ વિનાના વ્યોમને વિલોકીને મને તમારા વદનની સ્મૃતિ થયા સિવાય નથી રહેતી. એ વદન આવું જ અનેરું, અલૌકિક અને અસાધારણ સુંદરતાથી સંપન્ન છે. એમાં ક્યાંય અસુંદરતાનો અંશ પણ નથી દેખાતો. તમારા એ વહાલ વરસાવતા, વસંતના વેણુવાદન જેવા, વદનની સ્મૃતિ પણ કેટલી બધી સુખદાયક ને શાંતિકારક છે !

તમે દૂર છો; ને આપણી વચ્ચે આ અનંત પર્વતમાળા પ્રસરેલી છે, એ હું જાણું છું. તમે દૂર છો, ને આપણી વચ્ચે આ સેંકડો સરિતા સાગર સ્રોત સુતેલાં છે, એ હું જાણું છું. છતાં કલ્પનાની પાંખ પર બેસીને, કવિતાની કુસુમમાળા સાથે હું તમારી પાસે આવી પહોચ્યું છું. કરોડો કામદેવની કમનીયતાને પણ ક્ષુલ્લક કરી દેનારા રૂપની રસવાટિકામાં હું ભ્રમર બનીને ભમું છું, ને તમારા રસના સરોવર સરખા હૃદય પર રાસ રમું છું.

તમારી દૃષ્ટિના દૈવી આસ્વાદનો જ આ આકાશ અનુભવ કરે છે, ને તમારા રસામૃતનું પાન કરતાં, તમને એકીટસે જોયા કરે છે. તમારા સનાતન સૌન્દર્ય રસમાંથી એને પણ સુંદરતા તથા તૃપ્તિ મળે છે. તમારું જગત તમારા દર્શનથી અવનવું બને છે, મારી કવિતાની જેમ તમારા શ્રીચરણે સમર્પિત થવામાં ગૌરવ ગણે છે.

* * * * *

## ૫૭. કયી વાતની કમી

તમારી સલામત છત્રછાયા જેને સાંપડી જાય છે, તથા તમારા અમૃતવર્ષણ કરનારા અભય કરથી જેનું મસ્તક મંડિત થાય છે, એને આ ભવાટવીમાં શો ભય છે, શેની ચિંતા છે તથા કયી વાતની કમી છે ?

તમારી અમીમય આંખ જેની આંખ સાથે એક થાય છે, તથા તમારા આત્મા સાથે આત્માનું અનુસંધાન અથવા એકત્વ સાધીને જે શાંતિનું ગીત ગાય છે, એને આ ભવાટવીમાં શો ભય છે, શેની ચિંતા છે, તથા કયી વાતની કમી છે ?

તમારા સુખમય સહવાસમાં જે સદાને સારુ સ્નાન કરે છે, તથા તમારા પ્રેમપીયૂષના પાનથી જેનો પ્રાણ પ્રફુલ્લિત, પરમતૃપ્ત ને પાવન બને છે, એને આ ભવાટવીમાં શો ભય છે, શેની ચિંતા છે, તથા કયી વાતની કમી છે ?

તમારા ગૌરવગીતોના ઘેનમાં ગળાબૂડ ડૂબી જાય છે, અને તમારી કૃપાના કલ્પદ્રુમની નીચે જેની કામના કૃતાર્થ થાય છે, એને આ ભવાટવીમાં શો ભય છે, શેની ચિંતા છે, તથા કયી વાતની કમી છે ?

તમારા રતિ કરતાં રૂપાળા રૂપ પાછળ જેવું હૃદય વારી જાય છે, ને જેનો પ્રાણભ્રમર તમારી કાયાનાં કોટિ કોટિ કમળ પર કેલિ કરીને કલ્યાણની કવિતા ગાય છે, એને આ ભવાટવીમાં શો ભય છે, શેની ચિંતા છે, તથા કયી વાતની કમી છે ?

એને ગ્રહોની શી ચિંતા, ને કુદરતી કોપ પણ એને શું કરી શકે ? એને પ્રારબ્ધની પીડા ક્યાં રહી, ને કર્મફળ પણ એને ક્યાંથી કેદ કરી શકે ? તમારાં ચંદનચર્ચિત, ચારુચરણમાં ચિત્તને ચોંટાડીને જે શ્વાસ લે છે, ને પોતાનું જે છે તે બધું જ એને અર્પી દે છે, એ તો કાયમને માટે નિર્ભય છે, નિશ્ચિંત છે; ને એને કયી વાતની કમી રહે છે ?

* * * * *

## ૫૮. અમાસની અંધારી રાતે

અમાસની અંધારી રાતે, અર્ણવ પરના એકાકી આવાસમાં, આપણી આંખ એક થઈ. તમારું તેજોમય, મધુર મુખ દેખીને મારો પ્રાણ પ્રસન્નતાથી પુલકિત થયો ને નાચી ઊઠ્યો. કરોડો કવિ એકઠા મળે તો પણ, તમારી કાયાની કમનીયતાની કવિતા કરી ના શકે; તો હું તો તેનું વર્ણન કેવી રીતે કરી શકું ?

આપણા અમીમય આલિંગનમાં અંતરે એકતાના આલાપ છોડ્યા, ત્યારે મેં તમને પ્રેમથી પરિપ્લાવિત થઈને પૂછ્યું; તમે મને ચાહો છો ? ખરેખર તમારો ગણો છો ?

તમે કાંઈ બોલ્યા નહિ, ત્યારે મેં ફરીવાર પૂછ્યું, ત્યારે તમારે મોઢે શરમના શેરડા ફરી વળ્યા. તમારા મધુમય મુખને મારી છાતીમાં સંતાડી દઈને, તમે મને વાણીમાં વ્યક્ત ના કરી શકાય, છતાં વાણીથી પણ વધારે વિશદતાથી ને વિસ્તારથી સમજી શકાય, એવો પ્રત્યુત્તર પૂરો પાડ્યો.

તમારી આંખમાંથી અંતર જાણે ઉમટી પડ્યું, ને મારી છાતી દ્વારા પ્રાણને પલાળીને કહેવા માડ્યું; તમે કહો તો ખરા કે તમારા વિના બીજા કોને ચાહું ? બીજું કોઈયે ચાહવા જેવું છે ખરું ? તમારા વિના બીજા કોને ચાહું ?

અમાસની અંધારી રાતે, અર્ણવ પરના એકાકી આવાસમાં એ રીતે જે વહાલની વર્ષા થઈ, તે મારા સમસ્ત જીવનમાં સુખની સૃષ્ટિ સર્જી ગઈ; જીવનમાં કાંઈક જીવવા જેવું ભરી ગઈ !

અમાસની અંધારી રાત મારે માટે પ્રેરક પૂર્ણિમા થઈ.

* * * * *

## ૫૯. સંગીતબિંદુ

આકાશના અંતરને એકાએક કોણ જાણે શું થયું કે સૂર્યનો પ્રકાશ એની અંદર છૂપાઈ ગયો, ને ખરે બપોરે સમી સાંજનો દેખાવ ઉપસ્થિત થયો.

વાદળની વિશાળ સેના એના પર એકઠી થઈ ગઈ; ગડગડાટ શરૂ થયા; ને ચપલ ચિત્તની ચપલા ચારે તરફ ચમકવા માંડી. આકાશના અંતરને એકાએક કોણ જાણે શું થયું કે પૂનમને ઠેકાણે અમાસની સૃષ્ટિ થઈ !

વરસાદની ધારા ધરતી પર એના સ્નેહસંદેશ સાથે ઢળવા લાગી ને ધરતી એ અનુરાગથી આનંદિત થઈ. એના અંતરસ્તલમાં વસંત જાગી ને વહાલની વેણુ વાગી. આકાશનાં અંતરને એકાએક કોણ જાણે શું થયું કે એના અણુએ અણુમાં આજે આહ્લાદક વીણા વાગી.

તમને જોઈને પણ એ જ રીતે મારા અંતરઆકાશમાં વહાલના વાદળ ઉમટી પડ્યાં છે ને વરસાદ શરૂ થયો છે. એના અણુએ અણુમાં અમૃતમયી વીણા વાગી છે ને વસંત જાગી છે. તમારા દર્શનથી એ જ રીતે મારા જીવનમાં વસંત જાગી છે.

મારી કવિતા એ એનો આછોપાતળો આભાસ છે; એના છૂટાંછવાયા સંગીતબિંદુ છે.

* * * * *

## ૬૦. કવિને

કોણે પાડ્યા છે આ પૂર્વ ને પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણના ભેદ ? વિશાળ વ્યોમની પેઠે વિશ્વના વિશાળ વાતાવરણને, કોણે આમ વાડા રચીને વહેંચી નાખ્યું છે ? એક જ અવનીના અર્ણવમાં આ અભેદભાવને ભૂલી જઈને, અનેકાનેક ઓવારા કોણે બાંધ્યા છે ? એક જ માતા ને એક જ પિતાના પરિવારની અંદર, અનેકત્વની અક્ષરાવલિ કોણે આલેખી છે ?

સંસાર સૌનો છે, ને સંસ્કૃતિયે સૌની. સંપત્તિ સૌની ને સુખકારીયે સૌની છે. એક જ સંગીતસમારોહના આ તો સાધન છે. અથવા વધારે સારા શબ્દોમાં કહો કે એક જ સિતારના આ તો સંગીતસ્વર છે. એક જ રવિના કોટિ કિરણ ને એક જ કમનીય કમળનાં જુદાં જુદાં દલ. એક જ વાયુની આ બધી લલિતશી લહરી, અને એક જ આકાશની આ તારકનગરી; એમની વચ્ચે દેશ ને કાળના, ઉત્તમ ને અધમના ભેદ કોણે પાડ્યા ? વર્ણ ને રંગના ભેદ કોણે પાડ્યા ?

ધરતીનાં બધા જ સંતાન એક છે, ને ધરતીનું સઘળું એમનું સહિયારું છે. એવા અવનવીન આહ્લાદક આલાપથી આ વાયુમંડળને વ્યાપ્ત કરી દે, ઓ સંગીતકાર ! અનેકતાની અંદર રહેલી એકતા અને વિસંવાદની વચ્ચે વસતા સંવાદ તરફ અંગુલિનિર્દેશ કરી લે ! વિશ્વના વિષમય વાતાવરણને એ રીતે ઓ કવિરાજ ! અમીથી ભરી દે, કે સંજીવન ધરી દે !

* * * * *

## ૬૧. કહીશ કે કોણ છે ?

કુંજમાંથી કૂજન કરતી કોકિલના કંઠમાંથી કામણ કરનાર કોણ છે ? તે જ તને કામણ કરે છે, તથા તારા કાળજાને કોમળ કરીને કાયમને કાજે કેદ કરે છે. કુંજમાંથી કૂજન કરતી કોકિલના કંઠમાંથી કામણ કરનાર કહીશ કે કોણ છે ?

પરિમલ ભરેલાં, પ્રફુલ્લ પુષ્પોની પાંખડી પર પ્રેમના પવિત્ર પરમાણુને પ્રકટાવીને, તને પ્રસન્નતાથી પરિપ્લાવિત કરનાર કોણ છે ? તે જ તને પરિપ્લાવિત કરે છે, તથા તારા પ્રાણને પ્રેમમય કરીને પ્રભુતાથી પલાળી દે છે. પરિમલભર્યાં, પ્રફુલ્લ પુષ્પોની પાંખડી પર, પ્રેમના પવિત્ર પરમાણુને પ્રકટાવીને, તને પ્રસન્નતાથી પરિપ્લાવિત કરનાર કહીશ કે કોણ છે?

સરિતા, સાગર ને સ્રોતના સુમધુર સલિલમાં, સ્વર્ગીય સંગીતનું શ્રવણ કરાવતાં, સ્નાન કરનાર ને સુખશાંતિમાં સ્નાન કરાવનાર કોણ છે ? તે જ તને સ્નેહની સ્વર્ગીય સુધામાં સ્નાન કરાવે છે, તથા તારા સર્વસ્વને સનાતન સુખથી સજી દે છે. સરિતા, સાગર ને સ્રોતના સુમધુર સલિલમાં, સ્વર્ગીય સંગીતનું શ્રવણ કરાવતાં, સ્નાન કરનાર ને સુખશાંતિમાં સ્નાન કરાવનાર કોણ છે ?

વ્યોમના વિશાળ વિતાન પર, અભ્રના અસાધારણ આસન પર આસીન થઈને, અનુરાગની અભિવ્યક્તિ કરનાર કોણ છે ? તે જ તારા તરફ વહાલને વ્યક્ત ને વહેતું કરે છે અને તારા અણુએ અણુને અલૌકિક કરે છે. વ્યોમના વિશાળ વિતાન પર, અભ્રના અસાધારણ આસન પર આસીન થઈને અનુરાગની અભિવ્યક્તિ કરનાર કહીશ કે કોણ છે ?

બાળકોની બેતાલ બોલીમાંથી, સ્નેહીજનના સરસ, શીતળ સ્પર્શમાંથી, ને અનેકની અમૃતમય, અજોડ આંખ કે કુદરતની કળાત્મક ક્રિયાથી, પોતાનો પુરાતન, પ્રેમપૂર્ણ પરિચય પૂરો પાડનાર કોણ છે ? તે જ પોતાના પ્રેમના પડછંદા પાડે છે, તેમજ હૃદયને રાગમય ને રસાળ કરે છે. તને જો આટલું સમજાઈ જાય તો જીવન જ્યોતિમય અને અવનવું થાય. અમાસના અંધારા આવાસમાં પૂનમનું પ્રભાત થાય, વેદથી વધારે વરવો વાયુ વાય, સાધના સમાપ્ત થાય, કે કલેશ કપાઈ જાય !

* * * * *

## ૬૨. મારી કલાત્મક કવિતા

તમારી કોટ્યાનુકોટી કલ્પનામાં કેદ ના થાય એવી કલાત્મક છે તમારા જ પ્રસાદરૂપે પ્રાપ્ત મારી કવિતા. તમને એની આગળ કોટિ કવિજનોની કવિતા કામની નહિ લાગે. તમારા અંતરમાં આહ્લાદ ભરીને તે તમને સનાતન ને સ્વર્ગીય સુખ પૂરું પાડશે. તમને એની અક્ષય આરાધનાથી આરામ મળશે.

કવિજનો તો કેટલાય થઈ ગયા છે, અને અનંત આકાશના તારા જેવા બીજા કેટલાય થયા કરશે. એમની કવિતા તમને ડોલાવશે, નચાવશે, ને કદાચ મુગ્ધ પણ કરતી રહેશે. એમની કવિતા તમને આશ્ચર્યચકિત પણ કરી દેશે. પરંતુ કાળનો પણ કોળિયો કરનારી, કાળજાની કુસુમમાળા જેવી મારી કવિતા તમારા કાળજાની કોર જેવી થઈ પડશે, ને તમારા જીવનની દીપમાળા બનીને, તમારા પથ પર પ્રકાશ્યા કરશે.

તે કોઈ સ્વર્ગની અપ્સરાશી આકર્ષક ને દેવના દૂત જેવી દૈવી નહિ લાગે તો હરકત નહિ. તેના કાળજામાં કરોડો કુસુમની કમનીયતા અથવા આકાશની અનંતતા નહિ લાગે તો પણ પરવા નહિ. એ તો આ ધરતી અને એના પર વસનારા તમારા અનન્ય આરાધકની અંજલિ છે અને એના સ્નેહની સુરાવલિ. તમારા પ્રાણને પુલકિત તથા પ્રેમથી પરિપ્લાવિત કરવા જ તે પ્રકટી છે. તમારી પૃથ્વીને પીયૂષથી પાવન કરવામાં જ તેની  કૃતાર્થતા છે. તેના તરફ તમે તમારી રસિક નજરે નિહાળશો તો પણ ઘણું.

કવિજનો તો કેટલાય થઈ ગયા, અને અબ્ધિના અગણિત તરંગની જેમ થયા કરશે. એમની કવિતા ગમેતેવી હોય ને હશે; પરંતુ મારી કવિતામાં તો એવું કામણ ભરી દો કે એના આસ્વાદથી આ આખીયે અવની અમૃતમય અને એક બને, ને સુખનો શ્વાસ લે. માનવના મનને એ મધુમય કરે, તથા પ્રાણને પ્રકાશે ભરે. એ રીતે તમારા સંસારની સેવાની સામગ્રી બનીને પોતાનું સમગ્ર ધન એ તમારા શ્રીચરણે ધરે ! એના આસ્વાદથી આત્મામાં અખંડ આનંદનો અનંત અર્ણવ ઊછળવા લાગે, ને જીવનને એવી માધુરી મળે જે કરમાય નહિ, ને દુ:ખ તથા દર્દના દાવાનળમાં પણ દિલને ના છોડે !

* * * * *

## ૬૩. આકાંક્ષાની અભિવ્યક્તિ

વિપત્તિનો વરસાદ વરસે, ને મસ્તક પર ઘોર ગગડાટ કરતાં ઘન ગરજે, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

ચિંતાની ચિતા ચારેકોર પ્રજળ્યા કરે, અને આપત્તિના અંગાર આજુબાજુથી અણધાર્યા આવી મળે, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

નિષ્ફળતા ને નિરાશાનું નર્તન થાય, અને અશાંતિ ને વેદના મારી આસપાસ પોતાનું ગીત ગાય, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

અમાસના અપાર અંધકારના ઓળા બધે ઊતરી પડે, ને પ્રકાશનું એકે કિરણ અને એથી આલોકિત આવાસ અથવા પ્રવાસનો પંથ પણ ના જડે, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

વહાલાં હોય તે પણ વિદાય લે, સ્નેહી સ્નેહ તેમજ સાથ છોડી દે, તથા સ્વાગત કરનારાં ને સ્તુતિ ગીત ગાનારાં અપમાન અને અભિશાપની સામગ્રી દે, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

ચારે તરફ ભલે કાદવ હોય, ને સ્મશાનના સાથી વિનાના સરોવરમાં જ કમળ બનીને શ્વાસ લેવાનું ને સ્નાન કરવાનું હોય, તો પણ મારા મુખમંડળની મધુતા મટે નહિ, ને મારા હૃદયનો રસભંડાર ખૂટે નહિ : મારું મેઘધનુશું સ્વાભાવિક સ્મિત મટે નહિ !

જીવનનો મારો રસ કદી પણ ના ખૂટે, વિશ્વાસ ના તૂટે, ને તારી સાથેનો સનાતન, સ્વર્ગીય, સુધામય સંવાદ ના છૂટે, સ્વપ્ને પણ ના છૂટે, ઓ મહાકવિ ! મારા કરુણા, પ્રેમ, પ્રશાંતિ ને તિતિક્ષાના અનેરી ઐશ્વર્યને કદી કાળ ને કોઈ પણ ના લૂંટે !

* * * * *

## ૬૪. સ્નેહનાં સ્વરૂપ

'મા'ની મધુમય મુખાકૃતિમાં, આ પૃથ્વી પર પ્રકટીને, સૌથી પહેલાં તેણે તને તેના દર્શનના દૈવી આનંદનો અનુભવ આપ્યો છે, એ હું જાણું છું. એ અદભૂત અનુભવ તેં નથી કર્યો ?

એનું પયપાન કરીને, એની સ્નેહસુધામાં સુખપૂર્વક સ્નાન કરીને, અને એના અનુરાગને અંતરમાં અને અંગેઅંગમાં ભરીને, આ પાવન પૃથ્વી પર તેં પા પા પગલી કરી છે, એ હું જાણું છું. એ વાતનું તને વિસ્મરણ થયું છે ?

સૂર્યોદય પહેલાંની સવારના પંખીના સુમધુર સ્વરથી પણ વધારે સુમધુર સ્વરે, તેણે તારું સ્વાગત કર્યું છે, અને અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિની પરવા કર્યા વિના, મીઠામાં મીઠી માવજતથી, તારા તન ને મનમાં, અરે સમસ્ત જીવનમાં, મધુ મઢ્યું છે, એ હું જાણું છું. એ સ્નેહની તને સ્મૃતિ છે ?

ને પછી, પ્રિયતમાના એક બીજા રૂપમાં, અભિનયનાં અવનવાં, અલૌકિક અજવાળાં પાથરતા, જીવનના રંગમંચ પર એણે પ્રવેશ કર્યો છે. એ પાત્રમાં પ્રવેશીને એણે એની સમસ્ત સંપત્તિનું તને સમર્પણ કર્યું છે, ને તારા જીવનને જ્યોત્સ્નાથીય વધારે આહલાદક અજવાળે ભર્યું છે, એ હું જાણું છું. એ અનેરો અનુભવ શું તું ભૂલી ગયો છે ?

સ્નેહનાં એ સર્વોત્તમ સ્વરૂપોમાં એની જરીક પણ ઝાંખી કરી શક્યો હોત, મમતા ને મધુરતાના એ મંગલ મધપૂડાના મધુને લેશ પણ જાણી શક્યો હોત, તો તું ઈશ્વરનો ઈન્કાર ના કરત, ઈશ્વરથી દૂર ના ફરત, ઈશ્વરના શ્રીચરણે તારું જીવન ધરત, ને મૃત્યુના મુખમાં પણ ના રમત.

* * * * *

## ૬૫. મહાગીતનો ગાયક કવિ

આ અનંત અવનીના કયા આકાશી આસન પર આસીન થઈને, તું તારું મધુમય મહાગીત ગાઈ રહ્યો છે, મારા મહાકવિ ! જેના પ્રતિધ્વનિ પૃથ્વીમાં પીયૂષરૂપે બધે જ પડી રહ્યા છે ? કયા અમીમય આવાસમાં આરામપૂર્વક આસીન થઈને, તું તારું મધુમય મંગલ ગીત ગાઈ રહ્યો છે ?

એના સુધાસભર શ્રવણથી ઉષા ને સંધ્યા ને રાત તથા દિવસ સમાધિમગ્ન બન્યાં હોય તેમ, કોણ જાણે કેટલાય કાળથી ફેરા ફર્યા કરે છે, ને તારા, ચંદ્ર ને સૂર્ય સંજીવન ને પ્રેરણા પામીને, પૃથ્વીને પ્રકાશે ભરે છે. સાગર એના સ્વર્ગીય સ્વાદથી સદા સંવાદ સાધે છે, મસ્તીમાં મહાલે છે, અને અભિસારિકા સમી સરિતા આગળ વધે છે. અંનત આકાશ એકદમ આશ્ચર્યચકિત થઈને, એના આસ્વાદમાં અંતરને ઓતપ્રોત કરીને, અનંતકાળથી ઊભું રહ્યું છે; પ્રેમમગ્ન પૃથ્વી પ્રસન્નપણે પરવશ જેવી પડી રહી છે; ને પર્વતો ઉન્નત મસ્તકે એની દિશામાં દેખ્યા કરે છે. તેમની તલ્લીનતા નથી તૂટતી.

આ સુધા સાગરશી સ્વાદુ સૃષ્ટિના ક્યા સુખમય સ્વર્ણ સિંહાસનને સુશોભિત કરીને, તું તારું મધુમય મહાગીત ગાઈ રહ્યો છે, મારા મહાકવિ ! જેના પ્રતિધ્વનિ પૃથ્વીમાં પીયૂષરૂપે બધે જ પડી રહ્યા છે ? કયા સુખમય સ્વર્ણ સિંહાસનને સુશોભિત કરીને, તું તારું મધુમય મંગલ ગીત ગાઈ રહ્યો છે ?

પદ્મો પ્રકટે છે, પુષ્પો પ્રફુલ્લી ઉઠે છે, ને પવન એથી પ્રમત્ત બનીને તારી પવિત્ર પદરજને પામવા માટે પ્રયાણ કરે છે. જડ ને ચેતનમાં બધે જ એની મોહિની ફરી વળે છે. બાળકોની બોલી, કેલિ અને આંખમાં એનું અમૃત વહે છે, ને સંસારમાં એના સ્વર સુંદરતા ને સુમધુરતા તથા સત્યનું સર્જન કરતા, પોતાના પુરસ્કર્તાની પુરાતન કથા કહે છે.

આ અનંત અવનીના કયા આકાશી આસન પર આસીન થઈને, તું તારું મધુમય મહાગીત ગાઈ રહ્યો છે, મારા મહાકવિ ! જેના પ્રતિધ્વનિ પૃથ્વીમાં પીયૂષરૂપે બધે જ પડી રહ્યા છે ? કયા અમીમય આવાસમાં આરામપૂર્વક આસીન થઈને, તું તારું મધુમય મંગલ ગીત ગાઈ રહ્યો છે ?

કવિએ કવિતામાં એટલું કહ્યું ત્યાં તો, રાતરાણીની સૌરભવાળી સમીરલહરી પર સવાર થઈને કવિ સમ્રાટે કહેવા માંડ્યું : અરે મારા માનીતા કવિ ! તને ખબર નથી ? તારી પાસેમાં પાસે, પ્રાણની પણ પાસે, તારા અંતરના આસન પર આસીન થઈને, હું મારું મહાગીત ગાયા કરું છું. ને તને જાણ નહિ હોય, પણ તારા જ સ્નેહસંગીતમાંથી સંજીવન પામીને, એના જ સુધારસથી સંસારમાં સરસતા ભરું છું ! તારા જ અંતરના અલૌકિક, અસાધારણ, અમૃતમય આસન પર આસીન થઈને, હું મારું મધુમય મહામહિમાવંતુ, મહાગીત ગાયા કરું છું !

* * * * *

## ૬૬. કવિનું ગીત

અસત્ય ને અન્યાયનાં નહિ પણ સત્ય ને ન્યાયનાં બળનો જ વિજય થશે. શોષણ, ત્રાસ ને જોરજુલમ નહિ, પણ પોષણ, સહાનુભૂતિ ને સહકારનાં બળો જ સફળ થશે. અશાંતિ નહિ શાંતિ, ને અંધકાર નહિ પણ પ્રકાશ જ સનાતન છે, અને આખરે એમનો જ મહિમા વિશ્વમાં વ્યાપક બનશે તથા દિશાપ્રદિશામાં ફરી વળશે. અસત્ય ને અન્યાયનાં નહિ પણ સત્ય ને ન્યાયનાં બળો જ વિશ્વમાં વિજયી થશે.

કષ્ટ, ક્લેશ કે કાલિમા નહિ પરંતુ સુખ, સંપ ને શુદ્ધિને જ છેવટે સફળતા મળશે, ને પ્રતિકુળતા નહિ પણ અનુકૂળતા જ વિજયને વરશે. માનવના મનની મેલી મુરાદ, ને તેને પૂરી કરવાના કરોડો કીમિયા, નાકામિયાબ બનશે. એની અહંકારોત્પન્ન, આડંબરપૂર્ણ, અમંગલ, આકાંક્ષા અસફળ થશે : એક તમારી જ ઈચ્છા, આકાંક્ષા, પ્રેરણા કે યોજનાનો જયજયકાર થશે. ઘડી-બે ઘડી ચમકીને ચાલ્યાં જતાં તુષારબિંદુની જેમ માનવની બધી જ બાજી બગડી જશે, બેહાલ બનશે, ને તમારી જ બાજીને વિજય મળશે. અસત્ય ને અન્યાયનાં નહિ પણ સત્ય, નીતિ ને ન્યાયનાં બળોને જ વિજય મળશે.

અંધકારનાં અનેકાનેક આવરણથી આવૃત અવની આખરે અલૌકિક અજવાળાથી આલોકિત બનશે, પ્રેમના પ્રભાવથી પૃથ્વી પાવન થશે, સદાચાર ને સહયોગની સ્વર્ગીય, સુખદાયક, શાંતિકારક સૌરભ સઘળે ફરી વળશે, ને દાનવતા નહિ પણ માનવતા, ને વેર નહિ, પણ પ્રેમનો જયજયકાર થશે. માનવના મનને મારી નાખવાના, એના આત્માને અવરોધવાના, આતંકિત કે અપમાનિત કરવાના, ગૂંગળાવવાના કે કેદ કરવાના, તથા પ્રભુતાને બદલે પશુતામાં પલટાવવાના, પાર વિનાના, પ્રખરમાં પ્રખર પ્રયાસ પણ પાણીમાં જશે, અથવા માટીમાં મળશે. માનવનો આત્મા આઝાદ થઇને એનું સર્વકાંઈ સ્વતંત્ર ને સમુન્નત થઈને જ, જંપી કે શાંતિનો શ્વાસ લઈ શકશે. અસત્ય, અનીતિ ને અન્યાયનાં નહિ પણ સત્ય, નીતિ ને ન્યાયનાં બળો જ છેવટનો જંગ જીતી શકશે.

નિરાશા નાસીપાસ થશે, અંધકારનો અંત આવશે, આંસુના અર્ણવમાં ઓટ આવશે, પીડાના પ્રખર પારાવારની પણ પાર પહોંચાશે, પ્રવાસના પથ પર પાવન પ્રકાશ પથરાશે. નવજીવનનાં સંદેશવાહક થઈને પંખી પોકારી ઊઠશે; ને ચમેલી, ચંપા, માલતી ને મોગરાની મહેંકથી માદક સમીરની સુસવાટા કરતી લલિત લહરી બધે ફરી વળશે. રાત્રી પૂરી થશે, ને પ્રભાત પ્રકટશે. સમીપના સરોવરમાં સ્મિત કરતાં કમળની જેમ, સહસ્ત્ર સહસ્ત્ર કમળની કમનીયતાથી, સંસાર સુશોભિત બનશે. અસત્ય ને અન્યાયનાં નહિ પણ સત્ય ને ન્યાયનાં બળનો જ વિજય થશે.

પાસેના પર્વત પાછળથી પ્રકટતા પ્રભાકરને પેખીને, કવિનું કોમળ, કોડીલું, કામણગીરું, કાળજું કવિતામાં એ પ્રમાણે બોલી ઊઠ્યું ને કવિએ એનું ગીત ગૂંથ્યું.

* * * * *

## ૬૭. મહોત્સવનો આનંદ

સુખશાંતિના સર્વોચ્ચ સિંહાસન પર બેસીને આજે તો હું કૃતાર્થતાનું ગૌરવગીત ગાઈ રહ્યો છું. અંતરમાં આનંદ છે ને પ્રાણમાં પ્રકાશ. રોમેરોમમાં રસના રાસ રમાઈ રહ્યા છે. અંગાંગમાં અલૌકિકતાની આરતિનું અજવાળું, દૃષ્ટિમાં દિવ્યતા, વાણીમાં વહાલની વર્ષા, સ્પર્શમાં સુધાસીંચન, ને શ્રવણમાં તમારો સંગીતસ્વાદ. તમારા પ્રેમપીયૂષથી પુલકિત, પ્રસન્ન ને પાવન પ્રાણ તમારી કૃતજ્ઞતાની કવિતા કવ્યા કરે છે. કોઈ બંધન નથી, શોક નથી, ચિંતા કે વ્યથા નથી, ને નથી કોઈ ભય. સ્વતંત્રતા ને સમુન્નતિના સ્વર્ગીય સિંહાસન પર બેસીને, જીવનના સાફલ્યના સુસ્વર છોડી રહ્યો છું. સંસારની સફરના સાફલ્યનું સનાતન સંગીત છોડી રહ્યો છું.

આ આસ્વાદમાં ઓતપ્રોત બનીને મારું સર્વકાંઈ સફળ બન્યું છે, ને ધન્ય થયું છે એ સાચું; પરંતુ પૃથ્વીમાં પીડા છે, દર્દ છે, દુઃખ છે, અશાંતિ છે, બંધન છે, ને વેદનાની વીણા વાગે છે, ત્યારે મારા જ જીવનના મધુમય મહોત્સવની મીઠાશ માણીને હું બેસી નહિ રહું; પરંતુ બીડાયેલાં પદ્મદલને પ્રકટાવનારા સૂર્યકિરણની જેમ, જડ ને ચેતનને નવજીવનનું દાન દેનાર વસંતની જેમ, અથવા તો સ્વયં સંતપ્ત બનીને વાદળરૂપે રસ ને કસની વર્ષા કરનારા સાગરની જેમ, મારું સર્વસ્વ લઈને, સંસારની સુશ્રૂષાની શરૂઆત કરીશ; ને જગતમાં જ્યારે વેરઝેર, દુઃખદર્દ, શોક કે શોષણ, ને બંધન ને ક્રંદન નહિ રહે, ત્યારે જ મારા મહોત્સવને સંપૂર્ણ ગણીશ, અને આનંદિત અંતરે કવિતામાં કરોડોની કૃતાર્થતા વણીશ. એ દિવસે હું અનંત આનંદમાં એકાકાર બનીશ.

* * * * *

## ૬૮. વરસો પહેલાં વાગેલી વાંસળી

વરસો પહેલા વાગેલી વાંસળી, વૃંદાવનની વાટિકા ને વૃંદાવનનાં વનને વહાલથી ભરતી, વિશ્વમાં વ્યાપી ગઈ. જમનાનાં જળ, ગોપીનાં ગોરસીસમાં મુખમંડળ, ને કુંજ-નિકુંજને કામણ કરતી બંસરી બધે જ વ્યાપી રહી, ને મુનિ તથા મૂર્ખનાં મનને પણ મોહિત કરનારી થઈ. વરસો પહેલાં વાગેલી વાંસળી, વૃંદાવનની વાટિકા ને વૃંદાવનના વનને વહાલથી ભરતી, વિશ્વમાં વ્યાપી ગઈ.

કવિઓએ કવિતા કરી, પ્રેમીઓએ પ્રશસ્તિ ધરી, આરાધકે એની આરતિ ઉતારી, ને ભાવિકોએ એને ભક્તિભાવથી ભરપુર કરીને, કથામાં કહી કહીને કાયમને કાજે કૃતાર્થ કરી. મધુથી પણ મધુમયી, પીયૂષથી પણ પ્રસન્નતાભરી, સ્વર્ગથી પણ વધારે સુખમયી, એ વાંસલડી ચેતન ને નિશ્ચેતન સૌના આત્માને આશીર્વાદરૂપ થઈ. વરસો પહેલાં વાગેલી વાંસળી, વૃંદાવનની વાટિકા ને વૃંદાવનના વનને વહાલથી ભરતી, વિશ્વમાં વ્યાપી ગઈ.

સૃષ્ટિમાં સમાઈને સુષુપ્ત રીતે રહેલી એ વાંસળી વહાલની વર્ષા કરતી, સુખ ને શાંતિનું સુધાસીંચન કરતી પૃથ્વીના પ્રત્યેક પરમાણુમાં પ્રેમ, પ્રસન્નતા, મધુતા તથા મૈત્રી ભરતી, અને આખી અવનીને એકતાનો અભિનવ સંદેશ ધરતી, એકવાર ફરી વાગી, ગાજી, ને વિશ્વના વિષમય વાતાવરણમાં વ્યાપી ઊઠી. વસંતની પેઠે પૃથ્વીને નવજીવન દેતી, ને મનુકુળની મોહિની બનીને બધે વાગી !

તૂટેલા તારા એના અમીમય આસ્વાદથી એક થાય, વિષમય વાતાવરણમાં વહાલનો વાયુ વાય, ને ભેદભાવ, ભય, શોક ને સંતાપ શમી જાય ! હૃદયના વિશાળ વૃંદાવનમાં, પ્રજ્ઞાના યશસ્વી યમુનાતટ પર વિશુદ્ધ વાતાવરણની કોમળ, કલેશરહિત કુંજનિકુંજમાં, સદ્ વિચાર ને સદ્ ભાવનાની સૌરભથી ભરેલી ભૂમિમાં, એકવાર ફરીથી એ વેણુનું વાદન કર, ઓ મારા અંતર્યામી ! એકવાર ફરીથી તારા સુધામય, સ્વર્ગીય સ્વરથી દિશા ને પ્રદિશાને ભર, ને સૃષ્ટિને સંપૂર્ણપણે સુખમય કર !

વરસો પછી, પ્રકટ થયેલો કે કવિતા કરનારો કોઈ કવિ ભલે કહે કે વરસો પહેલાં વાગેલી વાંસળી વિરાટ વિશ્વમાં વ્યાપી ગઈ; એથી આખી અવનીની ભીતિ ભાગી ગઈ; બધે એકતા થઈ, ને પીડાથી પ્રજ્વલિત પૃથ્વી એના પાર વિનાના પીયૂષપાનથી પુલકિત, પાવન, પ્રસન્ન ને પ્રેમમયી થઈ. વરસો પછી પ્રકટ થયેલો કે કવિતા કરનારો કોઈક કવિ ભલે કહે, કે વરસો પહેલાં વાગેલી વિરાટની વાંસળી વિશ્વમાં વ્યાપી કે ક્રાંતિ કરી ગઈ !

* * * * *

## ૬૯. કવિસમ્રાટની કવિતા

કવિના કવિ, કલ્પાતીત, કવિસમ્રાટની કવિતા કહેશો કે ક્યાં નથી ?

ઉગતી ઉષા ને શાંત થતી સંધ્યાના સોનેરી રંગોમાં એનો જ રસ રેલાઈ રહ્યો છે, ને દિવસે તથા રાતના હૃદયમાં એના જ આલાપનો આવિર્ભાવ થયો છે. સાગર, સરિતા ને સ્ત્રોતમાં એના જ સ્વાદુ સંગીતની સુરાવલિ છૂટી રહી છે, ને પર્વતો તથા પૃથ્વી એના જ પીયૂષપાને પાવન છે. વૃક્ષ, વલ્લરી ને વિટપ પર એના જ પ્રતિધ્વનિ પડી રહ્યા છે, ને સુમન તથા સમીરલહરી એની જ સૌરભથી સભર છે. વ્યોમની વિશાળતામાં પણ શું એ જ નથી વ્યાપી ?

સૂર્ય ને શશીને પ્રકાશ તથા પીયૂષનું પ્રદાન એણે જ કરેલું છે, ને નક્ષત્રમંડળમાં એને લીધે જ નવનીત ભરેલું છે. વૃષ્ટિ ને વાદળ બનીને એ જ વરસે છે, ને વિલાસ કરે છે; ને ચંચળ ચપલા થઈને ચારેકોર ચમકે છે. માનવના મધુમય મુખમંડળમાં, એની અમૃતમય અનેરી આંખમાં, વહાલની વેણુ જેવી વાણીમાં, સુધામય, સ્નેહભીના સ્પર્શમાં, એના આનંદમાં ને શોકમાં, એની અલ્પતા ને અસાધારણતામાં, અને એના અનેકવિધ જીવનના પ્રત્યેક પાસા તેમજ પ્રસંગમાં પણ, શું એની અલૌકિકતા અંકિત નથી થઈ ?

કોઈ એવો કાળ કે કોઈ એવું ઠામ છે જ્યાં એનું અમીવર્ષણ ના થતું હોય ? પૃથ્વીના પ્રત્યેક પરમાણુમાં તે પ્રસરી ને પ્રકાશી રહી છે. જેના કાળજામાં કવિતા છે, તેને કાયમ માટે કવિતા જ કવિતા છે. કવિતાના કાયમી આસ્વાદથી એનો અંતરાત્મા અહર્નિશ અમીમય, અલૌકિક અને આલોકિત છે.

* * * * *

## ૭૦. કૃપાની કામના

મને આશ્ચર્ય થાય છે કે તમારા સ્નેહના ક્ષીરસાગરનું સુધાસ્વાદુ સલિલ સાવ સૂકાઈ ગયું છે કે શું ? તમારા અહેતુકી અનુકંપાના અમીમય અર્ણવમાં એકાએક ઓટ આવી છે કે શું ? મારા માનવામાં તો નથી આવી શકતું; પરંતુ મારા મનમાં વિચારોના એવાં એવાં વમળ ઊઠ્યા કરે છે.

તમારે માટે મનમાં મનોરથના મિનારા રચીને, હું કવિતાનાં કમનીય કુસુમથી તમારી આરાધના કરું છું, ને પ્રાણમાં પ્રેરણા તથા પ્રકાશ ભરું છું. જીવનનો અમુલખ અર્ધ્ય તમારા ચરણે ધરું છું, ને તમારી છત્રછાયામાં ફિકર વિનાનો થઈને ફરું છું. પ્રત્યેક પળને, તમારી પ્રસન્નતાની સામગ્રીરૂપે મેં તમને અર્પણ કરી છે, ને મારી જીવનસિતારને એ રીતે તમારા સ્વરથી સજીને કૃતાર્થ કરી છે.

તમે એમ ના માનશો કે મારે જ માટે હું તમારી કૃપાની કામના કરું છું. સૂર્યનો પ્રકાશ તેના પોતાના માટે જ નથી વપરાતો. ચંદ્રની ચાંદની ચંદ્રને ચારુ કરવા જ કામ નથી લાગતી. સરિતાના સલિલ ને સુમનની સુવાસ પણ એમને માટે જ નથી વપરાતી. એ રીતે, તમારી કૃપાના પરિણામે પ્રાપ્ત થનારા મહાપ્રસાદમાંથી મારી જ ક્ષુધા નહિ શમે, પરંતુ સમસ્ત સૃષ્ટિને શાંતિ મળશે, ને મારું જીવન વડવાનલમાં અમૃતનું વર્ષણ કરશે. એથી તમારું અંતર પણ ઉત્સવ કરશે.

* * * * *

## ૭૧. પ્રીત ને પ્રસન્નતાની કથા

કદીયે ના કરમાનારી કીર્તિ ને મહામેધાવીને પણ મહાત કરનારી મેધા મળે; સૌના પર શાસન કરનારી સર્વોપરિ શક્તિ ને સંસારભરમાં સર્વશ્રેષ્ઠ સનાતન સંપત્તિ સાંપડે; આખી અવનીમાં અજોડ અને અનેકાનેકને અચંબામાં નાખી દે એવું ઐશ્વર્ય અને અષ્ટસિદ્ધિ તથા નવનીધિથી સંપન્ન સિદ્ધિબળ પણ સાંપડી જાય; તેમજ તમારી કૃપાના પરિણામરૂપે જે જે વસ્તુની ઈચ્છા થાય તે તે સઘળી વસ્તુ સુલભ થાય; તો પણ શું ?

તમારા મુખમંડળના મધુ કરતાંયે મધુ રસને પીધો નથી ને તમારું સ્વર્ગ સુખથીયે વધારે સુખ દેનારું સર્વમંગલ, શાંતિમય સાહચર્ય સેવ્યું નથી ત્યાં સુધી એ બધું અધૂરું છે. એમ લાગવાથી જ, જીવનના અરુણોદય સમયે પ્રતીચિના ભાલ પર જ્યારે ઉષાનું કુમકુમ હતું, ને પ્રભાતની પ્રથમ પંખીપંક્તિ પોતાના પુનિત પ્રવાસનો પ્રારંભ કરી રહી હતી, ત્યારે તમારી પ્રસન્નતા પામવા ને તમારી પ્રાપ્તિ કરવા હું પ્રયુક્ત થયો હતો.

આજે હું તમને તો પામ્યો જ છું પરંતુ તમારી પ્રસન્નતાના પરિણામરૂપે, પાર વિનાનું બીજું પણ પામી રહ્યો છું, એ જોઈને મારું અંતર આનંદી ઊઠે છે. પ્રીત ને પ્રસન્નતાના પાર વિનાના પરિપાકની આ કથા તમારા ને મારા વિના બીજું કોઈ જ નથી જાણતું. જગત તમારી ઈચ્છા હોય તો તેને ભલે જાણે, એક વાર ફરી જાણે, અને એનું અનુકરણ કરીને મધુ માણે !

* * * * *

## ૭૨. હું તો સદાને સારુ

સ્વાગતનાં સુવાસિત સુમન સાથે, સુધામય બોલ બોલીને તમે મારું સ્વાગત નહિ કરો તથા મને અનુરાગનો અલૌકિક, અસાધારણ અર્ધ્ય નહિ ધરો તો પણ, હું તો સદાને સારુ સ્નેહના સુમન સાથે, અનુરાગનો અમૃતમય અર્ધ્ય લઈને, તમારા સ્વાગત સારુ તૈયાર રહીશ ને તમને મળતાંવેંત, મારું મહામૂલું જીવનધન અર્પી દઈશ.

સંધ્યાની સુરખિ સમા સુમધુર, સુંદર સ્મિત સાથે, પ્રશંસાનો પરિમલ પ્રસારીને, તમે મારે સારુ સ્વર્ગસુખ કરતાંયે સુખદ સુખની સૃષ્ટિ નહિ કરો તથા મને તમારો માનીને મધુમય, આરામદાયક આલિંગનનો આનંદ આપતાં તાપ નહિ હરો તો પણ હું તો સદાને સારુ સંતપ્તને શાંતિ સમર્પનારા સ્મિત અને આલિંગનનો આનંદ આપવાની આશા સાથે, તમારા સારુ સ્વર્ગ સુખથીયે સુખમય સૃષ્ટિનું સર્જન કરવા તત્પર રહીશ ને તમને મળતાંવેંત, કાયમને માટે તમારો થઈશ.

બધી બાજુથી મારા જીવનની રક્ષા કરીને, મારા સર્વસ્વને સુસ્વાદુ કરતાં, તમે મારી સંજીવની બૂટિ નહિ બનો તથા તમારા હૈયાની હૂંફ અને અંગેઅંગની ઉષ્મા આપીને, મારા પ્રેમના પ્રતીકશા પ્રાણને તમારા પ્રાણ સાથે નહિ વણો તો પણ, હું તો સદાને સારું તમારા હૈયાની હૂંફ અને અંગેઅંગની ઉષ્મા થવા તૈયાર રહીશ ને તમને મળતાંવેંત, જીવનનો આનંદ દઈશ.

પ્રશંસાના પુષ્પોથી પંથને પવિત્ર કરવાને બદલે તમે મારા પર પાદપ્રહાર કરશો, અને અશ્રુનો અંત આણી, નિરાશાને નષ્ટ કરવાને બદલે અશ્રુના ઓઘ ને નિરાશા તથા પીડાનો પ્રસાદ ધરશો તો પણ, હું તો સદાને સારુ તમારી પ્રતીક્ષાના પાવન પથ પર પરિમલ ભરેલાં પુષ્પોને પાથર્યા કરીશ ને તમને મળતાંવેંત તમને મારી પ્રશસ્તિની પૂજા ધરીશ.

અમૃતના અભિષેકમાં અંતરને આનંદમય કરવાને બદલે તમે મારા પર વિષની વિકરાળ વર્ષા વરસાવશો તથા પ્રકાશપૂંજમાં પ્રવેશાવવાને બદલે અંધકારનાં આવરણથી અધિકાધિક આવૃત્ત કરશો તો પણ, હું તો સદાને સારુ અમૃતના અનેરા અભિષેક સાથે તમારા અંતરને આનંદમય કરવા તથા તમારા જીવનને જ્યોતિર્મય બનાવવા તૈયાર રહીશ તથા તમને મળતાં મારું જીવન દઈશ.

* * * * *

## ૭૩. મહાયજ્ઞનું મંડાણ

સમસ્ત સૃષ્ટિની શાંતિ, સમૃદ્ધિ ને સુખાકારી સારુ એક મહાયજ્ઞનું મંડાણ થયું છે, એવા સમાચાર સાંભળીને હું તેના દર્શને ગયો. યાજ્ઞિકો એકબાજુ અનેકની સંખ્યામાં આહુતિ આપતા હતા; જપી જપ કરતા હતા; પાઠ કરનારા પંડિત પાઠનું પારાયણ કરતા હતા; યજમાન યશસ્વી મુખમુદ્રાથી એ બધું નિહાળતા હતા; ને દર્શનાર્થી એ દિવ્ય દર્શનથી પોતાને મહાભાગ માનતા હતા. રાજધાનીના નગરમાં એ મહાયજ્ઞનું મંડાણ થયું હતું.

બીજાની જેમ મેં પણ એ મહાયજ્ઞનું નિરીક્ષણ કર્યું. એ મહાયજ્ઞનો મંડપ મહામૂલો, મધુમય ને મંગલ હતો. એ મંડપની એક તરફ એકાંતમાં કોઈક કવિ હતો. એના અજબ જેવા આકર્ષણને લઇ હું એની પાસે પહોંચ્યો. પરંતુ એ કવિતા કરવામાં મશગુલ હતો. કવિતા પૂરી કરીને એણે મારા તરફ તાકીને જોયું તો મારા હૃદયમાં રસનું રમણીય રેખાચિત્ર ખડું થયું. કવિતાના ભાવને સમજવાની મારી જિજ્ઞાસાના જવાબમાં, એણે કવિતાનો કાગળ જ મારા હાથમાં મૂકી દીધો. તેમાં લખ્યું હતું :

સૃષ્ટિની સમુદ્ધિ, સુખાકારી ને શાંતિ સારુ સઘળા માનવોના મહાયજ્ઞનું મંડાણ થાય તો કેટલું સારું ? એ યજ્ઞનું મંડાણ મનની મધુમયી મહીમાં કે હૃદયરૂપી રાજધાનીમાં થયું હશે. વિવેકયુક્ત વહાલની વિશાળ વેદી થશે. કર્મની અનંત આહુતિ, અનેકાનેકના અમંગલનો અંત આણવા અર્પણ થશે. એ વેદીમાં કોઈ સાધારણ ઘૃત, તલ કે જવ નહિ હોમાય, પરંતુ ગૌરવનું ઘૃત, તપ તથા તિતિક્ષાના તલ, ને જીવનને જલાવનારા ઝેરનો હોમ કરવામાં આવશે.

પરમાત્માની પ્રસન્નતા તથા બીજાના મંગલ માટેના જપ થશે, ને પારકાની પીડા દૂર કરવાની ને સૌને સમુન્નત ને સુખી કરવાની પ્રવૃત્તિનું પારાયણ. એની સુવાસ સૃષ્ટિમાં સઘળે છવાઈ જશે, ને દુનિયા દેવની દયાથી દૈવી બનશે. સાંસારિક શાંતિના એ મહાયજ્ઞમાં યજમાન રૂપે કાયમી કામ કરવા સૌને મારું આદરપૂર્વક આમંત્રણ છે - સંસારના સઘળા દેશોને !

* * * * *

## ૭૪. સાધકને

મહાનદમાં મોતી મોડાં મળે છે, સાધક ! એ તો અંતરના અંતરતમમાં અવગાહન કરવાથી ને પાર વિનાના પરિશ્રમ પછી મળે છે. એના તટ પ્રદેશ પર બેસી રહેવાથી એની અલૌકિકતાનો આભાસેય નથી મળતો.

પૃથ્વીમાંથી પુષ્પો પાછળથી પ્રકટે છે, સાધક ! એના પેટાળમાં સલિલસીંચન કરવાની ને બીજની બરાબર રક્ષા કરવાથી, પાર વિનાની પ્રતીક્ષા પછી પ્રકટે છે. એના પટ પર પલાંઠી મારવાથી એની સૌરભનો સ્વાદ નથી સાંપડતો.

વૃષ્ટિનાં વાદળને વરસતાં વાર લાગે છે, સાધક ! વારિને વરાળ થવા માટે તીખા તાપે તપવું પડે છે, ને માતૃભૂમિ જેવી મહીનો મોહ મૂકીને, વિશાળ વ્યોમમાં વિહરવું રહે છે. એ પછી જ વૃષ્ટિના વર્ષણનો લાભ મળે છે. તાપે તપવાની ના પાડવાથી તેમજ મોહમાંથી મુક્તિ મેળવવાની આનાકાની કરવાથી વારિને વૃષ્ટિનું વાદળ થવાનો અવસર નથી આવી શકતો.

પૃથ્વીને પ્રકાશ પ્રદાન કરનાર, પંખીને પ્રસન્નતા ધરનાર, ને જીવમાત્રનું જીવન બનનાર, સૂર્યનો સાક્ષાત્કાર સહેજ વારમાં નથી થઈ જતો, સાધક ! આકાશ એને માટે આખી રાત અનુરાગપૂર્ણ આરાધનામાં અંતરને ઓતપ્રોત કરે છે; તારકના અશ્રુની અંજલિ ધરે છે; ચંદ્રના ચારુ સ્વરૂપમાં પોતાના પ્રાણની પૂજાનું સમર્પણ કરે છે. અને આજુબાજુના અંધકારમાં આશાનો અંત આણ્યા વિના, પ્રખર પ્રેમથી પ્રેરાઈને, પૂજા તથા પ્રતીક્ષા કરે છે; ઉષાના ઉન્માદનીયે ઉપેક્ષા કરીને પોતાના પ્રાણના પડછંદા પાડ્યા જ કરે છે. ત્યારે એની સાધના સફળ થાય છે.

* * * * *

## ૭૫. અરુણોદય માટેની પ્રાર્થના

વિજ્ઞાનનાં વિનાશક શસ્ત્રોના સમૂહ પર સમૂહ સંગ્રહાતા જાય છે. માનવનું મન શાંતિની સુફિયાણી વાતો કરવાની સાથે સાથે અશાંતિની આરાધનાના આરંભમાંથી કેમે કરીને પાછું નથી વળતું. સંહારના સર્વોત્તમ શક્તિશાળી સાધન શોધીને પણ એને સંતોષ નથી થતો. અને સર્વસંહારનાં ઉત્તરોત્તર શક્તિશાળી શસ્ત્રોના સંશોધનમાં એથી જ એ સંલગ્ન છે. એની ક્ષુધાની તૃપ્તિ ક્યારે થશે એ કોઈ પણ નથી કહી શકતું.

આવા અસાધારણ સમયમાં શ્વાસ લેવાનું મને સૌભાગ્ય સાંપડ્યું છે એ એક અકસ્માત છે, કે એની પાછળ કોઈક અનેરો એવો આશય છે ? એ એક અકસ્માત તો ન જ હોઈ શકે, ને નથી, એ મારી ખાતરી છે. અને એની પાછળના અસાધારણ આશયનો પણ મને અનુભવ છે. તો મારી પ્રેમપૂર્વક પ્રાર્થના છે કે સર્વસંહારની આ સાધના શમી જાય, શસ્ત્રોના સમૂહ નિષ્ફળ થાય, ને માનવનું મલિન મન મલિનતામાંથી મુક્તિ મેળવીને, અશાંતિને બદલે શાંતિનું ગીત ગાય, એવી કૃપા કરી દો; અને એને માટે મારા જીવનનો ઉપયોગ કરી લો ! ધિક્કાર, ભય, લાલસા, સ્વાર્થ, શોષણ, વૈમનસ્ય ને રાગદ્વેષમાંથી મુક્તિ મેળવીને, માનવજાતિ સુખ તથા શાંતિના પીયૂષથી પાવન થાય, એવો અલૌકિક અરૂણોદય મારા જીવનકાળ દરમ્યાન જ કરી દો !



* * * * *

## ૭૬. સફરનો સંદેશો

અગ્નિના અનેકાનેક, ભારેમાં ભારે ભડકા કરવામાં આવે તો પણ, એ કાંઈ સૂર્યની બરાબરી કરી શકે છે ? સેંકડો સરિતા ને સ્રોતનાં સલિલને સંગ્રહવામાં આવે તો પણ, એને કાંઈ સાગરની સાથે સરખાવી શકાય એમ છે ? અનંત ફુવારાની સૃષ્ટિ કરીએ તો પણ, એનાથી વરસતા વરસાદની બરાબરી થઈ શકે તેમ છે ? ને પાર વિનાના પત્થરની પંક્તિ કરીએ તો પણ, એને પર્વતરાજ હિમાલયની ઉપમા આપી શકાય એમ છે ? ને એને હિમાલયનો પ્રભાવ પણ પ્રાપ્ત થાય એમ છે ?

એવી રીતે સંસારના સમસ્ત સૌન્દર્યનો સમુચ્ચય પણ તમારા સ્વરૂપના સ્વાભાવિક સૌન્દર્ય સાથે સરખાવી શકાય તેમ નથી. મહીમંડળની મધુરતાનો મધપુડો કરીએ તો પણ, તમારા મધુમય મુખમંડળની મધુરતાની બરાબરી કરી શકે તેમ નથી. સૃષ્ટિની સંપૂર્ણ સુવાસનો સંગ્રહ પણ, તમારા શરીરની સર્વોત્તમ સુવાસના એક સહસ્ત્રાંશ સમાન પણ સુવાસ ફેલાવી શકે તેમ નથી. તેમજ તમારા પ્રેમના પરમ પારાવારની પાસે, પાર્થિવ પ્રેમના પાર વિનાના પ્રવાહો પણ પાણી વિનાના થઈ પડે તેમ છે. તમારા સ્નેહના સુધાસભર સરોવરમાં સ્નાનનું સૌભાગ્ય સાંપડ્યું છે એને જ એનો અનુભવ થાય છે; અને એ તો તમારા પર વારી જ જાય છે.

સૃષ્ટિની સુખમય સફરનો આટલો સંદેશો છેલ્લે છેલ્લે હું સંસારને આપતો જઈશ તો પણ, એથી મને સંતોષ થશે. સંસારની સાચી સેવાનો સંતોષ મળશે.

* * * * *

## ૭૭. અંતર્યામીને અરજી

જે જડતામાં જલી રહ્યાં છે, સુખ સમૃદ્ધિ, શાંતિ ને વિદ્વતાથી વંચિત છે, પ્રકાશનાં પાતળાં કિરણ પણ જેમની પાસે નથી પહોંચતાં, ને જે આંસુ, આહ, આક્રંદ, અવમાન અને અછતમાં જ જીવી રહ્યાં છે, તેમને મદદ કરનાર માનવ ને માનવસમાજને જન્માવો, વધારે ને વધારે પ્રમાણમાં જન્માવો; એવી મારી અરજ છે. અંતરના અંતરતમની ઓ અંતર્યામી, અરજ છે.

જે રાત ને દિન પ્રસ્વેદ, પરિશ્રમ તથા પીડાની વચ્ચે શ્વાસ લે છે, બીજાના સુખ ને બીજાની સમૃદ્ધિ સારું શરીરને શોષી કે સૂકવી દે છે; કોઈની મૂલ્યવાન મહેલાતના મજૂર ને પાયાના પત્થર બનીને, સન્માનની સુમનમાળા તથા મોટાઈનાં માનપત્રોથી જે દૂર ને દૂર રહે છે; જે અત્યંત અલ્પ લઈને બદલામાં વધારે ને વધારે બલિદાન દે છે; ને કોઈ કવિની કવિતા કે કહાનીકારની કથા જ જેમનો લાભ લે છે; તેમને મદદ કરનાર તથા સન્માનનાર અથવા સ્વાગતના સુખદ શબ્દો કહેનાર માનવ ને માનવસમાજને જન્માવો, વધારે ને વધારે પ્રમાણમાં જન્માવો; એવી મારી અરજ છે. અંતરના અંતરતમની ઓ અંતર્યામી, અરજ છે.

જીતની જયમાળા બીજાને મળે છે, પણ એ તો મહત્વનો મોરચો માંડીને મેદાનમાં જ મરી જાય છે. કોઈક કમનીય કલાકૌશલવાળા કુસુમ બાગના બી બનીને જે બેસી જાય છે, ને એમની રમણીય રચનાનું માન બીજા જ ખાટી જાય છે. પ્રવાસના પુનિત પથને પર્વતીય પત્થરથી તે તૈયાર કરે છે, ને બીજા તેના પર પ્રસન્નતાપૂર્વક પ્રવાસ કરે છે. છતાં જેમને મહત્વના માનવામાં નથી આવતા; ને જેમને નિહાળીને નયનમાં નેહ આણનાર પણ અત્યંત ઓછા મળે છે. તેમને મદદ કરનાર, મહત્વના માનનાર, ને નેહથી ન્હવડાવનાર, માનવ ને માનવસમાજને જન્માવો, વધારે ને વધારે પ્રમાણમાં જન્માવો; એવી મારી અરજ છે. અંતરના અંતરતમની ઓ અંતર્યામી, અરજ છે.

જેમના શરીર પર પૂરતાં વસ્ત્રો નથી, જેમના આવાસ સારુ સારું સાધન નથી; ને જીવનમાં તો ઠીક, પણ મર્યા પછી પણ જેમની માવજત માટે પર્યાપ્ત પદાર્થો નથી. જે પકવીને પણ ભૂખ્યા પેટે સુઈ જાય છે, વણી ને પણ લજ્જાને ઢાંક્યા વિના જ પસાર થાય છે, ઘડીને ઘડતર વિનાના જ રહી જાય છે. જે નમ્ર છતાં નિરક્ષર છે, સ્વમાની ને સ્વાશ્રયી છતાં સમૃદ્ધિથી હીન છે, ને સ્વતંત્રતાના પુજારી ને પ્રેમી છતાં પરાધીન, પદદલિત ને પછાત છે : તેમને સહાય કરનાર, સ્વતંત્રતાની સુવાસ આપનાર, ને સમૃદ્ધ કરનાર, માનવ ને માનવસમાજને જન્માવો, વધારે ને વધારે પ્રમાણમાં જન્માવો; એવી મારી અરજ છે. અંતરના અંતરતમની ઓ અંતર્યામી, અરજ છે.

એમના અંતરે આનંદનો આવિર્ભાવ થશે, અને એમની આપત્તિ, આહ અને અવદશાનો અંત આવશે, ત્યારે મારા પ્રાણની પ્રસન્નતાનો પાર નહિ હોય. અવનીની અવસ્થા એ વખતે અનેરી જ હશે, તથા તમારું સૃષ્ટિસર્જનનું સ્વપ્ન પણ સફળ થશે.

* * * * *

## ૭૮. પૂર્ણતાના પંથનો પ્રવાસ

પૂર્ણતાના પંથનો પ્રવાસ તો એકલે હાથે જ કરવો પડે છે, પ્રવાસી ! પૂર્ણતાના પંથનો પ્રવાસ તો એકલે હાથે જ કરવો પડે છે !

પુષ્પોની પંક્તિ પરથી પસાર થવાનું સૌભાગ્ય શરૂઆતમાં નથી સાંપડતું. એ પથ પર તો પાર વિનાના પત્થર કે કંટક છે, અગ્નિના અનેકાનેક અંગાર છે. સુમનની સ્વર્ગીય સુખ સેજ પર સુવાનું સૌભાગ્ય એમાં આરંભમાં નથી મળતું. એમાં તો ઉજાગરા, ઉદ્વેગ ને ઉદાસીનતા છે.

પીયૂષના પાનની પ્રસાદીથી પ્રાણને પ્રસન્નતા પૂરી પાડવાના મનોરથ મારી નાખવા પડે છે, ને પ્રારંભમાં તો ગરલના ઘૂંટડા જ ગળવા રહે છે. સત્કારના સ્વર ત્યાં સાંભળવા નથી મળતા, અને અભિનંદન આપનારા આરાધકોની પણ અછત છે. ત્યાં તો છે અપમાન, અવહેલના, આપત્તિ, અસફળતા અને આક્રંદ. એમાં અમીના આસ્વાદનો આનંદ અનુભવી શકે એને જ માટે એનો આનંદ છે.

સાથીદારોની શુભેચ્છાને છોડી દઈને, નિર્ભય ને લાપરવા થઈને, પ્રાણના પ્રકાશથી પ્રેરિત બનીને પગલાં ભરે છે, તે જ પ્રવાસને પૂરો કરે છે, વિજય વરે છે, અને આખરે એને ઐશ્વર્ય આવી મળે છે. એ યશસ્વી ને બડભાગી બને છે. પરંતુ પ્રારંભમાં તો હિંમત, ધીરજ ને લગનને વરવી પડે છે, ને પ્રવાસની જ ધૂનથી રગેરગને રંગવી રહે છે. પ્રવાસની પૂર્ણાહુતિ પછી સ્નેહી, સાથી તથા સ્વજનની અછત નથી રહેતી. પરંતુ પહેલાં તો કમર કસવી પડે છે, અને એકલે હાથે જ વનમાં વધવું રહે છે.

મમતાના મધપુડામાંથી મનને વાળી ને બીજા મનોરથને મહત્વના ના માની, જે પગલાં ભરે છે, પ્રવાસની પરિપૂર્ણતા માટે બનતું બધું જ કુરબાન કરે છે, તેને મમતા મળે છે, તેના મનોરથ ફળે છે, ને પૂર્ણતાની પરી તેને કાજે તેનું સર્વ કાંઈ કુરબાન કરે છે.

* * * * *

## ૭૯. આશાની વાણી

આપત્તિ આવે, અપમાન થાય, આશાના અનેકાનેક કિલ્લા નિષ્ફળ જાય, અને આના કરતાં તો મરણને ભેટવું ભલું આવી આતુર અવસ્થા થાય, ત્યારે જરા શાંતિ રાખજે, તારા અંતરના અંતરતમમાં ઝળહળતી પેલી જ્વલંત જ્યોતિ તરફ નજર નાખજે, તથા તેની પાસે પ્રકાશ, પ્રેમ ને પ્રસન્નતાની ભિક્ષા માગજે. તારી માગણી મિથ્યા નહિ થાય, નિષ્ફળ નહિ જાય.

સ્વજનો છોડી દે, દિલ દેનાર દગો દે, પ્રશંશકો પ્રેમને બદલે પારુષ્ય વચનનો પથ્થરપ્રહાર કરે, ને ફૂલની મનહર માળા ધરનાર ભારે કઠોર થઈને, ગાળો તથા નિદાનું દાન દે, ત્યારે જરા ધીરજને ધારણ કરજે, તારા મનના મંદિરની મંગલ મૂર્તિનું ધ્યાન ધરજે, તથા તેની પાસે શાંતિ ને સહનશક્તિની માગણી કરજે. તારી માગણી મિથ્યા નહિ થાય, નિષ્ફળ નહિ જાય.

લોકો તારી વાતને સમજી નહિ શકે, તારા અંતરની અવસ્થાને, અરે, એના અલ્પ જેટલા આભાસને પણ સમજી નહિ શકે, ને તારે માથે આરોપ મૂકશે, કલંક લગાડશે, તથા તને બદનામ કે કલંકિત કરવાની એકે પળ નહિ ચૂકે. તારી વાતોને શેખચલ્લીની વાતોમાં ખપાવશે, ને તને બને એટલો અપયશ અપાવશે. ત્યારે જરા શાંતિ રાખજે, પ્રેમપૂર્વક પ્રતિક્ષા કરજે, તારા પ્રાણની પણ પાસે રહેતા પેલા પ્રેમસિંધુને પ્રાર્થના કરજે, તથા તેમની પાસે એ લોકોના અંતરને અજવાળવાની અભિલાષા સાથે પહોંચી જજે. તારી અભિલાષા અર્થ વિનાની નહિ થાય, એકાએક આવી મળતા અમીવર્ષણથી અલંકૃત થયા વિનાની નહિ જાય.

જીવનનો રસ જ્યારે સૂકાઈ જાય, સુખનાં સઘળાં સ્ત્રોત સૂકાઈ જાય, ચારે તરફ ચિંતારૂપી ચપલા ચમકે, દુઃખની દામિની દમકે, અને અંધારનાં અનંત આવરણ આજુબાજુ વીંટળાઈ વળે; મૂંઝવણ મટે નહિ, સંતાપ શમે નહિ, તથા સ્વતંત્રતા ને સુખશાંતિના સામ્રાજ્યમાં શ્વાસ લેવાનો કોઈયે ઉપાઈ જડે નહિ; ત્યારે પણ આંખમાં અશ્રુ આણી, હડપચી પર હાથ દઈ, વિષાદમગ્ન બનીને બેસી ના રહેતો. તારા અંતરના અંતરતમમાં આસીન એવા એ રસેશ્વર, સુખશાંતિના સમ્રાટ પાસે પહોંચી જજે, ને એના શ્રીચરણે તારું શક્યાતિશક્ય સમર્પીને તેનો થજે. તારું સમર્પણ સાર વિનાનું નહિ થાય, નાકામિયાબ નહિ થાય, નિષ્ફળ નહિ જાય.

* * * * *

## ૮૦. કવિની ઉક્તિ

કવિઓએ કામના કારમા કોપની અસર નીચે આવીને, અંગનું વધારે પડતું વર્ણન કર્યું છે, એવું એક કવિ કહી ગયા છે. મુખમંડળને મહીની મટકી અથવા સુધાકર સાથે સરખાવ્યું છે, આંખને અમૃતના આગાર અથવા અર્ણવ કે અંબુજ સાથે, કેશકલાપને સર્પિણી સાથે, હાથની લાલીને ઉષા-સંધ્યાની રક્તિમા સાથે, વહાલનાં વચનને વાંસળી સાથે, કુસુમકબરીની કમનીયતાને ઈન્દ્રધનુ સાથે, સ્પર્શની શીતળતાને ચંદન સાથે, દૃષ્ટિને અનંગના આમંત્રણ સાથે, તથા સ્તનમંડળને કનકના કળશ સાથે : એવી રીતે ઉપમા આપીને વર્ણવવામાં એમણે અતિશયોક્તિ કરી છે, એવું એ કહી ગયા છે.

પરંતુ, પ્રેમના પાવન પ્રકાશને પારખવામાં પાછા પડવાથી જ, એ એવું કહી ગયા છે. પ્રેમીની નજરે એમણે જોયું હોત, તો એ સ્તનમંડળને માંસની ગ્રંથિ ના કહેત, મુખને મધુરતાનો મધુપુડો માનવાને બદલે, લાળથી ભરેલું ઘર ના કહેત; ને જેને કવિજને માનની નજરે નિહાળ્યું છે તેને, નિંદનીય ને નીરસ પણ ના લેખત. વૈરાગ્યની વરાળમાં વાસ્તવિકતાને વિસારીને, એવાં અયોગ્ય વચન એ ઉચ્ચારી શક્યા છે.

પ્રજ્ઞાના પરમપૂત પ્રકાશે પારખ્યું હોત, તો એ સમજી શકત, કે જેને ગંદકીનું ઘર ને વિનાશશીલ કર્મનું ફળ કહેવામાં આવે છે એ અંગની પાછળ, પરમ પવિત્ર અને અવિનાશી આત્માનું અજવાળું છે, એની આરપાર, એના અંગેઅંગમાં ને રોમેરોમમાં, એ રસસમ્રાટનો રસ છે. ને જાણ્યે કે અજાણ્યે પણ, એની વધારે અથવા અલ્પ અનુભૂતિ થવાથી જ, કવિજન એવું કહી ગયા છે. પ્રેમના પરમપાવન પ્રદેશમાં પ્રતિષ્ઠિત થવાથી, એ એવું અનુભવી અથવા સમજી શકત.

* * * * *

## ૮૧. પ્રેમ

પ્રેમ શું છે ?

કોઈ કહે છે, પૃથ્વીનું પીયુષ, પ્રાણને પીયૂષથી પરિપ્લાવિત કરીને, પરમાનંદનું પ્રદાન કરનાર, પૃથ્વીનું પીયૂષ છે.

કોઈ કહે છે, જીવનની જ્યોત. અંધકારનો અંત આણીને, અંતરને અલૌકિક અજવાળે અવનવું કરનાર, અને એને ઉત્તમમાં ઉત્તમ પથપ્રદર્શન કરનાર, જીવનની એ ઝળહળતી જ્યોતિ છે.

કોઈ કહે છે, એ તો એક આર્શીવાદ છે. એના વિના આ અવની એના પરના જટિલ જીવન સાથે, કેટલી બધી અશાંતિમય અથવા અભિશાપરૂપ બની જાત એની કલ્પના તો કરો. એ તો એક અનેરો, અસાધારણ, અમુલખ આર્શીવાદ છે.

કોઈ કહે છે, એ તો એક જ્વાળા છે. જડને તે જલાવી દે છે, વિરહની વ્યથાથી બાળે છે, ને નિર્બળને દૂરથી જ ડારે છે. મહીં પડેલા પણ ન જાણે કેટલે લાંબે વખતે એનો મહારસ માણે છે. એ તો એક ઝેરથી ભરેલી જ્વાળા છે.

કોઈ એને લપ કહે છે, ગાંડપણ ગણે છે, તો કોઈ એના અનુભવને નબળા મનની નિશાનીરૂપ ગણે છે. કોઈ એનાથી સાવધ રહેવાનું શીખવે છે, તો કોઈ એને સ્વર્ગસુખની સનાતન સેજ કહે છે.

બીજાને મન એ ગમેતેમ હોય, મને તો એમ લાગે છે કે જ્યાં બે હેતાળ હૈયા ભેગાં મળે છે ત્યાં જીવન સાર્થક ઠરે છે. બે અનુરાગ આંજેલી, અમીભરી આંખ એક થાય છે, ત્યાં ગંગા ને જમનાનો સંગમ સાકાર બને છે, ને દેવો દુંદુભી વગાડી ઉત્સવ કરે છે. રોમેરોમ રાગે રંગાય છે, ત્યાં રસના ફુવારા ઊડે છે; અને અંગાંગ એકતાના આનંદાર્ણવમાં અવગાહન કરે છે. ત્યારે પ્રભુતા પ્રત્યક્ષ થાય છે, ને માનવતા મટી જાય છે. આંખમાંથી એ આલાપે છે, વાણીમાં વહ્યાં કરે છે, સ્પર્શમાંથી સુધા ધરે છે, સ્મૃતિ દ્વારા પણ સુખદ ઠરે છે; ને એમ સમસ્ત જીવનમાં, એના પ્રત્યેક પાસામાં, જાદુ ભરે છે

લોકો મને પૂછે છે, પ્રેમ શું છે ?

હું એમને એટલે જ, સામે પૂછું છું, પ્રેમ શું નથી ? પીયૂષ, પ્રેરણા, પ્રકાશ, પથપ્રદર્શક, પ્રસન્નતાનો પારાવાર, પૂર્ણતાનું પરમ દ્વાર, પવિત્રતાની પગદંડી તથા પ્રત્યક્ષ પરમાત્મા - એમાંથી શું નથી ? કહી શકશો. કહેશો, કે પ્રેમ શું નથી ?

* * * * *

## ૮૨. આપણો અનુરાગ

મારા હૃદયમાં, રોમેરોમમાં, રસના પુર, ને રક્તવાહિનીના રણકાર કે રક્તસંચારમાં, એક તમારો જ રસાળ રાસ રમાઈ રહ્યો છે.

પ્રાણમાં પણ તમારા જ પ્રેમનો પીયૂષ પારાવાર પ્રકટી ઊઠ્યો છે. શ્વાસોશ્વાસમાં તમારા સુધાસભર સ્નેહનું સ્પંદન, ને કાળજામાં કરોડો કામદેવનું ક્રંદન, તમને આમંત્રણ આપતાં થઈ રહ્યું છે.

આંખની અંદર તમારા જ આલાપ ચાલે છે, તથા પાંપણ પર તમારો જ પ્રસન્ન પલકાર, સમસ્ત શરીરમાં એકમાત્ર તમારી જ સનાતન, સુખમય સ્નેહસિતારી છૂટી રહી છે.

વાણીમાં તમારું વીણાવાદન અને અણુએ અણુના અસ્તિત્વમાં એકમાત્ર તમારું જ અનુરાગપૂર્ણ આરાધન થઈ રહ્યું છે. કર્ણ તમારા શ્રવણમંગલ સંગીતને સાંભળીને ધરાતા નથી ને ચરણ વિશ્વમાં વ્યાપેલા તમારા વિશ્વવિમોહન, ચારુ, સર્વોત્તમ સ્વરૂપની પરિકમ્મા કરતા કંટાળતા નથી.

એવો અલૌકિક અથવા અવર્ણનીય છે આપણો અનુરાગ. જીવનના પ્રત્યેક પાસાં પર તે પ્રસરી ચૂક્યો છે; તે નમ્રતાપૂર્વક છતાં નેહના નશામાં કહેવા દો, કે મેં એને લૂંટાય એટલો લૂંટ્યો છે. છતાંય ન તો એ ખૂટ્યો છે, ન તો એના અનવરત આસ્વાદનો મારો ચસ્કો છૂટ્યો છે !

* * * * *

## ૮૩. મારા જરી જેટલા જીવનમાં

મારા જરી જેટલા જીવનમાં બીજું બધું હશે, ને વધતું જશે અથવા અજોડ જેટલું થશે, છતાં તેમાં તમે નહીં હો, તો તે મારાં પ્રાણની પ્યાસને, મારા કાળજાના કરાળ ક્રંદનને, મારા અંતરની અસાધારણ આરઝુને, મારા મનના મનોરથને, તૃપ્ત કરનાર ભાગ્યે જ થશે. મારા જરી જેટલા જીવનમાં બીજું બધું હશે, પણ તમે નહિ હો, તો તે મારા જીવનને જ્યોર્તિમય કરનાર, જીવન બનાવનાર, ભાગ્યે જ થશે.

તેમાં બીજું કશું જ નહિ હોય, એક તમારું મધુમય માદક, મંગલ, મુક્તિની મહેફિલનો મહારસ માણનારું મુખડું જ હશે; સ્વર્ગના સમસ્ત સુખને ક્ષુલ્લક કરનારું સરળ, સ્વાદુ, સરસ સ્મિત જ હશે; અમૃતનું અભિવર્ષણ કરનારું અનુપમ અંગ જ હશે; ને વીણાને વિસરાવનારી વાણી, ને સુધાના સ્વાદને નિસ્સાર કરનાર સ્પર્શ હશે, ને હશે પેલો પ્રબળ, પતિતપાવન પ્રેમ; તો મારું શરીરધારણ સફળ થશે, જીવન ઉજ્જવળ બનશે, ને બધી ખોટ ભરપાઈ થશે.

માટે જ કહું છું કે કોટિ કામને કીમત વિનાનું કરનારું રૂપ લઈને, પ્રેમના પ્રબળ પારાવાર સાથે, મારા જીવનમાં પ્રગટ બનો. મારા પ્રાણને તમારા પ્રાણે વણો ને સુંદરતાના સ્વાદથી મારા અંતરને એવું તો સંતૃપ્ત ને સુખી કરો, કે તમારા હૃદયને પણ મારા પ્રેમને પ્રમાણવા બદલ શાંતિ ધરો !

* * * * *



## ૮૪. સ્નેહનું સુમન

આજના આનંદપૂર્ણ અવસરના આનંદની અભિવ્યક્તિ મારાથી કેમે કરીને નથી કરી શકાય તેમ. પ્રભાતના પ્રથમ પ્રહરમાં જ તમે મારા મંગલ મંદિરે આવીને ઊભા રહ્યાં. તમારા સુંદર સ્વરૂપની સૌરભ આજુબાજુ બધે જ પ્રસરી રહી. તમારા કરકમળમાં એક કુસુમ હતું. તેને મારા હાથમાં મૂકીને તમે કહેવા માંડ્યાં; આ કોમળ કુસુમની કળામય કલિકાની કલ્પના કયા કવિસમ્રાટે કરી હશે, તે કલ્પી શકે છે ? આ સુવાસની સામગ્રી એમાં કોણે ભરી, ને કોણે એમાં રંગોળી કરી, તે કહી શકે છે ? તારા કવિ તરીકેના મહિમાને સાંભળીને, તારા મંદિરદ્વારે હું એની માહિતી મેળવવા આવી પહોંચી છું.

મેં કહ્યું : સુમુખી ! કવિસમ્રાટની કલ્પના મારાથી નથી કરી શકાય તેમ. પરંતુ એની ઝાંખી કરીને મારા જીવનમાં આજે આનંદ છવાઈ ગયો છે. કવિસમ્રાટની સુંદર સામગ્રી તમારા અંગેઅંગમાં આવિર્ભાવ પામી છે; ને તમારા મનહર મુખમંડળમાં એની આભા જામી છે. એ કવિસમ્રાટની કલ્પના કરવાની જરૂર જ ક્યાં છે ? તમારા કાળજામાં જ છે એ કવિ. તમારા કેદીના સ્વાંગમાં હું એને અવલોકી રહ્યો છું. તમારા આત્મામાં એનો આવાસ છે.

મારા શબ્દોથી તમારો સ્નેહ ઉમટી પડ્યો. તમને એનો ઉચિત અધિકારી જડ્યો, ને તમે મારા મસ્તક પર એ ફૂલને મૂકી દીધું; આ જ છે મારી સાધના ને આરાધના. એને તારા વિના કોઈપણ નથી શોભાવી શકે તેમ. આ ફૂલ નથી પણ મારું જીવન છે, કવન છે, સ્તવન છે. તારા મસ્તક પર રહીને એ તને મારું જીવન, કવન ને સ્તવન કરશે : ને લોકો પણ એથી અભિમંડિત તને જોઈને અચરજમાં પડશે, કે કોણે કર્યું આ જીવન, કવન ને સ્તવન ? એ વખતે પણ, મને શું આજ ઉત્તર મળશે ?

મેં જોયું તો તમે અદ્રશ્ય થયાં હતાં, પ્રેમથી પ્રસન્ન થઈને, મારી જીવનસંગિનની સ્વરૂપમાં સાકાર થવાના શબ્દોચ્ચાર કરતાં, તમે અદ્રશ્ય થયાં હતાં. એ સ્વરૂપની ઓળખાણ તમે મને કરાવી દીધી છે, એટલી તમારી કૃપા છે. એના સ્વાગત સારુ, મારી સમસ્ત સ્નેહસામગ્રી તથા કોટિકોટિ કવિતા સાથે, એ પળથી હું પ્રતીક્ષા કરતાં ઊભો રહ્યો છું; તમારા શ્રીચરણે સર્વસમર્પણ કરવા સારું.

હજી એ સુમન મારી પાસે જ રાખી મૂક્યું છે; મસ્તક પર નહિ, પરંતુ પ્રાણની પાસે, અંતરના અંતરતમમાં !

* * * * *

## ૮૫. તો પણ ઘણું છે

મધમાખી મધુના સંચય માટે મનહર, મધુભર્યાં ફૂલ પર ફરે છે, મધુને માણે છે, તથા મધપુડાની રચના કરીને, માનવને માટે મદદરૂપ બને છે. એવા જ એક અદભુત અસાધારણ મધપુડાને મેં આજે જોયો ત્યારે, મને થયું કે મારું મન પણ એ મધમાખી જેવું જ છે ને ?

મહીની મંગલમય મુસાફરીમાં મધુને માણતાં, હું તો મસ્ત બનીને ફરું છું જ, પરંતુ મારી કવિતાનો કલ્યાણકારક મધપુડો પણ રચતો રહું છું. માનવનું મન એના આસ્વાદથી અમૃતમય બને એવી ભાવના છે. એની પાછળના પરિશ્રમ, પ્રેરક બળ ને પ્રકાશની સંપૂર્ણ સમજ સૌને નહિ પડી શકે. પરંતુ એના મધુથી કોઈનું મન મધુમય થશે ને મંગલમય બનશે તો પણ ઘણું છે.

ભગીરથે તીખા તપ પછી ઉર્વી પર ઉતારેલી ગંગા અનેકને માટે આશીર્વાદરૂપ થઈ રહી છે તેમજ થયા કરશે, તેમ ગીતની આ ગૌરવભરી ગંગા સંસારને સુખી કરશે, શાંતિ આપશે, ને સમૃદ્ધિનું દાન દેશે, તો પણ ઘણું છે.

* * * * *

## ૮૬. પ્રશ્નોની પરંપરા

બીજા કોના અંતરમાં મારે માટેના અનુરાગનો આવો અસીમ, અમૃતમય અર્ણવ ઊછળી રહ્યો છે તે કહેશો ? કોની આંખમાં આટઆટલું અમી આવિર્ભાવ પામે છે, ને કોના હૈયામાં મને જોતાંવેંત, હેતના ફુવારા ફૂટે છે ? બીજા કોના મનમાં મારે માટેની આટલી બધી માયા છે, મમતા છે, ને કોના વચનમાં મારે માટે વ્હાલની વીણા બનીને તન, મન ને અંતર ઝંકાર કરી ઊઠે છે ?

કોના સ્નેહની સરસ સિતારમાંથી મારે માટે આટઆટલી અનંત સુરાવલિ છૂટ્યા કરે છે ? કોનો પ્રાણ નિતનવા આલાપમાં મારે માટે ફૂટ્યા કરે છે, ને પોતાના પ્રેમધનને દિનરાત લૂંટાવીને, બીજું કોણ મારા જીવનસર્વસ્વને લૂંટ્યા કરે છે ? ગરલને ઘોળીઘોળીને મારે માટે આવી રીતે અંનતકાળથી અમૃતને કોણ ઘુંટ્યા કરે છે ?

કોણ મારા જીવનની પાનખરમાં વસંતની વેણુ વગાડીને જીવન ભરે છે ? કોણ મારી પ્રતીચિને પોતાના પુણ્યશાળી પ્રકાશે પાવન કરે છે ? ને બીજું કોણ મારા પ્રાણના પરિમલથી પરિપ્લાવિત પુષ્પની પ્રત્યેક પાંખડીને પ્રસન્ન કરીને, પ્રકટાવીને, પૃથ્વીને પરિમલ ભરેલી કરે છે ? તમારા વિના બીજું કોણ મારા કાળજાને કામણ કરે છે, ને કોને જોઈને મારું, તથા મને જોઈને તમારા વિના બીજા કોનું, મન મહોત્સવ કરે છે ?

તમારા વિના બીજું કોણ મારી બહાર, અંદર, આજુબાજુ, મારા અણુએ અણુ ને પૃથ્વીના પ્રત્યેક પરમાણુમાં રમે છે ? તથા તમારા વિના કહી શકશો કે કલ્પનામાં પણ, મને બીજું કોણ વધારે ગમે છે ? કોની આજુબાજુ અને કોનામાં મારું મન વધારે ભમે છે ?

* * * * *

## ૮૭. ભ્રમર ને ફૂલ

ફૂલવાડીના ફોરમવંતા ફૂલને નિહાળીને ભ્રમરે વિચાર કર્યો : કેટલું કળાત્મક, ફોરમવંતુ ફૂલ છે ? આ ફૂલની ફોરમને મારા મનમાં ભરી લઉં, ને બીજાને સ્વર્ગીય સંગીતનું દાન દઉં. કવિઓ મારી કવિતા કરશે, ને સ્નેહીજનો મને સ્નેહના સમ્રાટનું બિરુદ ધરશે. આ પ્રફુલ્લ ફૂલની પાંખડી પર પ્રતિષ્ઠિત થઉં, એના હૃદય પર રમી લઉં, ને એના મધુને મસ્ત બનીને માણી લઉં !

ફૂલ એના અંતરનો પાર પામીને બોલી ઊઠ્યું : અરે ભિક્ષુક ભ્રમર ! તારામાં સઘળું છે. સ્વાદની રુચિ છે, સંગીત છે તથા સંવાદ સાધવાની ઈચ્છા પણ છે. પરંતુ સમર્પણની વૃત્તિ નથી ત્યાં સુધી એ બધું અધૂરું છે. એટલે જ તું ચચંળ છે, અશાંત છે, અસ્થિર છે. આવ, હું તને મદદ દઉં, ને તારા શ્રેયમાં સહાયક થઉં !

પરંતુ ભ્રમરે ફૂલને ચૂસી લીધું ને બધું લીધું, પરંતુ પોતાનું દિલ ના દીધું. ફૂલની વાત પર ધ્યાન જ ના દીધું.

કવિએ એને કવિતામાં સ્થાન આપ્યું; પરંતુ એની અનુરાગવૃત્તિને અમર કરવાનું એને ઠીક ના લાગ્યું.

* * * * *

## ૮૮. ગંગાસ્નાનની ભાવના

ગંગામાતામાં સ્નાન કરનારા કોઈક કિશોરને કોઈએ કહ્યું; ગંગામાં તો લોકો પોતાના સ્વજન કે સ્નેહી વતી સ્નાન કરે છે. તું પણ તેમનું સ્મરણ કરીને સ્નાન કરે છે કે શું ?

કિશોરે કહ્યું : ના.

ત્યારે શું તારા માતાપિતા તથા તારા મિત્રમંડળ વતી ?

ના, તેમની વતી પણ નહિ; કિશોરે ઉત્તર આપ્યો.

ત્યારે શું કોઈ દુર્ગતિ પામેલા સંબંધીની સદગતિના સંકલ્પથી આ સ્નાન થઈ રહ્યું છે?

ના, એવા કોઈ સંકલ્પથી પ્રેરાઈને પણ મારું સ્નાન નથી થઈ રહ્યું.

તો ? શું તે કોઈપણ પ્રકારના પ્રયોજન વિના, કેવળ તારી જ તૃપ્તિ માટે થઈ રહ્યું છે ? એ તો મોટામાં મોટો સ્વાર્થ કહેવાય.

કિશોરે શાંતિથી કહ્યું : જેમના વતી કોઈયે સ્નાન કરનાર નથી, ને જેમની સદગતિ સારુ કોઈપણ પ્રયત્ન કરવા તૈયાર નથી, એમને જો પહોંચી શકતું હોય, તો મારા સ્નાનનું ફળ પહોંચે, એ ભાવના સાથે હું સ્નાન કરી રહ્યો છું. એની આગળ અથવા પાછળ બીજું કોઈ જ પ્રયોજન નથી.

* * * * *

## ૮૯. પુનિત પળની પ્રતીક્ષા

દુનિયાના દાવાનળને દફનાવી દેનારા દેવદૂતના દર્શન માટે મારું મન મનોરથ કરી રહ્યું છે. મારા મહાકવિ ! એ દાવાનળને દૂર કરવા, તારી કવિતા તથા તારા કર્મની કમનીય, કલ્યાણકારી માળા લઈને તું આવી પહોંચ, તેમજ તેની સૌરભથી સૌને સંજીવન ધરી દે, એ પુનિત પળની હું પ્રતીક્ષા કરું છું.

વિશ્વમાં વિનાશના વિકરાળ, વિષમય વાયુ વાયા કરે છે; સર્વસંહારની સામગ્રીના સંગ્રહ થયા કરે છે; વેદનાની વરાળ પર વરાળ ઊઠ્યા કરે છે; ને સંપ તથા શાંતિની સઘળી સાધના માટીમાં મળે છે. એ સાધનાને સફળ કરવા, તારી અનુરાગભરી આરાધનાને લઈને તું આવી પહોંચ, અને એના અમૃતમય અભિષેકથી આખીયે અવનીને અમીમય કર ને આશીર્વાદ ધર. એ પુનિત પળની હું પ્રતીક્ષા કરું છું.

બંધાયેલા બંદી બંદીખાનામાંથી મુક્તિ મેળવવા માટેના પોકાર પાડે છે. શોષિત શોષણમાંથી છૂટવાનાં સ્વપ્નાં સેવે છે. આતંકથી આર્ત અત્યાચારનો અંત આણવાની આરાધના કરે છે તથા તિરસ્કૃત પ્રેમની ને હડધૂત હૂંફની, અનાથ આશ્રયની અને દોષિત દોષના પરિમાર્જનની ભિક્ષા માગે છે. એ ભિક્ષાની ભેટ દેવા, તારા ભરપૂર ભંડારના ભવ્યાતિભવ્ય ભાગને ભેગો કરીને તું આવી પહોંચ, અને એના અનેરા આસ્વાદથી આ પીડિત, પ્યાસી પૃથ્વીના પ્રાણને પીયૂષ ધર, ને પ્રફુલ્લિત કર. એ પુનિત પળની હું પ્રતીક્ષા કરું છું.

* * * * *

## ૯૦. સાગર ને જીવન

સાગરની વિશાળતાનો વિચાર કરીને, મને જીવનની સાથે એની સરખામણી કરવાનું મન થઈ જાય છે. જીવન પણ એવું જ અનંત અને અસીમ છે ને ? ઉપર ઉપરથી જોનારને એ ગહન ને રહસ્યમય લાગે છે. પરંતુ એની અંદર ડૂબકી મારનારને ન જાણે કેટલાંક મૂલ્યવાન મોતી લાધે છે !

ઉપરથી શાંત છતાં અંદરથી અપાર અનુરાગ; વેદના ને વ્યાકુળતાથી વિહ્વળ છતાં મર્યાદાના પાલનની પ્રસન્નતા; ભરતી અને ઓટમાં પણ સંગીતના એના એ અવિરામ આલાપ; અંતરમાં વડવાનલ ને બહાર વાવાઝોડાનું તોફાન તો પણ તિતિક્ષાની તેમજ શાંતિની સતતતા; મહીના મંગલ માટે સૂર્ય દ્વારા શોષાઈને વહાલની વર્ષારૂપે વરસવાની તત્પરતા; તથા સ્ત્રોત, સરિતા ને પાણીના પાર વિનાના પ્રવાહોને પોતાના પ્રાણમાં સમાવી લેવાની સ્વાભાવિકતા; એ સૌનો વિચાર કરી ને મને થાય છે કે સર્વોત્તમ જીવન પણ શું સાગર સાથે નથી સરખાવી શકાય તેમ ?

હા, સર્વોત્તમ જીવનનો સાગર ક્ષારથી ભરેલો કે ક્ષારનો બનેલો નથી, પરંતુ ક્ષીરસાગર છે, એટલું ઉમેરીએ તો એ સરખામણી સાચેસાચી થઈ શકે ને સર્વમાન્ય બની શકે એમ છે.

* * * * *

## ૯૧. કરુણા અને પ્રેમની પ્રસાદી

તમારા તપ:પૂત મુખમંડળના મધુને માણવા માટે મોટા મોટા મુનિ પણ મનોરથ કરે છે, ને યોગી યત્ન. એના અમૃતના એક જ બિંદુનો આસ્વાદ લેવા આરાધક આરાધના કરે છે, તથા તપસ્વી તપ. તમારા તપ:પૂત મુખમંડળની મોહિનીથી મુગ્ધ થઈને, મોટા મોટા મુનિવર પણ તમને પોતાનું સર્વસ્વ ધરે છે.

એ મુખમંડળના મધુને માણવાનો મેં પણ મનોરથ કર્યો છે. અને એના મદમાતા મધુને માણ્યું છે પણ ખરું. એના અમીમય આસ્વાદથી મારું અંતર આનંદી ઊઠ્યું છે.

લોકો એનો પાર પામવા પ્રશ્નો પૂછે છે. પરંતુ તેમને કેવી રીતે કહી બતાવું કે એ આસ્વાદના આનંદની અનુભૂતિ તપ કે વ્રતથી નહિ, પરંતુ કેવળ પ્રેમના પ્રતાપથી જ થઈ શકી છે. એના અમૃતરસની ઉપલબ્ધિ કરોડો યત્ને નહિ, કિન્તુ કેવળ કરુણાથી થઈ શકી છે.

* * * * *

## ૯૨. કવિતાની રચના

કોઈક વાર વિચાર આવે છે કે કવિતાની કમનીય કુસુમમાળાની રચના કેવી રીતે થઈ જાય છે ? કુસુમને કોણ ઉગાડે છે, ચૂંટે છે પણ કોણ, ને કોણ એમને માળામાં પરોવે છે ? કોઈક વાર વિચાર આવે છે કે કવિતાની કમનીય, કળાત્મક કુસુમમાળાની રચના કેવી રીતે થઈ જાય છે ?

એ માળા મારી છે, ને મેં તૈયાર કરી છે, એમ કહેવામાં અજ્ઞાન છે. કેમ કે મારી પોતાની જ કમનીય કુસુમમાળાની રચના મેં નથી કરી, તો કવિતાની કુસુમમાળાની કલ્પના કે કળા તો મારી ક્યાંથી હોઈ શકે ? જેણે વંસતનો વૈભવ પેદા કર્યો, કોકિલને કળામય કંઠ ધર્યો, કલાપીના કાળજામાં મેઘને માટે ભાવ ભર્યો, તથા તારા ને ચંદ્રના તેજથી આકાશનો અંધકાર અલ્પ કર્યો. કમળનાં દલને જેણે કોમળ કર્યાં, પતંગિયાની પાંખ પર રંગબેરંગી રંગો ભર્યાં, સરિતાના સલિલને સાગરમાં સમાવા સારૂં સરતાં કર્યાં, ને જીવનને જોમ ને જાદુ ધર્યાં છે, એની જ એ કલ્પના, કળા, કે કુસુમમાળા છે. એને લીધે જ એનું અસ્તિત્વ છે, અને એની અંદર જ એનો અંત આવે છે.

કવિતાની કમનીય કુસુમમાળાની રચના માટે, માટે જ કહું છું કે એ સવાલ નથી. કવિતાની રચના એને સારૂં સહજ છે. એ આંખ ખોલે છે કે કવિતા ઉત્પન્ન થાય છે. શ્વાસ લે કે કવિતા કૃતાર્થ થાય છે, કાયમની બની જાય છે.

* * * * *

## ૯૩. સર્વોત્તમ શ્રાદ્ધ

સ્વપ્નામાં શિશુને સ્નેહીનો સમાગમ થયો.

સ્નેહીએ કહ્યું : સારા શહેરમાં આજથી શ્રાદ્ધપક્ષ શરૂ થાય છે. લોકો પોતપોતાના પરિજન, પ્રેમી તથા પૂજ્ય સ્ત્રીપુરૂષો માટે મિષ્ટ ભોજન તૈયાર કરશે, અને એમને અનુરાગની અંજલિ આપશે. કોઈ સરિતા કે સમુદ્ર તટ પર વિધિપૂર્વક એમની સદગતિ સારું ક્રિયા કરશે, કોઈ એમના આત્માની શાંતિ ને પ્રસન્નતા માટે પ્રાર્થના કરશે. તું મારે માટે શું કરીશ ?

શિશુએ પ્રેમપૂર્વક પ્રત્યુત્તર આપ્યો : મારું તો સમસ્ત જીવન તમારા શ્રાદ્ધરૂપ થઈ ગયું છે. અનાથ, અપંગ, અશિક્ષિત અને અનાદર પામેલાંના પ્રાણને પ્રસન્ન કરવાની કે શાંતિ ધરવાની એમાં અનવરત આરાધના છે. સદવિચાર, સદગુણ ને સત્કર્મની સંસ્થાપનાની સતત, સુખકારક સાધના છે; જેમને જરૂર છે તેમને કામ આવવાની તમન્ના છે; પરમાત્માના પરમપ્રેમની પ્રતિષ્ઠા તથા પરમાત્માની પૂજા છે, મન અને ઈન્દ્રિયોની આહુતિ આપીને પ્રકાશની પ્યાસ છે. એ જીવન શું તમને શાંતિ નહિ આપી શકે, પ્રસન્ન નહિ કરી શકે, તથા તમારા શ્રેષ્ઠ શ્રાદ્ધરૂપ નહિ બની શકે ?

સ્નેહીએ કહ્યું : ધન્ય છે તારી સમજશક્તિને, ને ધન્ય છે તારા સર્વોત્તમ શ્રાદ્ધને ! હું તેથી સંતૃપ્ત ને શાંત જ છું. પરંતુ પ્રસન્ન થઈને તને મારો પરિચય આપવા જ, તારા સ્વપ્નમાં આજના પુનિત પર્વપ્રભાતે મેં પ્રવેશ કર્યો છે. હું તો સાચોસાચ સંતૃપ્ત ને શાંત જ છું.

* * * * *

## ૯૪. એકતા

રાષ્ટ્રીય એકતા આપોઆપ આખી અવનીની એકતા તરફ લઈ જાય છે, એમ માનીને રાષ્ટ્રના નવયુવાનોને કવિ સંદેશ સંભળાવે છે કે રાષ્ટ્રની એકતાને અણીશુદ્ધ અને અખંડ રાખવા બનતું બધું જ કરી છૂટો. રાષ્ટની એકતાને અકબંધ રાખવા, સ્વાર્થ, સત્તાલાલસા ને સંપત્તિના સંગ્રહના શોખની આહુતિ આપો; તથા રાષ્ટ્રની સ્વતંત્રતાને સાચવી રાખવા, સર્વોત્તમતાની સિદ્ધિ ને સુરક્ષા કરવા, તેમજ સંસ્કૃતિને સર્વોપયોગી બનાવવા, ભરચક, પાર વિનાના પ્રયાસ કરો.

ભારત ભવ્ય છે, ને ભવ્યાતિભવ્ય બને તેવી મહેનત કરો. ભારત સ્વતંત્ર છે, ને સ્વતંત્ર જ રહે તથા સમૃદ્ધ બને તેવો પરિશ્રમ કરો. ભારત એક છે, અખંડ અને અવિભાજ્ય છે; એ એક, અખંડ અને અવિભાજ્ય રહે એવી આરાધના કરો. ઉત્તરમાં હિમગિરિનાં સુંદર શૃંગ છે, ને દક્ષિણમાં, પૂર્વમાં તથા પશ્ચિમમાં સીમારહિત સાગર. ઈતિહાસ ને ભૂગોળથી એ એક છે, અને એક છે એની વચ્ચે વસનારી મહાપ્રજાના મનોરથ તેમજ મહા પ્રયત્ન. ભાષા ભિન્ન છતાં ભાવોની અભિન્નતા, પહેરવેશ પૃથક્ પણ પ્રાણના પડછંદાની અપૃથકતા. એક જ માતાનાં સંતાન. રીવાજ જુદા જુદા, પરંતુ રંગ એક છે. એક છે એની સંસ્કૃતિ, એક છે એની સાધના, ને સિદ્ધિ પણ એની એક જ છે : સર્વહિત કે સર્વમંગલ.

આખી અવનીના સૂત્રધાર એક જ છે. એ સત્યનો સાક્ષાત્કાર કરવા રાષ્ટ્રીય એકતાની અનુભૂતિ આવશ્યક છે. એમ માનીને કવિ સંદેશ સંભળાવે છે કે રાષ્ટ્રની એકતાને અકબંધ રાખવા બનતું બધું જ કરી છૂટો, ઓ મારા સુમધુર ગીતો ! અવનીના આત્માની એકતાનું જયગાન કરવા બનતું બધું જ કરી છૂટો !

* * * * *

## ૯૫. દેવોના પરમપ્રિય દેશ

દેવોના પરમપ્રિય દેશ !

તારું અસ્તિત્વ આખી અવનીને માટે આવશ્યક અથવા અનેરા આશીર્વાદરૂપ છે. તારો જન્મ જગતમાં જેમતેમ જીવી જવા સારું નથી થયો, જગતને જીવાડવા માટે થયો છે. તારી સાધના સમસ્ત સૃષ્ટિને સારું સુખકારક છે. એ વાતની આજથી નહિ, તારા દેવદુર્લભ અંતર પર આંખ ખોલી ત્યારથી મને ખાતરી છે.

દેવોના પરમપ્રિય દેશ !

સંસ્કૃતિના સર્વોત્તમ શિખરને સર કરીને સંસારમાં સુધાસીંચન કરવાના પ્રયાસ તેં કરી જોયા. પરંતુ એક દિવસ તારી જ શોભા હણાઈ ગઈ. તું બંદી બન્યો, દુઃખી ને દરિદ્ર થયો, અને આપત્તિનો શિકાર થઈને થાકી ગયો. અંધારમાં તારું તન ને મન અટવાઈ ગયું, ને જીવન જ્યોતિહીન, નીરસ ને નિરાનંદ થયું.

દેવોના પરમપ્રિય દેશ !

સમય ક્યાં બેસી રહે છે ? કરમાયલા કમળ ખીલી ઊઠ્યાં, પંખી કિલ્લોલી ઊઠ્યાં, સૂર્યના સહસ્ર સહસ્ર સોનેરી રશ્મિ સર્વ સ્થળે ફરી વળ્યાં તથા તારાં તિમિર પણ છેવટે ટળ્યાં. આજે તું અવનીનું આકર્ષણ બનીને ફરીવાર બેઠો થયો છે. તારો શાંતિ, સ્વતંત્રતા તથા સર્વની સુખકારીનો સુષુપ્ત, સનાતન સંદેશ ફરી વહેતો થયો છે. તારો રંગ બદલાઈ ગયો છે ! તારા આરાધક તને આલોકિત કરવા, આનંદ ધરવા અને અવનીમાં અજોડ બનાવવા આરાધે છે, અને આકાશ-પાતાળ એક કરે છે. જેને માટે તારો જન્મ અને તારું અમુલખ અસ્તિત્વ છે, તે હેતુની સિદ્ધિનો સૂર્યોદય હવે શરૂ થયો છે; એ આરાધનાનો આખરે આરંભ થયો છે. એને અવલોકીને અનેકનો ભ્રમ તથા ભય ભાંગી ગયો છે.

દેવોના પરમપ્રિય દેશ !

સંજોગો સાનુકૂળ છે ને પૂજારી પ્રામાણિક. પૂજાની સામગ્રી પણ પાર વિનાની ને સમય પણ પૂરતો છે. પ્રતિકૂળતાને પાર કરીને, દુઃખ, દર્દ, દીનતા ને દ્વેષના દાવાનલને દફનાવીને તથા અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને સુખ, સમૃદ્ધિ, શાંતિ ને સર્વમંગલના સિંહાસન પર આસીન થા. પૃથ્વીને પીયૂષ પા, મનુકુળને મધુમય કરવાના મહાકાર્યમાં લાગી જા ! તે માટે જ તારો જન્મ થયો છે અને એ માટે જ તું આજ લગી જીવતો રહ્યો છે. તારા મહાકાર્યમાં, તારી અનવરત, અક્ષય આરાધનામાં મારો આશીર્વાદ છે; સહકાર તેમજ સાથ છે. તું સફળ થઈશ એવો મારો વિશ્વાસ છે.

* * * * *

## ૯૬. છેલ્લો સંદેશો

સૃષ્ટિને સંદેશો સંભળાવવાનો સમય છે ત્યારે સંભળાવવા દો કે સંપ, સેવાભાવ, સહકાર તથા શાંતિ સાથે રહેવામાં જ મંગલ છે. વેર, ભેદ ને શોષણના સિદ્ધાંત પર પોતાના સામ્રાજ્યના પાયા ચણનારી પ્રજા પ્રબળ નથી થઈ શકતી. ને થઈ જાય તો પણ, પ્રેરણાસ્પદ અને અમર નથી બની શકતી. શોણિતના સીંચનથી સમૃદ્ધ સામ્રાજ્યનો આખરે અસ્ત થાય છે અને એ રીતે અસ્ત થાય છે કે કોઈને એના અણુની ઉપલબ્ધિયે નથી થઈ શકતી.

સૃષ્ટિને સંદેશો સંભળાવવાનો સમય છે ત્યારે સંભળાવવા દો કે વિપ્લવ નહિ પરંતુ વિવેકપૂર્વકની વાટાઘાટ, દુશ્મનાવટ નહિ પણ દયાભાવ, અસત્ય નહિ પરંતુ સત્ય, સ્વચ્છંદ નહિ પણ સમજ સાથેનો સંયમ, દાનવતા નહિ પણ માનવતા, ઘર્ષણ નહિ પરંતુ પ્રેમનું વર્ષણ, આતંક નહિ પણ અનુકંપા, તથા તિરસ્કાર નહિ પરંતુ પ્રેમનો પુરસ્કાર જ સ્થાયી ઠરે છે, સફળ નીવડે છે, ક્રાંતિ કરે છે, સંસ્કૃતિ સર્જે છે, ને સુખ શાંતિ, સમૃદ્ધિ અને અમૃત આપે છે. માનવની માનવતાની માવજત કરનારી સચ્ચાઈ જ સર્વોત્તમ ઠરે છે, ને દાનવતાની દુર્ગંધ પોષનારી પ્રજા આખરે પતન પામે છે.

વિજ્ઞાનના આ વિકસતા વખતમાં, સૃષ્ટિને સંદેશો સંભળાવવાનો સમય છે ત્યારે સંભળાવવા દો કે વિજ્ઞાન મારક નહિ પરંતુ તારક બને એ માટે માનવજાતિ ઝંખી રહી છે. અનાચાર, અત્યાચાર, દુઃખ, દર્દ ને દુર્ભિક્ષના દુર્દિનથી દાઝેલી દુનિયા એની પાસેથી આશા રાખે છે કે એની આફતનો અંત આણે, એની કારમી કંગાલિયતને કાપી નાંખે. અત્યાચાર અને આંતકગ્રસ્ત અવની એની પાસેથી આશા રાખે છે કે એના અંગને અને આત્માને એ સંહારનાં શસ્ત્રોના સંશોધન ને પ્રયોગોથી અશાંત ના કરે, અશુદ્ધિથી ના ભરે, અને એના રહ્યાસહ્યા રસ કે કસને ના હરે.


સૃષ્ટિને સંદેશો સંભળાવવાનો સમય છે ત્યારે સંભળાવવા દો કે સૃષ્ટિ સો અથવા સહસ્ત્ર નહિ પણ એક છે. અવની અખંડ છે. એમાં એક જ પરમાત્માનો પ્રકાશ પ્રેમ છે, પરમાનંદ છે. એની અનેકતામાં ઓતપ્રોત એવી એકતાને આંખ આગળથી અળગી ના થવા દો. વિસંવાદમાં વાસ કરનારને સંવાદની શિક્ષા તથા દીક્ષા દો; અને એકમેકને માટે આશીર્વાદરૂપ થઈને આ અવનીને અમૃતમય કરવા માટે સૌની સાધના સમજ, સંપત્તિ, શક્તિ, સામગ્રી તથા સૌના સમયનું સમર્પણ હો !

* * * * *

**સમાપ્ત**

* * * * *

**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



**( ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪ )**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*